અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૯ ઓક્ટોબર ૨૦૨૪, બુધવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, આસો સુદ ૬ | અંક : ૧૦૦ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭33 e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886







**જમ્મુ કાશ્મીરમાં કોંગ્રેસ-NCનો વિજય**

## હરિયાણા વિધાનસભામાં જનતાએ સૈની પર ભરોસો વ્યક્ત કર્યો : વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સૈનીને આપી શુભેચ્છા : જમ્મુ-કાશ્મીરમાં ભાજપે ૨૯ બેઠકો જીતી

# હરિયાણા વિધાનસભાની ચૂંટણીમાં પ્રચંડ બહુમતી સાથે ભાજપની હેટ્રિક

। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

હરિયાણા ૨૦૨૪ વિધાનસભા ચૂંટણી માટે ૫ ઑક્ટોબરે મતદાન થયું હતું. ત્યારે આજે (૮ ઑક્ટોબર) ચૂંટણી પરિણામો જાહેર થયા છે. હરિયાણામાં પ્રચંડ બહુમતી સાથે ભાજપની હેટ્રિક જોવા મળી રહી છે. બીજી તરફ ચૂંટણી પરિણામોમાં જિંદ જિલ્લાની જુલાના બેઠક સૌથી વધુ ચર્ચામાં હતી, કારણ કે અહીંથી વિનેશ ફોગાટ ચૂંટણી લડી રહી હતી. ત્યારે હવે વિનેશ ફોગાટની ૬ હજાર મતથી જીત થઈ છે. ત્યારે હવે વડાપ્રધાન મોદી સાંજે ૭:૩૦ વાગ્યે દિલ્હીમાં ભાજપ કાર્યલય પહોંચશે. હરિયાણામાં ત્રીજી વખત વિધાનસભા ચૂંટણી જીતવા પર વડાપ્રધાન મોદી પાર્ટી કાર્યકર્તાઓને સંબોધિત કરશે. વડાપ્રધાન મોદીએ હરિયાણામાં ભાજપની જીત માટે નાયબ સૈનીને ફોન કરીને શુભેચ્છા પાઠવી છે. આ સિવાય લાડવા વિધાનસભા બેઠકથી જીત મેળવ્યા બાદ હરિયાણાના મુખ્યમંત્રી નાયબ સિંહ સૈનીનું કહેવું છે કે, 'હું પ્રમાણ પત્રલેવાજઈશઅનેપછીજ્યોતિસરમંદિરમાં ભગવાન કૃષ્ણની પૂજા કરીશ. હરિયાણાના ૨.૮૦ કરોડ લોકોએ આ સરકારને ચૂંટી છે અને અમે પીએમ મોદીના નેતૃત્વમાં આગળ વધીશું.' હરિયાણા વિધાનસભા ચૂંટણી પરિણામોના વલણમાં ભાજપને બહુમતી મળી છે. જેને લઈને ગુરુગ્રામમાં ભાજપના કાર્યકર્તાઓએ ફટાકડા ફોડીને ઉજવણી અને એકબીજાને અભિનંદન આપવાનું શરુ કર્યુ હતું. કોંગ્રેસના નેતા જયરામ રમેશે કહ્યું કે, લોકસભા ચૂંટણીની જેમ હરિયાણામાં પણ ચૂંટણી પંચ ધીમી ગતિએ ડેટા અપડેટ કરી રહ્યું છે. શું ભાજપ જૂના ડેટા અને ભ્રામક વલણો દ્વારા વહીવટીતંત્ર પર દબાણ લાવવા માંગે છે? હાલના વલણો અનુસાર હરિયાણામાં ભાજપ સતત ત્રીજી વખત સરકાર બનાવવા જઈ રહ્યું છે. હરિયાણામાં શહેરી બેઠકો પર ભાજપનો દબદબો જોવા મળી રહ્યો છે. ૩૦ શહેરી બેઠકોમાંથી ૨૧ પર ભાજપ આગળ છે. લગભગ ૭૦ ટકા શહેરી મતદારો ભાજપ



સાથે જોવા મળે છે. કોંગ્રેસ માત્ર ૭ શહેરી બેઠક પર આગળ છે. પૂર્વ મુખ્યમંત્રી અને કોંગ્રેસના ઉમેદવાર ભૂપિન્દર સિંહ હુડ્ડાનું કહેવું છે કે, 'વર્તમાન વલણ અનુસાર કોંગ્રેસ સરકાર બનાવવા જઈ રહી છે. પાર્ટી હાઈકમાન્ડ મુખ્યમંત્રીનો ચહેરો નક્કી કરશે. કોંગ્રેસ પોતાની બહુમતી લાવશે. આનો શ્રેય રાહુલ ગાંધી, મલ્લિકાર્જુન ખડગે, પાર્ટીના તમામ નેતાઓ અને હરિયાણાના લોકોને જશે.' હરિયાણામાં મત ગણતરીના પ્રારંભિક વલણો કોંગ્રેસની તરફેણમાં હતા અને પક્ષને સંપૂર્ણ બહુમતી મળી રહી હતી, પરંતુ અચાનક ચિત્ર બદલાઈ જતાં ભાજપ આગળ વધી રહ્યું છે. તેમ છતાં કુમારી શૈલજાએ હરિયાણામાં કોંગ્રેસની સરકાર બનાવવાનો દાવો કર્યો છે. અંબાલા બેઠક પરથી ભાજપના ઉમેદવાર અનિલ વિજે જણાવ્યું હતું કે, 'હરિયાણામાં ભાજપની સરકાર બની રહી છે. મુખ્યમંત્રી પદના ચહેરા પર નિર્ણય હાઈકમાન્ડ દ્વારા લેવામાં આવશે.' હરિયાણામાં મોટી ઉથલપાથલ થતી જોવા મળી રહી છે. ભાજપે પહેલીવાર બહુમતીનો આંકડો પાર કર્યો છે. હરિયાણાની તમામ ૯૦ બેઠકના વલણોમાં કોંગ્રેસની જબરદસ્ત લહેર જોવા મળી રહી છે. કોંગ્રેસને બે તૃતિયાંશ બહુમતી મળી છે. કોંગ્રેસના નેતા પવન ખેરાએ હરિયાણા અને જમ્મુ-કાશ્મીર વિધાનસભા ચૂંટણી પર કહ્યું, 'અમને વિશ્વાસ છે કે આજે અમને દિવસભર લાડુ અને જલેબી ખાવા મળશે, અમે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પણ જલેબી મોકલવાના છીએ. અમને વિશ્વાસ છે કે જમ્મુ અને કાશ્મીર અને હરિયાણામાં બહુમતી સાથે સરકાર બનાવવા જઈ રહ્યા છીએ.' હરિયાણામાં મતગણતરી વચ્ચે દિલ્હીમાં કોંગ્રેસના કાર્યકરોમાં સંભવિત જીતને લઈને ઉત્સાહ છે. કોંગ્રેસ કાર્યાલયની બહાર પાર્ટીના કાર્યકરો મીઠાઈ વહેંચી રહ્યા છે. શરુઆતના વલણોમાં કોંગ્રેસને હરિયાણામાં બહુમતી મળી છે. કોંગ્રેસને આ વખતે હરિયાણામાં બમ્પર જીતનો પૂર્ણ આત્મવિશ્વાસ હતો. શરુઆતી વલણમાં જ લીડ મળી જતાં કોંગ્રેસના કાર્યકરો ઉત્સાહમાં આવી ગયા હતા અને ઉજવણી શરુ કરી હતી. કૈથલ બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર આદિત્ય સુરજેવાલાએ ચૂંટણી પરિણામો પહેલાં દાવો કર્યો હતો કે કોંગ્રેસ આ વખતે ૭૦ બેઠકો જીતશે અને ૧૦ વર્ષના ભ્રષ્ટાચારના શાસનનો અંત આવશે. હરિયાણાના મુખ્યમંત્રી તથા ભાજપ નેતા નાયબ સૈનીએ મતગણતરી અગાઉ કહ્યું હતું કે, મને વિશ્વાસ છે કે ભાજપને જીત મળશે. અમારી સરકાર લોકોના કામ કરતી રહેશે. દરમિયાન, જમ્મુ અને કાશ્મીર ચૂંટણીમાં કોંગ્રેસ-નેશનલ કોન્ફરન્સ (NC) ગઠબંધને ૧૦ વર્ષમાં પ્રથમ વખત જમ્મુ અને કાશ્મીરમાં અડધી બેઠકો મેળવી છે. આ ગઠબંધન ૪૯ થી વધુ બેઠકો સાથે તેની મજબૂત લીડ જાળવી રહ્યું છે, જ્યારે ભાજપે અત્યાર સુધીમાં ૨૯થી વધુ બેઠકો જીતી છે. ભારે સુરક્ષા બંદોબસ્ત સાથે સવારે ૮ વાગ્યાથી મતગણતરી શરૂ થઈ હતી. જો કે અહીં ભાજપને હારનો સામનો કરવો પડી રહ્યો છે. પરંતુ તેમ છતાં ભાજપ પાસે ખુશ થવાનું કારણ છે. કોંગ્રેસ-નેશનલ કોન્ફરન્સ ગઠબંધન કરતાં ભાજપ પાસે વધુ મત ટકાવારી છે. ભાજપને ૨૫.૬૬ ટકા મત મળ્યા છે. જ્યારે નેશનલ કોન્ફરન્સને ૨૩.૪૪ ટકા વોટ મળ્યા છે. કોંગ્રેસની વાત કરીએ તો અહીં કોંગ્રેસને ૧૧.૯૫ ટકા મત મળ્યા છે. આ સંદર્ભમાં ભાજપને ખુશ થવાનું કારણ મળ્યું છે. જમ્મુ અને કાશ્મીરમાં૧૦ વર્ષ બાદ ૧૮મી સપ્ટેમ્બર, ૨૫મી સપ્ટેમ્બર અને પહેલી ઓક્ટોબરે ત્રણ તબક્કામાં ૯૦ વિધાનસભા મતવિસ્તારો માટે વિધાનસભા ચૂંટણી યોજાઈ હતી.

**હરિયાણાના ચૂંટણી પરિણામ**

| | |
|---|---|
| કોંગ્રેસ | ૩૬ |
| ભાજપ | ૪૯ |
| INLD | ૨ |
| OTH | ૩ |
| કુલ બેઠક | ૯૦ |

**જમ્મુ કાશ્મીરના ચૂંટણી પરિણામ**

| | |
|---|---|
| ભાજપ | ૨૯ |
| કોંગ્રેસ + | ૪૮ |
| PDP | ૩ |
| OTH | ૭ |
| કુલ બેઠક | ૯૦ |

### ભાજપના ઉમેદવાર યોગેશ બૈરાગીને ટક્કર આપી મેળવી જીત

## પૂર્વ રેસલર વિનેશ ફોગાટે જુલાના બેઠક પરથી ૬૦૦૦ મતોની બહુમતી સાથે જીત હાંસલ કરી

। (એજન્સી) હરિયાણા, તા.૮ ।

હરિયાણા વિધાનસભા ચૂંટણીમાં હાલમાં જ રાજકારણમાં જોડાનારી પૂર્વ રેસલર વિનેશ ફોગાટે જુલાના બેઠક પરથી ૬૦૦૦ મતોની બહુમતી સાથે જીત હાંસલ કરી છે. કોંગ્રેસે વિનેશ ફોગાટને અત્યંત જટિલ બેઠક પરથી ઉમેદવાર બનાવી હતી. જુલાના બેઠક પરથી ફોગાટ પૂર્વ આર્મી કેપ્ટન અને ભાજપના ઉમેદવાર યોગેશ બૈરાગીને ટક્કર આપી રહી હતી. બૈરાગીને ૬૦૦૦ મતોની સરસાઈથી ધોબીપછાડ આપ્યો છે. આ સિવાય જુલાના બેઠક પરથી જેજેપી તરફથી ઉમેદવાર અમરજીત ધંડા, અને આપની રેસલર કવિતા દલાલે ચૂંટણી લડી હતી. ગત વખતે કોંગ્રેસ આ બેઠક પર ૧૨ ટકા મત સાથે ત્રીજા ક્રમે હતી. જેજેપીના અમરજીત ધાંડા આ સીટ પરથી ચૂંટણી જીત્યા હતા. એક વાત વિનેશ ફોગાટની તરફેણમાં જઈ શકે છે અને તે એ છે કે જેજેપી આ ક્ષેત્રમાં નબળી પડી રહી છે. જેજેપીના મતદારો ભાજપની વિરુદ્ધના મતદારો હતા, તેથી વિનેશ માટે જીતનો માર્ગ સરળ બન્યો હતો.



### ઓમર અબ્દુલ્લા જમ્મુ-કાશ્મીરના મુખ્યમંત્રી બનશે

## નેશનલ કોન્ફરન્સના નેતા ડો. ફારૂક અબ્દુલ્લાનું મોટું એલાન

। (એજન્સી) જમ્મુ-કાશ્મીર, તા.૮ ।

જમ્મુ કાશ્મીરમાં એક દાયકા બાદ વિધાનસભા ચૂંટણી યોજાઈ છે. એવામાં જમ્મુ-કાશ્મીર વિધાનસભા ચૂંટણીના પરિણામો પણ દેશ માટે ખાસ છે. જો કે, ભાજપ પણ અહીં શક્તિશાળી પક્ષ તરીકે ઉભરી આવ્યું છે. જમ્મુ-કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ બડગામ બેઠક પરથી જીત નોંધાવી છે. ત્યારે આ વચ્ચે હવે નેશનલ કોન્ફરન્સના નેતા ડો. ફારૂક અબ્દુલ્લાએ મોટું એલાન કરતા કહ્યું કે, ઓમર અબ્દુલ્લા જમ્મુ-કાશ્મીરના મુખ્યમંત્રી બનશે. ફારૂક અબ્દુલ્લાએ આગળ કહ્યું કે, 'લોકોએ પોતાનો નિર્ણય સંભળાવી દીધો છે. જમ્મુ-કાશ્મીરની સમસ્યાઓનો ઉકેલ લાવવાનો છે. હું તમામ લોકોનો આભારી છું કે, લોકોએ ચૂંટણીમાં ભાગ લીધો. અલ્લાહનો આભાર છે કે, પરિણામ તમારી સામે છે. ઓમર અબ્દુલ્લા જમ્મુ-કાશ્મીરના મુખ્યમંત્રી બનશે.' બડગામ બેઠક પર ૫૮.૯૭% મતદાન થયું હતું. આ બેઠક ૧૯૭૭થી નેશનલ કોન્ફરન્સનો ગઢ છે.



## દિલ્હીના પર્યાવરણ મંત્રી ગોપાલ રાયે પ્રદૂષણ સામે લડવા માટે અભિયાન શરૂ કર્યું

। નવી દિલ્હી, તા.૮ ।

દિલ્હીમાં વધતા પ્રદૂષણને રોકવા માટે, દિલ્હી સરકારે ૭ ઓક્ટોબરથી ધૂળ વિરોધી અભિયાન શરૂ કર્યું છે, જે ૭ નવેમ્બર સુધી ચાલશે. આ અભિયાનની શરૂઆત કરવા માટે, દિલ્હીના પર્યાવરણ પ્રધાન ગોપાલ રાય પોતે રસ્તા પર ઉતર્યા અને કાલીબારી રોડ નજીક એક બાંધકામ સ્થળનું નિરીક્ષણ કર્યું. પર્યાવરણ મંત્રી ગોપાલ રાયે એક બાંધકામ સ્થળને નોટિસ જારી કરી અને નિયમોનું ઉલ્લંઘન કરતા જણાયા બાદ ૫ લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો. ગોપાલ રાયે કહ્યું કે દિલ્હીમાં શિયાળા દરમિયાન પ્રદૂષણને રોકવા માટે, દિલ્હી સરકારે ૧૪ મુદ્દાઓનો વિન્ટર એક્શન પ્લાન જારી કર્યો છે. આ અંતર્ગત સ્ટબલ ઓગળવા માટે દિલ્હીમાં બાયો-ડીકમ્પો ઝર સોલ્યુશનનો છંટકાવ શરૂ કરવામાં આવ્યો છે.

### એમ્બ્યુલન્સે બચાવ્યો પ્રસૂતાનો જીવ

## છોટાઉદેપુરના તુરખેડાની ઘટનાને લઈ સરકાર જાગી

। (એજન્સી) છોટા ઉદેપુર, તા.૮ ।

છોટા ઉદેપુર જિલ્લાના તુરખેડામાં પહેલી ઓક્ટોબરના રોજ એક મહિલાનું બોરીમાં લઈ જતી વખતે બાળકને જન્મ આપતા મૃત્યુ થયું હતું. મીડિયામાં આ ઘટના પ્રકાશમાં આવ્યા બાદ હાઈકોર્ટે સુઓ મોટુ સંજ્ઞાન લીધું હતું. હાઈકોર્ટે કહ્યું હતું કે આ સમાચાર વાંચીને આપણું માથું શરમથી ઝુકી જાય છે, જે બાદ સરકારે તાત્કાલિક રૂ.૧૮.૫૦ કરોડના ખર્ચે ૯ કિલોમીટરનો રોડ મંજૂર કર્યો હતો. ત્યારબાદ ગઈકાલે તુરખેડામાં બનેલી આ ઘટના બાદ આ આંકડો ૧૭ વર્ષમાં પ્રથમ વખત ૧૦૮ પર પહોંચ્યો જ્યારે ગર્ભવતી મહિલાને ફરીથી દુખાવો થવા લાગ્યો. ૧૦૮ લઈ જતી મહિલાને રસ્તામાં જ પ્રસૂતિની પીડા શરૂ થતાં તેણે પુત્રીને જન્મ આપ્યો હતો. જેના કારણે ગ્રામજનોમાં ખુશી જોવા મળી રહી છે. ઉલ્લેખનીય છે કે રાજ્યમાં ૨૯ ઓગસ્ટ ૨૦૦૭ના રોજ ૧૦૮ ઈમરજન્સી સેવા શરૂ કરવામાં આવી હતી. ફરી તુરખેડાના બાસ્કરીયા ફળિયાની સગર્ભા મહિલાને પ્રસુતિ થતાં તેને બપોરે ગોફણમાં નાખીને ગામની બહાર મંદિરે ૩ કિલોમીટર દૂર લઈ જવામાં આવી હતી. કારણ કે, ત્યાં સુધી કોઈ વાહન આવી શકશે નહીં. ૧૦૮ પર ફોન કર્યા બાદ ૧૦૮ ૧૭ વર્ષમાં પ્રથમ વખત તુર્કેડા પહોંચ્યો હતો. ઉલ્લેખનીય છે કે, આ જ સમયે કડીપાણી આરોગ્ય કેન્દ્રની એમ્બ્યુલન્સ પણ પ્રથમ વખત સર્વે માટે ગઈ હતી. ત્યારબાદ મહિલાને પહેલા એમ્બ્યુલન્સમાં લઈ જવામાં આવી હતી. ત્યાં સુધીમાં ૧૦૮ પહોંચી હતી અને મહિલાને ૧૦૮માં ખસેડવામાં આવી હતી.

## જમ્મુ-કાશ્મીર: આતંકી હુમલામાં પિતા- કાકા ગુમાવનારી શગુન પરિહારે જીતી ચૂંટણી

। (એજન્સી) જમ્મુ કાશ્મીર, તા.૮ ।

જમ્મુ-કાશ્મીરમાં ૧૦ વર્ષ બાદ વિધાનસભા ચૂંટણી યોજાઈ છે. જમ્મુ-કાશ્મીરમાં અનેક સીટની ચર્ચા થઈ રહી છે. કેન્દ્રની સત્તાધારી ભાજપે કિશ્તવાડ સીટથી આતંકી હુમલામાં પિતા-કાકા ગુમાવનારી શગુન પરિહારને મેદાનમાં ઉતારી હતી. પ્રથમ વખત ચૂંટણી મેદાનમાં ઉતરેલી શગુને જીત નોંધાવી હતી. તેણે નેશનલ કોન્ફરન્સના ઉમેદવાર સજ્જાદ અહેમદને ૫૨૧ વોટથી હરાવ્યા હતા.શગુન ભાજપના દિગ્ગજ નેતા રહેલા અનિલ પરિહારની ભત્રીજી છે. અનિલ જમ્મુ કાશ્મીરમાં ભાજપના સચિવ હતા. નવેમ્બર ૨૦૧૮માં કિશ્તવાડમાં આતંકીએ શગુનના પિતા અજીત પરિહાર અને કાકા અનિલ પરિહારની હત્યા કરી હતી. ડોડા જિલ્લામાં ચૂંટણી રેલીને સંબોધતા પીએમ મોદીએ કિશ્તવાડની ઉમેદવાર શગુન પરિહારનો ઉલ્લેખ કર્યો હતો. પીએમે કહ્યુ હતું કે, ભાજપે આતંકવાદનો શિકાર બનેલી પુત્રીને ટિકિટ આપી છે. શગુન માત્ર પાર્ટીની ઉમેદવાર જ નથી પરંતુ આતંકવાદને ખતમ કરવાના ભાજપના ઈરાદાની જીવતી જાગતી તસવીર છે. કિશ્તવાડ સીટથી ભાજપની શગુન પરિહારનો મુકાબલો નેશનલ કોન્ફરન્સના સજ્જાદ અહેમદ કિચલૂ અને પીડીપીના ફિરદૌસ અહમદ ટાક સાથે રહ્યો. ૨૦૧૪ની ચૂંટણીમાં અહીંયા ભાજપના સુનીલ કુમાર શર્માને સફળતા મળી હતી. સુનીલે નેશનલ કોન્ફરન્સના ઉમેદવાદ સજ્જાદ અહેમદ કિચલૂને ૨૮૫૨ વોટથી હરાવ્યા હતા. હવ શગુન પરિહારે નેશનલ કોન્ફરન્સના સજ્જાદ અહેમદ કિચલૂને ૫૨૧ મતથી હરાવ્યા હતા.

## રાજનાથ સિંહે 'DefConnect 4.0' કાર્યક્રમનું ઉદ્દ્ઘાટન કર્યું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

કેન્દ્રીય સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે સોમવારે દિલ્હીમાં એક કાર્યક્રમમાં 'DefConnect 4.0' નું ઉદ્દ્ઘાટન કર્યું હતું, જે દરમિયાન તેમણે આ કાર્યક્રમને સંબોધિત કર્યો હતો, જેમાં સશસ્ત્ર દળો, સંરક્ષણ જાહેર ક્ષેત્રના ઉપક્રમો, સંશોધકો અને નીતિ નિર્માતાઓએ સ્વદેશી નવીનતા અંગે ચર્ચા કરવા વિશે વાત કરી હતી. તેમણે કહ્યું કે આપણે એવા યુગમાં જીવી રહ્યા છીએ જ્યાં આપણે વિશ્વને વૈશ્વિક ગામ તરીકે સંબોધીએ છીએ. જ્યાં આપણને લાગે છે કે હવે લોકો વચ્ચેનું અંતર ઘટી ગયું છે. આમ કહીએ તો આપણે ઈન્ફોર્મેશન ટેક્નોલોજીના યુગમાં જીવી રહ્યા છીએ, જ્યાં હજારો કિલોમીટર દૂર બેઠેલી વ્યક્તિની માહિતી સેકન્ડમાં આપણા સુધી પહોંચી જાય છે. DefConnect વિશે વધુ વિગતવાર માહિતી આપતાં તેમણે કહ્યું કે આ નામની આ ઘટના સતત આગળ વધી રહી છે. જ્યારે ભારતની રાષ્ટ્રીય સુરક્ષાની વાત આવે છે, ત્યારે સંરક્ષણ ઈકોસિસ્ટમ સાથે સંકળાયેલા તમામ હિતધારકો વચ્ચે મજબૂત જોડાણ હોવું ખૂબ જ મહત્વપૂર્ણ બની જાય છે. જ્યારે આપણે તમામ હિતધારકોને જોડીશું, ત્યારે આપણું સંરક્ષણ ઈકોસિસ્ટમ ચોક્કસપણે મજબૂત બનશે. આ જોડાણ માટે, ભારત સરકાર આ તમામ યોજનાઓના અમલીકરણ પર ધ્યાન આપી રહી છે. વધુમાં તેમણે કહ્યું કે ૨૦૧૪માં અમારી પહેલી સરકાર આવ્યા બાદ તરત જ વડાપ્રધાન મોદીએ 'આત્મનિર્ભરતા'નો નારો આપ્યો હતો, આ જોડાણ પાછળ વડાપ્રધાનનો 'આત્મનિર્ભરતા'નો મંત્ર કામ કરતો હતો. સરકારે સંરક્ષણ ક્ષેત્રમાં ખાનગી ક્ષેત્રની ભાગીદારીના અભાવને આત્મનિર્ભરતા હાંસલ કરવાના માર્ગમાં મોટો અવરોધ ગણ્યો અને તેના પર કામ કરવાનું શરૂ કર્યું.

## SG હાઈવે અને શહેરની હદના રસ્તા પર ભારે વાહનો પર પ્રતિબંધ નિયમની ઘોર અવગણના



। (એજન્સી) અમદાવાદ, તા.૮ ।

શહેરની હદ અને એસજી હાઈવે પર નિશ્ચિત સમય માટે ભારે વાહનો પર પ્રતિબંધ મૂકાયો છે. શહેરમાં ટ્રાફિક સમસ્યા દૂર કરવા અને ગંભીર અકસ્માતનું જોખમ ટાળવા વહીવટીતંત્ર દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો છે. પરંતુ તાજેતરની સ્થિતિ જોતાં લાગે છે કે ભારે વાહનો પરના પ્રતિબંધ નિયમનું ઘોર ઉલ્લંઘન થઈ રહ્યું છે. પ્રતિબંધ છતાં દિવસ દરમ્યાન ડમ્પર, લકઝરી સહિતના વાહનોની અવર-જવર જોવા મળે છે. હાલમાં નવરાત્રિનો માહોલ છે ત્યારે બેરોકટોક પ્રવેશ કરતાં ભારે વાહનોના કારણે ખેલૈયાઓને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. મહત્વનું છે કે શહેરની હદ તેમજ એસજી હાઈવે પર ભારે વાહનોના પ્રવેશ માટે નિશ્ચિત સમય આપવામાં આવ્યો છે. સામાન્ય રીતે ભારે વાહનોને હાઈવે પર અને શહેરની હદમાં મોડી રાતે પ્રવેશની મંજૂરી મળી છે. તે મુજબ વાહનો રાત્રે ૧૧ વાગ્યા બાદ અને સવારે ૮ વાગ્યા સુધીમાં જ શહેરમાં પ્રવેશ કરી શકે છે. શહેરની હદમાં તમામ રસ્તાઓ અને દિવસ અને રાતે ધમધમતો એવા એસજી હાઈવે પર દિવસ દરમ્યાન ભારે વાહનો પ્રવેશી રહ્યા છે. ટ્રાફિક નિયમ મુજબ તમામ રસ્તા પર સવારે ૮ વાગ્યાથી રાત્રે ૧૧ વાગ્યા સુધી ભારે તેમજ અતિભારે વાહનો એટલે કે દિવસ દરમિયાન ડમ્પર, લકઝરી સહિતનાં વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ છે. છતાં હાલમાં નવરાત્રિના તહેવારના સમયમાં ટ્રાફિક નિયમનું સરેઆમ ઉલ્લંઘન થઈ રહ્યું છે. ભારે વાહનો પરના પ્રતિબંધને કોઈ ગણતું નથી. આખા દિવસ દરમિયાન ડમ્પર, લકઝરી સહિતનાં ભારે વાહનો બેરોકટોક પ્રવેશ કરતાં નવરાત્રિમાં એસજી હાઈવે પર આવતાં ખેલૈયાઓએ કલાકો સુધી ટ્રાફિકજામમાં ફસાવવું પડે છે. શું ટ્રાફિક પોલીસને આ ભારે વાહન નથી દેખાતાં. તેઓ કેમ તેના વિરુદ્ધ કાર્યવાહી નથી કરતા. આ મુદ્દે ટ્રાફિક પોલીસનું કહેવું છે કે, પ્રતિબંધિત સમયમાં વધુ જરૂરિયાત માટે ડમ્પરને શહેરમાં ફરવા મંજૂરી આપી છે પણ આવા કેટલાં વાહનને મંજૂરી છે તેનો કોઈ ચોક્કસ આંકડો અમારી પાસે આવ્યો નથી. કે નથી એવી માહિતી કે કયા-કયા ભારે વાહનોને શહેરની હદ અને હાઈવે પર પ્રવેશ મળશે.

### વાયબ્રન્ટ નવરાત્રી મહોત્સવ ૨૦૨૪માં ગરબા અને સરસ મેળાનું બેવડું આકર્ષણ

# નવરાત્રી દરમિયાન દિવાળીનું શોપિંગ કરી સ્વ સહાય જૂથોની બહેનોને મદદરૂપ થવાની શહેરીજનો પાસે તક

### અત્યાર સુધી ૧૮ કરોડ ૧૯ લાખની રોકડ, ૧ કિલો સોનું, ૬૬ મોબાઇલ સહિત મુદ્દામાલ પણ કબજે કરાયો

। (માહિતી) અમદાવાદ, તા.૮ ।

અમદાવાદના નાગરિકો માટે 'શક્તિની ભક્તિ' એવા નવરાત્રીના તહેવારમાં ગરબાની સાથે દિવાળીની ખરીદીનો પણ સુખદ સમન્વય રચાયો છે. શહેરના હેલ્મેટ ચાર રસ્તા નજીક આવેલા ગુજરાત યુનિવર્સિટી ગ્રાઉન્ડ ખાતે આયોજિત 'વાઈબ્રન્ટ નવરાત્રી મહોત્સવ ૨૦૨૪'માં ગરબાની રમઝટ સાથે 'સરસ મેળા' સ્વરૂપે વધુ એક આકર્ષણ ઉમેરાયું છે. અહીં ગુજરાત લાઈવલીહુડ પ્રોમોશન કંપની દ્વારા ખાસ 'થીમ પેવેલિયન' ઉભું કરવામાં આવ્યું છે, જ્યાં રાજ્યભરમાંથી આવતા સ્વ સહાય જૂથો/ સખી મંડળની મહિલાઓ દ્વારા નિર્મિત કલાત્મક ચીજવસ્તુઓનું પ્રદર્શન અને વેચાણ કરવામાં આવી રહ્યું છે. તા. ૧૧/૧૦/૨૦૨૪ સુધી ચાલનાર આ સરસ



મેળામાં કુલ ૨૨ સ્ટોલ્સ બનાવવામાં આવ્યા છે. જ્યાં ગુજરાત રાજ્યના વિવિધ જિલ્લાના ગ્રામીણ વિસ્તારના સખીમંડળો દ્વારા તેમના ઉત્પાદનોનું પ્રદર્શન અને વેચાણ કરવામાં આવી રહ્યું છે.

આ ઉપરાંત મુલાકાતીઓ સરસ મેળાની યાદગીરી સાથે લઈ જઈ શકે તે માટે બે ખાસ ફોટો કોર્નર્સ પણ ઉભા કરવામાં આવ્યા છે. સરસ મેળાની ઓળખ સમુ "I Love Saras" ફોટોબૂથ ખાસ આકર્ષણ ધરાવે છે. હસ્તકલા અને વિવિધ માળખા સાથે પારંપારિક કાપડની સજાવટ સાથેના આ પેવેલિયનમાં ગુજરાત રાજ્યની કલાકૃતિઓનું પ્રદર્શન કરવામાં આવ્યું છે. અહીં કેન્દ્ર અને રાજ્ય સરકાર તથા ગુજરાત લાઈવલીહુડ પ્રોમોશન કંપની દ્વારા હાથ ધરાતી વિવિધ કામગીરી તથા પોલિસી વિશે મુલાકાતીઓને માહિતી મળે તે માટે પેનલ ડીસ્પ્લે તથા એલઈડી સ્કિન મુકવામાં આવી છે. આધુનિક ઢબે ટચ સ્ક્રીન કિઓસ્ક થકી મુલાકાતીઓને વિવિધ ઉત્પાદનો અને સખી મંડળો તેમજ તેમના દ્વારા બનાવવામાં આવતી વિવિધ પ્રોડક્ટ્સ અંગેની માહિતી ઉપલબ્ધ કરાવવામાં આવી છે. આ પેવિલિયન હસ્તકલા અને સ્થાપત્યો સાથે વધુ આકર્ષક બનાવવામાં આવ્યું છે.

### બે મહિનાની સખત પ્રેક્ટિસ બાદ યુવકો આ રાસ રજૂ કરે છે

# જામનગરમાં યુવાનો દ્વારા સળગતા અંગારા પર ગરબા તથા મશાલ રાસ આકર્ષણનું કેન્દ્ર

### રણજિતનગરમાં પટેલ સમાજના ચોકની ગરબીના તલવારરાસ જોવા લોકો ઉમટે છે



। (એજન્સી) જામનગર, તા.૮ ।

હાલ નવરાત્રી ચાલી રહી છે ત્યારે સૌરાષ્ટ્રના અનેક વિસ્તારોમાં પરંપરાગત ગરબીઓની આકર્ષણ આજે પણ અકબંધ રહ્યું છે. જામનગરના રણજિતનગરમાં પટેલ સમાજના ચોકમાં છેલ્લાં ૭૩ વર્ષથી પટેલ યુવક ગરબી મંડળ દ્વારા નવરાત્રિ પર્વની ઉજવણી કરવામાં આવે છે, જેમાં યુવકો દ્વારા રજૂ થતા તલવારરાસ અને મશાલરાસ લોકોમાં જબરું આકર્ષણ જમાવે છે. જામનગર શહેરમાં અલગ-અલગ વિસ્તારોમાં પ્રાચીન-અર્વાચીન ગરબીઓ દ્વારામા આદ્યશક્તિની આરાધનાનું મહાપર્વ નવરાત્રિને ભક્તિભાવ સાથે ઉત્સાહભર્યા માહોલમાં ઊજવાઈ રહ્યું છે. શહેરમાં છેલ્લાં ૭૩ વર્ષથી યોજાતા મશાલરાસ અને તલવારરાસ દર વર્ષે શહેરીજનો માટે આકર્ષણનું કેન્દ્ર બને છે. આ રાસને નિહાળવા લોકો દૂર દૂરથી આવે છે.વિશાળ સ્ટેજ પર પરંપરાગત કેડિયું અને ચોરણીનાં વસ્ત્રો પરિધાન કરીને આ ગરબી મંડળના ખેલૈયાઓ અવનવા રાસ રમે છે, જેને નિહાળવા રાત્રે માનવ મહેરામણ ઊમટી પડે છે. રણજિતનગરમાં પટેલ યુવક મંડળ દ્વારા સરદાર પટેલ ચોકમાં ચાલતી ગરબી પોતાના વિવિધ પ્રાચીન રાસને કારણે પ્રખ્યાત છે. આ ગરબી દ્વારા સળગતા અંગારા પર મશાલરાસનું આયોજન કરાય છે. બે મહિનાની સખત પ્રેક્ટિસ બાદ યુવકો આ રાસ રજૂ કરે છે. અહીં દર વર્ષે સ્થાનિક યુવાનો વિવિધ પ્રકારના પ્રાચીન ગરબા અને રાસ રમે છે, જેમાં મશાલરાસ ખાસ આકર્ષણનું કેન્દ્ર બને છે. આ રાસમાં યુવાનો હાથમાં મશાલ રાખીને મા શક્તિની આરાધના કરે છે, એ બાદ તેઓ એક વર્તુળમાં અંગારાઓ પર નૃત્ય કરે છે. આ ગરબીમાં પરંપરા મુજબ તમામ વાજિંત્રોથી માંડીને વસ્ત્રો અને ગીતોનું ધ્યાન રખાય છે. અહીં યુવાનો દ્વારા મશાલરાસ ઉપરાંત કણબીરાસ, દાતરડારાસ, ગુલાંટરાસ, તલવારરાસ જેવા વિવિધ પ્રકારના રાસ રમવામાં આવે છે. યુવાનો ગરબીમાં આગની જ્વાળાઓ વચ્ચે ખેલૈયાઓ રાસ-ગરબાની રમઝટ બોલાવે છે. હાથમાં મશાલ અને અંગારા પર ખુલ્લા પગે રાસ રમી રહેલા આ યુવાનોને જોઈ લોકો દંગ રહી જાય છે.

### ટ્રાફીક પોલીસ કરી રહી છે આ મોટી કાર્યવાહી

# હવે હેલ્મેટ ન પહેર્યું તો તમારુ લાયસન્સ રદ થઈ શકે છે

। (એજન્સી) અમદાવાદ, તા.૮ ।

જે લોકો હેલ્મેટ વગર વાહન ચલાવે છે, મેમો આવ્યા પછી પણ તેમને કોઈ ફરક નથી પડતો. આવા લોકો સામે હવે ટ્રાફિક પોલીસે પોતાની આંખ લાલ કરી છે. ટ્રાફિક પોલીસ સતત લોકો હેલ્મેટ પહેરે અને પોતાને સુરક્ષિત રાખો તેવું નિવેદન કરતી હોય છે. તેમ છતાં પણ ઘણા લોકો એવા છે કે, તેઓ હેલ્મેટ પહેરતા જ નથી પછી ભલે તેમને મેમો ભરવો પડે.

હાઈકોર્ટ દ્વારા પણ ટ્રાફિક પોલીસને સૂચન કરવામાં આવ્યું હતું. જેના ભાગરૂપે હવે ટ્રાફિક પોલીસ જે લોકો હેલ્મેટ પહેરીને વાહન નથી ચલાવતા, સાથે જ ટ્રાફિકના નિયમોનો ભંગ કરતા હોય છે તેવા ૨ હજાર લોકોના લાયસન્સ રદ કરવાનો રિપોર્ટ આરટીઓને આપવામાં આવ્યા છે. જેમાં



સમગ્ર રાજ્યની આરટીઓમાં રિપોર્ટ કરીને વાહનચાલકોનું લાયસન્સ રદ કરવાનો રિપોર્ટ આપવામાં આવ્યો છે.

જે પણ લોકોને હેલ્મેટ ન પહેરવાના અને ટ્રાફિકના નિયમોનો ભંગ કરવાના ૬ જેટલા મેમો આપવામાં આવ્યા છે, તેવા લોકોનું લાયસન્સ બંધ કરવાનો રિપોર્ટ આરટીઓમાં કરવામાં આવ્યો છે. હાઈકોર્ટના સૂચન બાદ ટ્રાફિક પોલીસ વારંવાર નિયમોનો ભંગ કરતા વાહનચાલકોનું લાયસન્સ રદ કરવાની કાર્યવાહી કરી રહ્યું છે. જેથી લોકો સજાગ થાય, હેલ્મેટ પહેરે સાથે જ ટ્રાફિકના નિયમોનું પાલન પણ કરે. ઉલ્લેખનીય છે કે, ગત જુલાઈ મહિનામાં ૧૫૧ વાહનચાલકોના લાયસન્સને રદ કરવા માટેનો રિપોર્ટ કરવામાં આવ્યો હતો. જે પૈકી આરટીઓ દ્વારા ૩૭ વાહનચાલકોના લાયસન્સ રદ કરવામાં આવ્યા હતા. હાલ હેલ્મેટ વગર વાહન ચલાવતા ૩ થી ૪ હજાર જેટલા લોકોને રોજ મેમો આપવામાં આવી રહ્યા છે. અગામી દિવસોમાં હવે ૬ મેમોની સંખ્યામાં પણ ઘટાડો કરવામાં આવશે અને લોકો ટ્રાફિકનું પાલન કરે તે હેતુથી ટ્રાફિકનો ભંગ કરતા લોકો સામે કડક પગલા લેવામાં આવશે.

### વેસુમાં ઝંકાર નવરાત્રિનું ઉઠમણું થયું

# સુરતમાં વેસુના કોમર્શિયલ ગરબા આયોજકે ઉઠમણું કર્યું

। (એજન્સી) સુરત,તા.૮ ।

સુરતમાં વેસુના કોમર્સિયલ ગરબાના આયોજકે ઉઠમણું કર્યુ છે. સાઉન્ડ સિસ્ટમ અને મ્યુઝિકલ સિસ્ટમનો સામાન પરત લઈ જવાયો છે. રૂપિયાની ચૂકવણી કરવામાં ન આવતા મ્યુઝિકલ સિસ્ટમ પરત લઈ જવાઈ છે. ગરબા આયોજકે ઉઠમણુ કરતા હજારો લોકો ગરબા રમ્યા વગર નિરાશ થઈ પરત ફર્યા છે. સુરતેના વેસુમાં ઝંકાર નવરાત્રિનું ઉઠમણું થયું છે. તેના લીધે ખેલૈયા અટવાયા હતા. ઝંકાર નવરાત્રિનું ઉઠમણું થતાં અનેક લોકોના રૂપિયા પણ ડૂબ્યા હતાં. આ વખતની નવરાત્રિમાં ગરબા આયોજકોને વિવિધ પરકારની પરમિશનોને લઈને ભારે તકલીફ છે. ટીઆરપી ગેમ ઝોન કાંડના લીધે સરકાર આવા કોઈપણ આયોજન માટે નિયમોના અમલીકરણને લઈ ચુસ્ત બની છે તેની અસર નવરાત્રિ પર પણ વર્તાઈ રહી છે. તેમા પમ ખાસ કરીને નાના પાયે આયોજન કરનારાઓ માટે નિયમનું પાલન અત્યંત અઘરું બન્યું છે. સુરત શહેરમાં ૧૫ જેટલા કૉમર્શિયલ ગરબા આયોજકોને હજુ સુધી પરવાનગી નથી મળી. આ ગરબા આયોજકો હજુ સુધી ફાયર NOC, સ્ટ્રકચર સ્ટેબિલિટી, ઈલેક્ટ્રિક અને પાર્કિંગ સુવિધા સહિતની પરવાનગી મેળવી શક્યા નથી. હવે જો આયોજકો પોલીસ પરમિશન વગર ગરબા કરશે, તો તેમની સામે પોલીસ કાયદેસરની કાર્યવાહી કરશે. સુરતમાં ૧૫ જેટલા મોટા કોમર્શિયલ ગરબા આયોજકો છે અને ફાયર NOC, સ્ટ્રકચર સ્ટેબિલિટી, ઈલેક્ટ્રિક અને પાર્કિંગ સુવિધા સહિતની પરવાનગી આયોજકો મેળવી શક્યા નથી. વરસાદને કારણે અનેક આયોજકો સ્ટ્રકચર સ્ટેબિલિટી અને પાર્કિંગ ફેસિલિટી સહિતનો રિપોર્ટ રજૂ કરી શક્યા નથી. સુરતના તમામ કોમર્શિયલ આયોજકો સાથે પોલીસ કમિશનરે બે વખત મિટિંગ કરી ચૂક્યા છે અને તમામ નિયમો આયોજકોને પોલીસે સમજાવી જ આપ્યા છે.

## ભેદ ઉકેલાયો : સામાન્ય બોલાચાલીમાં ઘાતકી હત્યા

। (એજન્સી) સાબરકાંઠા, તા.૮ ।

ઈડરના સુદ્ધાસણા ગામે પરપ્રાંતીય શખ્સની હત્યા મામલે જાદર પોલીસે હત્યા કરનાર આરોપીની અટકાયત કરી છે. પારિવારિક સંબંધોમાં પોતાની બહેન સાથે પ્રેમ હોવાના વહેમના પગલે હત્યા કરાયાનું આરોપીએ સ્વીકાર કર્યો છે. સાથોસાથ પોલીસે આ મામલે ઘટનાનું રિકન્સ્ટ્રક્શન કરી આરોપીને જેલના સળિયા પાછળ ધકેલ્યો છે. એક તરફ બૌદ્ધિક, સામાજિક અને નૈતિકતાની વાતો છે તો બીજી તરફ દિનપ્રતિદિન કલયુગ પોતાનો પ્રભાવ વધારતો હોય તેવી ઘટનાઓ સામે આવી રહી છે. સાબરકાંઠાના ઈડરના સુદ્ધાસણા ગામે ફાર્મ હાઉસ ઉપર કલર કામના કારીગરો વચ્ચે સામાન્ય બાબતે થયેલી બોલાચાલીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું. જેમાં ઉત્તર પ્રદેશના રામપુરના મનજીતસિંહ યાદવને માથાના ભાગે ગંભીર ઈજાઓ કરી તેનું મોત થયું હતું. આ મામલે જાદર પોલીસ મથકે ગુરમેશ સિંહ સામે હત્યાનો ગુનો નોંધાયો હતો. જોકે ફરિયાદના સમયે આરોપી ફરાર હતો.

### ૯૦૦થી વધુ દબાણો કરાશે દૂર

# રાજકોટમાં આજી નદીના પટમાં મેગા ડિમોલિશન કરવામાં આવશે

### રાજકોટ વહીવટી તંત્રએ દબાણ કરનારાઓને પ્રથમ નોટિસ આપવાની કામગીરી પૂર્ણ કરી લીધી છે

। (એજન્સી) રાજકોટ, તા.૮ ।

રાજકોટમાં આજી નદીના પટને ખુલ્લો કરવાની કવાયત તંત્ર દ્વારા હાથ ધરવામાં આવશે. આજી નદીના પટમાં થયેલા ૯૦૦ થી વધુ દબાણો દૂર કરવામાં આવશે, તંત્રએ દબાણ કરનારાઓને પ્રથમ નોટિસ મોકલી છે જે બાદ તબ્ક્કાબાર બીજી નોટિસ આપ્યા બાદ ડિમોલિશનની કાર્યવાહી કરવામાં આવશે. આજી નદીના તટમાં વર્ષોથી દબાણ થઈ રહ્યુ છે. આ તમામ દબાણો હટાવી એ જગ્યા ખુલ્લી કરવામાં આવશે. રાજકોટના મેયર નયનાબેન પેઢડિયાના જણાવ્યા મુજબ આજી નદીના પટમાં થયેલા દબાણો દૂર થશે લોકોને મુશ્કેલી ના પડે તે માટે દબાણ હટાવાયા નહોતા. હવે નોટિસ આપવામાં આવી છે,જે બાદ આ કાર્યવાહી કરવામાં આવશે. આ અગાઉ રાજકોટ જિલ્લામાં ૨૦૦૦ જેટલા ધાર્મિક દબાણો દૂર કરવા માટે વહીવટી તંત્ર દ્વારા નોટિસ આપવામાં આવી છે. તંત્ર દ્વારા એક્શન પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે. અલગ અલગ ત્રણ તબક્કામાં આ કાર્યવાહી કરવામાં આવશે. હાલ તંત્ર દ્વારા નોટિસ આપવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. વૈકલ્પિક જગ્યાએ શિફ્ટ કરાયા બાદ નડતરરૂપ બાંધકામ દૂર કરવામાં આવશે.

## વિશેષ

### દેશના વડાપ્રધાન તરીકે નરેન્દ્ર મોદીએ વિકસિત ભારતના નિર્માણનો સંકલ્પ કર્યો છે

# G.T.U.મા નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ગુજરાતની ૨૩ વર્ષની વિકાસયાત્રાની સફળતાની ઉજવણી કરાઇ






। (માહિતી) અમદાવાદ, તા.૮ ।

શ્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતના ૧૪માં મુખ્યમંત્રી તરીકે તા ૭ ઓક્ટોબર, ૨૦૦૧ના દિવસે શપથ લઈને રાજ્યની વિકાસ યાત્રાની કરવટ બદલી હતી. તેઓના નેતૃત્વ અને માર્ગદર્શનમાં ગુજરાતની ૨૦૦૧થી ૨૦૨૪ સુધીની ૨૩ વર્ષની સર્વગ્રાહી વૈશ્વિક વિકાસ યાત્રાની સફળતાની ગાથામાં જનભાગીદારીને જોડીને તા. ૦૭ થી ૧૫ ઓક્ટોબર સુધી થનારા "વિકાસ સપ્તાહ"ની ઉજવણીનો એક કાર્યક્રમ આજરોજ ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીમાં યોજાયો હતો. પ્રારંભમાં કાર્યક્રમની ભૂમિકા બાંધતાં યુનિવર્સિટીના કુલસચિવ ડો.કેએન.ખેરે રાજકારણ અને રાજનીતિનો ભેદ સમજાવીને ઉત્તમ રાજનીતિજ્ઞ તરીકે કૃષ્ણનું ઉદાહરણ આપ્યું હતું. તેમજ નરેન્દ્ર મોદીએ સર્જેલા વિકાસનાં પંથની વાત કરી હતી.

કુલપતિ ડો.રાજુલ કે.ગજ્જરે સને ૨૦૦૧થી શરૂ થયેલા વિકાસના નક્કર અને રોજબરોજ દેખાતા કાર્યોનો ઉલ્લેખ કરીને તે વિકાસનો પંથ જાળવી રાખવાની અને એ વિકાસને આગળ ધપાવવા માટે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવાની અને જરૂરી સુવિધાઓ તથા તક પુરી પાડવાની જરૂરિયાત પર ભાર મુક્યો હતો. પ્રાસંગિક પ્રવચન બાદ યુનિવર્સિટીના એન.એસ.એસ.કો ઓર્ડિનેટર ડો.ભરત વાઢિયાએ સામુહિક પ્રતિજ્ઞા પઠનમાં સૌને જોડીને "ભારત વિકાસ પ્રતિજ્ઞા" લેવડાવી હતી. જેમાં દેશના વડાપ્રધાન તરીકે નરેન્દ્ર મોદીએ વિકસિત ભારતના નિર્માણનો સંકલ્પ કર્યો છે તેને સાકાર કરવામાં પોતાનું સંપૂર્ણ યોગદાન માટે મન-કર્મ-વચનથી તત્પર રહેવા સાથે દેશ માટે સમર્પિત ભાવની નીચે અનુસારની સામુહિક ભારત વિકાસ પ્રતિજ્ઞા સૌએ કરી હતી.

હું ભારતના જવાબદાર નાગરિક તરીકે પ્રતિજ્ઞા લઉં છું કે,

★ મારા જીવનની પ્રત્યેક ક્ષણે હું દેશ માટે સમર્પિત રહીશ.

★ હું સ્વનો વિચાર કરતા પહેલાં સર્વનો વિચાર કરીશ. દેશના બધા જ સંસાધનોનો ઉપયોગ યોગ્ય રીતે કરીશ. દેશના સર્વાંગી અને સમાવેશી વિકાસ માટે અવિરત કાર્યરત રહીશ.

★ હું મારા દેશના સમૃદ્ધ વારસાનું ગૌરવ કરીશ અને તેનું જતન કરીશ.

★ હું મારા દેશના બંધારણીય મૂલ્યોનું જતન કરવા સદાય પ્રયાસરત રહીશ.

★ જ્ઞાતિ, ધર્મ કે જાતિના તમામ બંધનોમાંથી મુક્ત રહી, બંધુતાની ભાવના સાથે મારા દેશને પ્રાધાન્ય આપીશ. એક ભારત, શ્રેષ્ઠ ભારતના સૂત્રને સાકાર કરવા ભારતની એકતા અને અખંડિતતા માટે સદાય પ્રતિબદ્ધ રહીશ.

★ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ જોયેલ વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરવા હું મન-વચન અને કર્મથી તત્પર રહીશ. રાષ્ટ્ર પ્રથમના મંત્રને જીવનમંત્ર બનાવી મારા દેશના વિકાસ અને કલ્યાણ માટે હું તન-મન અને ધનથી અવિરત પ્રયાસરત રહીશ.

અંતમાં આભારવિધિ

સાથે કાર્યક્રમનાં આયોજનની વિગતો શારીરિક શિક્ષણ નિયામક ડો.આકાશ ગોહિલે આપી હતી.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

**ન્યૂઝ બ્રિફ**

## હાર્દિક પંડ્યાએ તોડ્યો કિંગ કોહલીનો રેકોર્ડ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

બાંગ્લાદેશ સામે રચ્યો ઈતિહાસગ્વાલિયરમાં બાંગ્લાદેશ સામે રમાયેલી પહેલી T20માં હાર્દિક પંડ્યાએ શાનદાર ઈનિંગ રમી હતી. હાર્દિકની શાનદાર ઈનિંગના કારણે ટીમ ઈન્ડિયાએ માત્ર ૧૧.૫ ઓવરમાં એકતરફી જીત હાંસલ કરી હતી. ભારતીય ઓલરાઉન્ડરે બાંગ્લાદેશ સામેની મેચનો અંત સિક્સર સાથે કર્યો હતો. સિક્સર ફટકારીને તેણે વિરાટ કોહલીનો રેકોર્ડ તોડ્યો હતો. ન્યૂ માધવરાવ સિંધિયા ક્રિકેટ સ્ટેડિયમમાં રમાયેલી મેચમાં હાર્દિકે ટીમ ઈન્ડિયા માટે ૧૬ બોલમાં ૫ ચોગ્ગા અને ૨ છગ્ગાની મદદથી ૩૯ રન બનાવ્યા હતા. આ દરમિયાન, તેણે સિક્સ ફટકારીને ટીમ ઈન્ડિયાને જીત તરફ દોરી જેની સાથે તે એવો ખેલાડી બન્યો જેણે ટી૨૦ ઈન્ટરનેશનલમાં સૌથી વધુ વખત સિક્સ ફટકારીને ભારતને જીત અપાવી છે.

## બેંગલુરુમાં કેક ખાધા બાદ ૫ વર્ષના બાળકનું મોત થયું

। (એજન્સી) બેંગલુરુ, તા.૮ ।

બેંગલુરુમાં જન્મદિવસની કેક ખાવાથી ૫ વર્ષના બાળકનું મોત થયું છે. શહેરના ભુવનેશ્વરી નગર વિસ્તારમાં સોમવારે જન્મદિવસની કેક ખાવાથી બાળકના મોતની સાથે જ તેના માતા-પિતા પણ ICUમાં દાખલ છે. તેના માતા-પિતા બંનેની હાલત નાજુક છે. મળતી માહિતી મુજબ, બાળકના માતા-પિતા KIMS હોસ્પિટલમાં દાખલ છે. ડોકટરો અને પ્રાથમિક અહેવાલો અનુસાર બાળકના મૃત્યુ પાછળનું કારણ ફૂડ પોઈઝનિંગ છે. જોકે, માતા-પિતાની હાલત હાલ સ્થિર હોવાનું કહેવાય છે. ચાલો જાણીએ શું હતો સમગ્ર મામલો? ખરેખર, બાળકના પિતા બલરાજ ફૂડ ડિલિવરી કંપની સ્વિગીમાં કામ કરે છે. જ્યારે એક ગ્રાહકે તેનો કેક ઓર્ડર કેન્સલ કર્યો ત્યારે તે કેક પોતાના ઘરે લઈ આવ્યો. આ પછી તેણે અને તેની પત્ની અને બાળકોએ કેક કાપીને ખાધી. જે બાદ તેને ઉલ્ટી અને પેટમાં દુખાવો થવા લાગ્યો હતો. બલરાજે જણાવ્યું કે કેકની સાથે તેણે પાપડ અને કેટલાક અન્ય ખોરાક પણ ખાધા. આ બધું ખાધા પછી બધા સૂઈ ગયા. સવારે ઉઠ્યા બાદ તેઓ લગભગ ૧૦ વાગે હોસ્પિટલ પહોંચ્યા પરંતુ ત્યાં સુધીમાં બાળક (ધીરજ)નું મોત થઈ ગયું હતું. જોકે, બાળકીના મોતનું સાચું કારણ પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવ્યા બાદ જ જાણી શકાશે.માહિતી અનુસાર, બલરાજના પરિવારે ફ્રિજમાં રાખેલો વાસી ખોરાક ખાધો હતો, ત્યારબાદ તેમની તબિયત બગડી હતી. અહેવાલો અનુસાર, ખોરાક પણ થોડા દિવસો જૂનો હતો. આ મામલે તપાસ શરૂ કરવામાં આવી છે, પોલીસને ફૂડ પોઈઝનિંગની આશંકા છે. ફૂડ પોઈઝનિંગના લક્ષણો, ફૂડ પોઈઝનિંગના કિસ્સામાં, ઉલ્ટી સાથે ઝાડાનાં લક્ષણો દેખાઈ શકે છે.

### ૫૦ સિનિયર ડોકટરોએ તેમના રાજીનામા સબમિટ કર્યા

# RG કર હોસ્પિટલના ૫૦ સિનિયર ડોકટરોએ જુનિયર્સના વિરોધને સમર્થન આપવા આપ્યાં રાજીનામાં

### જુનિયર ડોકટરો છેલ્લા પાંચ દિવસથી હોસ્પિટલ સિન્ડિકેટના વિરોધમાં ભૂખ હડતાળ પર બેઠા છે

। (એજન્સી) કોલકાતા, તા.૮ ।

પશ્ચિમ બંગાળના કોલકાતાની RG કર મેડિકલ કોલેજ અને હોસ્પિટલના ૫૦ સિનિયર ડોક્ટરોએ જુનિયર ડોકટરો દ્વારા કરવામાં આવી રહેલા વિરોધના સમર્થનમાં આજે મંગળવારે રાજીનામાં આપ્યાં છે. જુનિયર ડોકટરો છેલ્લા પાંચ દિવસથી કથિત રીતે ભ્રષ્ટાચારી અને ધમકાવનારા સિન્ડિકેટના વિરોધમાં ભૂખ હડતાળ પર બેઠા છે, જેથી કેમ્પસમાં લોકશાહી અને દર્દીઓ માટે મૈત્રીપૂર્ણ સિસ્ટમ બની રહે. સોશિયલ મીડિયા પરના વીડિયોમાં ૫૦ સિનિયર ડોકટરોએ તેમના રાજીનામા સબમિટ કર્યા



ત્યારે વિદ્યાર્થીઓ તાળીઓ પાડી આ નિર્ણયને આવકાર્યો હતો. જુનિયર ડોકટરોની અન્ય માંગણીઓમાં રાજ્યની તમામ હોસ્પિટલો અને મેડિકલ કોલેજો માટે કેન્દ્રિય રેફરલ સિસ્ટમની સ્થાપના, બેડ વેકેન્સી મોનિટરિંગ સિસ્ટમનો અમલ અને સીસીટીવી, ઓન-કોલ રૂમ તેમજ તેમના કાર્યસ્થળો પર વોશરૂમ માટે આવશ્યક જોગવાઈઓ સુનિશ્ચિત કરવા માટે ટાસ્ક ફોર્સની રચનાનો સમાવેશ થાય છે. તેઓ હોસ્પિટલોમાં પોલીસ સુરક્ષા વધારવા, કાયમી મહિલા પોલીસ કર્મચારીઓની ભરતી અને ડોકટરો, નર્સો તેમજ અન્ય આરોગ્યસંભાળ કાર્યકરોની ખાલી જગ્યાઓ ઝડપથી ભરવાની પણ માંગ કરી રહ્યા છે. જુનિયર ડોકટરો પર પડેલી આ આરોગ્ય આપત્તિને ઉકેલવા અને બચાવવા માટે પ્રશાસન તરફથી કોઈ યોગ્ય પ્રતિસાદ ન મળતા આ સામૂહિક રાજીનામાનો નિર્ણય લેવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે. જુનિયર ડોકટરોનું આ આંદોલન કોલકાતામાં દુર્ગા પૂજાના ઉત્સવ દરમિયાન કરવામાં આવી રહ્યું છે.

### ચૂંટણીમાં હારનો સંકેત કોંગ્રેસ માટે નવી મુશ્કેલી લાવી રહ્યો છે

# હરિયાણામાં હાર થતાં કોંગ્રેસને સાથી પક્ષ શિવસેનાનો જ ટોણો, BJP માટે સારા સંકેત

### મહારાષ્ટ્રમાં મહાવિકાસ અઘાડી ગઠબંધન વચ્ચે સીટની વહેંચણી પર વાતચીત ચાલી રહી છે

। (એજન્સી) મુંબઇ, તા.૮ ।

હરિયાણા વિધાનસભાની ચૂંટણીમાં હારનો સંકેત કોંગ્રેસ માટે નવી મુશ્કેલી લાવી રહ્યો છે. કોંગ્રેસને હારતી જોઈને તેના સાથી પક્ષોએ પણ તેમને ટોણા મારવાનું શરૂ કરી દીધું છે. INDIA ગઠબંધનમાં કોંગ્રેસના સહયોગી શિવસેના યુબીટીના પ્રવક્તા પ્રિયંકા ચતુર્વેદીએ કહ્યું છે કે ભાજપ સાથે સીધી લડાઈમાં કોંગ્રેસ નબળી પડી જાય છે. પ્રિયંકા ચતુર્વેદીએ પણ આ પ્રસંગે ભાજપ અને તેના ચૂંટણી પ્રચારના વખાણ કર્યા હતા. પ્રિયંકા ચતુર્વેદીના આ નિવેદનનો રાજકીય



અર્થ પણ કાઢવામાં આવી રહ્યો છે. ખાસ કરીને એવા સમયે જ્યારે મહારાષ્ટ્રમાં મહાવિકાસ અઘાડી ગઠબંધન વચ્ચે સીટની વહેંચણી પર વાતચીત ચાલી રહી છે ત્યારે હરિયાણાની હારની નકારાત્મક અસરો દેખાઈ શકે છે. હરિયાણા ચૂંટણીના પ્રારંભિક વલણોમાં કોંગ્રેસે બહુમતીનો આંકડો પાર કર્યો હતો. જો કે, જેમ જેમ સમય આગળ વધતો ગયો તેમ તેમ કોંગ્રેસની લીડ ઘટવા લાગી હતી. હવે પાર્ટી હારના આરે હોય તેવું લાગી રહ્યું છે. આ પછી કોંગ્રેસ સાથી પક્ષોથી ઘેરાયેલી જોવા મળી રહી છે. પહેલો પ્રશ્ન શિવસેના (UBT)ના પ્રવક્તા પ્રિયંકા ચતુર્વેદીએ ઉઠાવ્યો હતો. એક મીડિયા ચેનલ પર હરિયાણાના પરિણામોના ટ્રેન્ડ પર વાત કરતી વખતે પ્રિયંકા ચતુર્વેદીએ કહ્યું કે ભાજપ સાથે સીધી લડાઈમાં કોંગ્રેસ નબળી પડી જાય છે. આ દરમિયાન તેમણે ભાજપના વખાણ પણ કર્યા હતા.



ચેન્નાઈના એરફોર્સ સ્ટેશન ખાતે ભારતીય વાયુસેના દિવસની ૯૨મી વર્ષગાંઠની ઉજવણી દરમિયાન ભારતીય વાયુસેનાના કર્મચારીઓ માર્ચ પાસ્ટ કરી હતી.

### ૧૦ વર્ષની લાંબી રાહ બાદ વિધાનસભાની ચૂંટણી યોજાઈ

# ભાજપના રવીન્દ્ર રૈનાની હાર, NCના સુરેન્દ્ર કુમાર ચૌધરી જીત્યા

। જમ્મુ-કાશ્મીર, તા.૮ ।

જમ્મુ-કાશ્મીરમાં ૧૦ વર્ષની લાંબી રાહ બાદ વિધાનસભાની ચૂંટણી યોજાઈ હતી. આ અસર મતદાન દરમિયાન પણ જોવા મળી હતી, સમગ્ર કેન્દ્રશાસિત પ્રદેશમાં લગભગ ૬૪ ટકા મતદાન થયું હતું. લગભગ ૪ મહિના પહેલા એપ્રિલ-મેમાં લોકસભા ચૂંટણી દરમિયાન અહીં સંસદીય બેઠકો માટે મતદાન થયું હતું, ત્યારે પણ મોટી સંખ્યામાં લોકોએ ભાગ લીધો હતો. જમ્મુ ડિવિઝનમાં આવેલું નૌશેરા બેઠક પર



ભાજપના રવીન્દ્ર રૈનાની હાર થઈ છે. જ્યારે દ્રઝના સુરેન્દ્ર કુમાર ચૌધરીએ જીત મેળવી છે. તાજેતરના સમયમાં કાશ્મીરની સરખામણીએ રાજૌરીમાં આતંકવાદી ગતિવિધિઓમાં નોંધપાત્ર વધારો થયો છે. જિલ્લાની નૌશેરા બેઠક રાજ્યની જાણીતી બેઠકોમાંની એક છે અને ૨૦૧૪ની ચૂંટણીમાં આ બેઠક ભારતીય જનતા પાર્ટીના કબજામાં આવી હતી.

# કોરોના બાદ વધુ એક ખતરનાક વાયરસે વિશ્વમાં હાહાકાર મચાવ્યો

### ઈબોલા વાયરસ જેવા જ પરિવારનો છે આ એક વાયરલ હેમરેજિક તાવ છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

કોરોના બાદ વધુ એક ખતરનાક વાયરસે વિશ્વમાં હાહાકાર મચાવ્યો છે. આ વાયરસનું નામ મારબર્ગ વાયરસ છે. આ ખતરનાક વાયરસે રવાંડામાં અત્યાર સુધીમાં ૧૨ થી વધુ લોકોના જીવ લીધા છે, તેથી લોકોની ચિંતા વધી ગઈ છે. મારબર્ગ વાયરસની ઓળખ સૌપ્રથમ ૧૯૬૭માં જર્મનીના મારબર્ગમાં પ્રયોગશાળાના કાર્યકર દ્વારા કરવામાં આવી હતી. તે ઈબોલા વાયરસ જેવા જ પરિવારનો છે. આ એક વાયરલ હેમરેજિક તાવ છે, જે જીવલેણ રક્તસ્રાવ અને અંગ નિષ્ફળતાનું કારણ બને છે. આવી સ્થિતિમાં તેને મારબર્ગ વાયરસ નામ આપવામાં આવ્યું હતું. અત્યંત ચેપી અને ઘણીવાર જીવલેણ હેમરેજિક તાવ કે જે વાયરસનું કારણ બને છે તે વર્તમાન આરોગ્ય માટે જોખમી છે, અને નિષ્ણાતોએ ચેતવણી આપી છે કે જો સમયસર તેને રોકવામાં ન આવે તો, વાયરસ અન્ય રોગચાળા તરફ દોરી શકે છે. ડોક્ટરોના મતે મારબર્ગ વાયરસ કોવિડ કરતા પણ વધુ ખતરનાક છે. કોવિડમાં મૃત્યુ દર લગભગ ૨ ટકા હતો, પરંતુ આ વાયરસમાં મૃત્યુ દર ૭૦ થી ૯૦ ટકા છે. મારબર્ગ વાયરસ મુખ્યત્વે પ્રાણીઓમાંથી માણસોમાં ફેલાય છે, તે 'ઝૂનોટિક' છે. આ એક ચેપી રોગ છે. આ ચેપ ચામાચીડિયાથી માણસોમાં ફેલાય છે. પછી તે એક વ્યક્તિથી બીજી વ્યક્તિમાં ફેલાય છે. આ વાયરસ ઈબોલા પરિવારનો હોવાનું માનવામાં આવે છે. તે ચેપગ્રસ્ત વ્યક્તિના લોહી, ઉલટી, લાળ અને શારીરિક પ્રવાહીના સીધા સંપર્ક દ્વારા ફેલાય છે. જો કે, આ વાયરસ હવામાં ફેલાતો નથી. ચાલુ સપ્તાહની શરૂઆતમાં એક નિવેદનમાં રવાંડાના સ્વાસ્થ્ય અધિકારીએ કહ્યું, મારબર્ગ વાયરસ સામે રસીની શોધ કરીશું.

### યુપી સીએમ યોગી આદિત્યનાથે હિંદુત્વનું કાર્ડ ખેલતા જોવા મળ્યા

# હરિયાણામાં કામ કરી ગયો યોગીનો બટોંગે તો કટોંગેનો ફોર્મ્યુલા

### ૬ દિવસ- ૧૪ રેલીઓ અને જનતાએ લગાવી દીધી જીતની મોહર

। (એજન્સી) હરિયાણા, તા.૮ ।

હરિયાણા વિધાનસભા ચૂંટણીમાં ભાજપે જીતની હેટ્રિક લગાવવામાં સફળ રહી છે. વર્તમાન સીએમ નાયબસિંહ સૈનીએ જીતનો તમામ શ્રેય પીએમ મોદીને આપ્યો છે. આ વખતે પ્રચારમાં પીએમ મોદી, અમિત શાહ અને યુપી સીએમ યોગી આદિત્યનાથ છવાયેલા રહ્યા હતા. યોગી આદિત્યનાથે હરિયાણામાં ૬ દિવસમાં કૂલ ૧૪ ચૂંટણી રેલીઓ કરી. જેમા ૮ પર ભાજપે જીત નોંધાવી છે. હરિયાણામાં રેલી દરમિયાન યોગી આદિત્યનાથે મોટું નિવેદન આપતા "બટોગે તો કટોગે" નારો આપતા મોટુ નિવેદન આપ્યુ. યોગીએ કહ્યુ કે જો આપણે વિભાજીત ન થયા હોત તો રામ મંદિર ન તૂટતુ, ના કૃષ્ણ જન્મ ભૂમિ પર ગુલામીનો ઢાંચો તૈયાર થતો. ના આપણો દેશ ગુલામ થયો હોત. જે લોકો કાલ સુધી રામ મંદિરનો કૃષ્ણનો વિરોધ કરી રહ્યા હતા તે લોકો આજે હરેરામા હરે ક્રિષ્ના કરતા થઈ ગયા છે. સીએમ યોગીએ જે સીટો પર રેલીઓ કરી તેમા ૨/૩ સીટોં પર ભાજપે જીત મેળવી છે. સીએમ યોગીએ હરિયાણામાં જે વિધાનસભા સીટો પર પ્રચાર કર્યો તેમાં ૧૪ સીટોમાંથી ૮ પર ભાજપને જીત મળી છે. તો ૫ સીટોમાં ૪ પર કોંગ્રેસ અને એક પર બસપા લીડમાં છે. યોગીએ હરિયાણામાં જે સીટો પર પ્રચાર કર્યો અને જે સીટો પર ભાજપ આગળ છે તે સીટો છે નરવાના, રાઈ, અસંધ, ફરીદાબાદ, NIT, રાદૌર, બાવની ખેડા, હાંસી વિધાનસભા અને સફીદો વિધાનસભા છે.

### વીજળી ગુલ, પતિને બદલે દુલ્હન સાથે પલંગ પર સૂઈ ગયો

# રાત્રિના અંધકારનો લાભ લઈ પાડોશીએ પરિણીતા પર બળાત્કાર ગુજાર્યો

### લાચારી અનુભવતા પરિણીતાએ કોર્ટ પાસે મદદ માંગી આ પછી કોર્ટના આદેશ પર પોલીસે કેસ નોંધીને તપાસ શરૂ કરી હતી

। (એજન્સી) લખનૌ, તા.૮ ।

ઉત્તર પ્રદેશના ભદોહીમાં એક પરિણીત મહિલા સાથે કંઈક એવું થયું જેની તેણે ક્યારેય કલ્પના પણ નહીં કરી હોય. રાત્રિના અંધકારનો લાભ લઈ પાડોશીએ પરિણીતા પર બળાત્કાર ગુજાર્યો હતો. આરોપ છે કે જ્યારે પીડિતાએ આ અંગે પોલીસમાં ફરિયાદ નોંધાવી તો તેઓએ પોલીસ સ્ટેશનથી તેને ભગાડી દીધી. લાચારી અનુભવતા પરિણીતાએ કોર્ટ પાસે મદદ માંગી. આ પછી કોર્ટના આદેશ પર પોલીસે કેસ નોંધીને તપાસ શરૂ કરી હતી. પરંતુ આરોપી હાલ ફરાર છે. પોલીસ તેને શોધવામાં વ્યસ્ત છે. મામલો ગોપીગંજ પોલીસ સ્ટેશન વિસ્તારનો છે. ૩૪ વર્ષની પરિણીત મહિલાએ જણાવ્યું કે ૧૭/૧૮ જુલાઈની રાત્રે જ્યારે ઘરમાં લાઈટ ગઈ ત્યારે તેનો ૩૨ વર્ષીય પાડોશી કંચુ છુપાઈને તેના ઘરે આવ્યો અને તેને ધમકી આપી. તેના વિશે કોઈને ખ્યાલ નહોતો. તે આવીને સ્ત્રીના પલંગ



પર સૂઈ ગયો. મહિલાને લાગ્યું કે તેનો પતિ પલંગ પર સુતો છે. તેને તેનો પતિ માનીને તે તેની બાજુમાં સૂઈ ગઈ. પીડિતાએ જણાવ્યું કે કંચુ તેની સાથે અશ્લીલ હરકતો કરવા લાગ્યો. જ્યારે તેણી તેની ક્રિયાઓથી નારાજ થઈ, તેણીએ તેને ધક્કો માર્યો. પછી જ્યારે થોડો પ્રકાશ પડ્યો ત્યારે તેને સમજાયું કે આ તેનો પતિ જ નથી. તેણે ચીસો પાડવા માંડી. પરંતુ ત્યાં સુધીમાં તેણી પર બળાત્કાર ગુજાર્યો હતો. યુવતીનો અવાજ સાંભળીને પરિવારના સભ્યો અને આસપાસના લોકો પણ ત્યાં આવી પહોંચ્યા હતા. મહિલાએ આરોપીનું ગળું દબાવી દીધું હતું. ત્યારબાદ લોકોએ આરોપીને ખૂબ માર માર્યો હતો.

### રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ વિજેતાઓને એવોર્ડ આપી સન્માનિત કરાયા

# રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર સમારોહ યોજાયો

### રહેમાન, માનસી પારેખ અને મિથુન દાએ મેળવ્યો એવોર્ડ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ દ્વારા આ એવોર્ડ સમારોહમાં વિજેતાઓને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ક્રિએટિવ ટેક્નોલોજીના નિર્માણની જાહેરાત કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં મિથુન ચક્રવર્તી, કરણ જોહર, એઆર રહેમાન, નીના ગુપ્તા સહિત ઘણા સ્ટાર્સે નેશનલ ફિલ્મ એવોર્ડમાં હાજરી આપી છે. ઈજાગ્રસ્ત હાથને કારણે મિથુન પોતાના હાથ પર પટ્ટી બાંધીને સમારોહમાં આવ્યા હતા જેમણે દાદા સાહેબ ફાળકે એવોર્ડ મેળવતી વખતે પોતાના જીવનના સંઘર્ષ અંગે વાતચીત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે કેવી રીતે તેમણે ડાન્સને પોતાની મુખ્ય કળા બનાવીને ફિલ્મોમાં કામ કર્યું અને દેખાવથી ઉપરવટ વધુને વધુ ફિલ્મોમાં કામ કરીને અભિનય



ક્ષેત્રમાં કાઠું કાઢ્યું. ગુલમહોરને શ્રેષ્ઠ હિન્દી ફિલ્મનો એવોર્ડ મળ્યો હતો જે સ્વીકારવા માટે ડાયરેક્ટર અને અભિનેતા રિષભ શેટ્ટી આવ્યા હતા. ફિલ્મ 'પોન્નિયન સેલ્વન ૨' ને બેસ્ટ તમિલ ફિલ્મનો એવોર્ડ મળ્યો હતો. આ એવોર્ડ મેળવવા માટે દિગ્દર્શક મણિરત્નમ આવ્યા હતા. વિશાલ ભારદ્વાજને ફિલ્મ 'ફુરસત' માટે શ્રેષ્ઠ મ્યુઝિક ડાયરેક્ટરનો રાષ્ટ્રીય પુરસ્કાર મળ્યો હતો. એ આર રહેમાનને નેશનલ ફિલ્મ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ તેમનો સાતમો રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર છે. અભિનેતા મિથુન ચક્રવર્તીએ પત્રકારો સાથે મુલાકાત કરતાં તેમણે કહ્યું હતું કે, 'આ બહુ મોટું સન્માન છે. ભગવાનનો આભાર. મને ગમે તેટલી તકલીફો સહન કરવી પડી, એવું લાગે છે કે ભગવાને મને વ્યાજ સાથે પાછું આપ્યું છે.' આ વખતે વર્ષ ૨૦૨૨ની ફિલ્મો માટે એવોર્ડ આપવામાં આવ્યા હતા. આ વખતે રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારમાં પ્રાદેશિક સિનેમાનું પ્રતિનિધિત્વ જોવા મળ્યું હતું. મલયાલમ ફિલ્મ અટ્ટમને બેસ્ટ ફીચર ફિલ્મનો એવોર્ડ મળ્યો હતો. આ ઉપરાંત સન્માનિત થનાર ફિલ્મો અને કલાકારોની યાદી નીચે મુજબ છે, શ્રેષ્ઠ અભિનેત્રી - નિત્યા મેનન અને માનસી પારેખ ('તિરુચિત્રબલમ' અને 'કચ્છ એક્સપ્રેસ' ફિલ્મો માટે), શ્રેષ્ઠ દિગ્દર્શક - સૂરજ બરજાત્યા ('ઉંચાઈ' માટે), શ્રેષ્ઠ સહાયક અભિનેત્રી - નીના ગુપ્તા ('ઉંચાઈ' માટે) શ્રેષ્ઠ, સહાયક અભિનેતા-પવન મલ્હોત્રા ('ફૌજા' માટે), શ્રેષ્ઠ મનોરંજન ફીચર ફિલ્મ - કંતારા, શ્રેષ્ઠ તેલુગુ ફિલ્મ - કાર્તિકેય ૨.

### કોંગ્રેસે ચૂંટણી પંચ પર ગંભીર આરોપ લગાવ્યા

# કોંગ્રેસના આરોપો પર ચૂંટણી આયોગનો પલટવાર, કહ્યું- ખોટી અફવા ન ફેલાવો

### કોંગ્રેસ સરકાર બનાવવા જઈ રહી છે." જોકે, ચૂંટણી પંચે સ્પષ્ટ કર્યું છે કે ડેટા યોગ્ય સમયે અપડેટ કરવામાં આવ્યો છે

। (એજન્સી) હરિયાણા, તા.૮ ।

હરિયાણા વિધાનસભા ચૂંટણીના ટ્રેન્ડમાં પાછળ રહ્યા બાદ કોંગ્રેસે ચૂંટણી પંચ પર ગંભીર આરોપ લગાવ્યા હતા. હવે ચૂંટણી પંચે આ આરોપોને ખોટા ગણાવ્યા છે અને કહ્યું છે કે દર પાંચ મિનિટે મત ગણતરીના ડેટા અપડેટ કરવામાં આવી રહ્યા છે. કોંગ્રેસે કહ્યું કે ચૂંટણી પંચના અધિકારીઓએ જાણીજોઈને ડેટાને ધીમે ધીમે અપડેટ કર્યો. જેના કારણે તેમના કાર્યકરોને મુશ્કેલી પડી હતી. આ દરમિયાન તેમણે એમ પણ કહ્યું કે ચૂંટણીપંચ માઈન્ડગેમ રમી રહ્યું છે અને કોંગ્રેસના કાર્યકરોએ મતગણતરી કેન્દ્રોમાં અડગ રહેવું જોઈએ. કોંગ્રેસના જનરલ સેક્રેટરી (કોમ્યુનિકેશન ઈન્ચાર્જ) એ કહ્યું, "નિરાશ થવાની કોઈ જરૂર નથીપ ખેલ ખતમ થયો નથી. માઈન્ડગેમ રમાઈ રહી છે. અમે પાછા હટીશું નહીં, નિરાશ થવાની કોઈ જરૂર નથી. અમે છીએ. જનાદેશ મળશે." "કોંગ્રેસ સરકાર બનાવવા જઈ રહી છે." જોકે, ચૂંટણી પંચે સ્પષ્ટ કર્યું છે કે ડેટા યોગ્ય સમયે અપડેટ કરવામાં આવ્યો છે. કોંગ્રેસના મહાસચિવ અને સંચાર પ્રભારીએ કહ્યું કે "અમે આગામી ૫-૭ મિનિટમાં મેમોરેન્ડમ દાખલ કરવા જઈ રહ્યા છીએ. અમે ફરિયાદ દાખલ કરી રહ્યા છીએ. અમને આશા છે કે ચૂંટણી પંચ અમારા પ્રશ્નોના જવાબ આપશે. ૧૦-૧૧ રાઉન્ડના પરિણામો પહેલાથી જ આઉટ થઈ ગયા છે, પરંતુ ચૂંટણી પંચની વેબસાઈટ પર માત્ર ૪-૫ રાઉન્ડના પરિણામો અપડેટ કરવામાં આવ્યા છે. આ પ્રશાસન પર દબાણ લાવવાનું ષડયંત્ર છે. પ્રારંભિક વલણો દર્શાવે છે કે કોંગ્રેસને ૭૦થી વધુ બેઠકો મળી છે. રાજ્યમાં કુલ ૯૦ બેઠકો છે. તેમાંથી ૭૦માં લીડ લીધા બાદ કોંગ્રેસે પોતાની જીત નિશ્ચિત માની હતી. જોકે થોડા સમય બાદ આંકડા બદલાયા અને કોંગ્રેસને બદલે ભાજપને બહુમતી મળી. આ પછી કોંગ્રેસના નેતાઓએ ચૂંટણી પંચ પર આરોપ લગાવ્યા છે. હરિયાણામાં બહુમત માટે જરૂરી આંકડો ૪૬ છે. કોંગ્રેસના નેતાઓની ફરિયાદ બાદ ભાજપના નેતાઓએ કહ્યું કે કોંગ્રેસનું આ નિવેદન સાબિત કરે છે કે તેમણે હાર સ્વીકારી લીધી છે. જીતનો દાવો કરતા ભાજપે કહ્યું કે, કોંગ્રેસે હાર સ્વીકારીને સુરક્ષાના પગલાં લેવાનું શરૂ કર્યું છે.

## તંત્રી લેખ...

# ઇઝરાયેલા આ મિસાઇલ હુમલાનો બદલો લેવાના સોગંદ પણ ખાધા છે

હિઝબુલ્લાના વડા હસન નસરુલ્લાના ઈઝરાયલી હુમલામાં સફાયા બાદ પશ્ચિમી એશિયામાં તણાવની આગ ઓર ભડકી છે. નસરુલ્લાના મોતના જવાબમાં ઈરાને ઈઝરાયલ પર મિસાઈલોથી હુમલો કર્યો. ઈઝરાયેલા આ મિસાઈલ હુમલાનો બદલો લેવાના સોગંદ પણ ખાધા છે. તેના પહેલાં ઈઝરાયલ અને ઈરાનમાં હમાસ ચીફ ઈસ્માઈલ હાનિયાને પણ ફૂંકી માર્યો હતો, પરંતુ ત્યારે ઈરાને ઈઝરાયલ પર કોઈ સીધી સૈન્ય કાર્યવાહી નહોતી કરી. આ વખતે લેબેનોનમાં વિભિન્ન ઈલેક્ટ્રોનિક ઉપકરણોમાં વિસ્ફોટો દ્વારા હજારો હિઝબુલ્લા આતંકીઓ ઘાયલ થવા અને કેટલાય માર્યા ગયા અને પછી નસરુલ્લાના મોત બાદ ઈરાન અત્યંત મજબૂર દેખાવા લાગ્યું અને તેના દ્વારા સમર્થિત વિભિન્ન આતંકી જૂથોની અંદર જ ઈરાનની ઈઝરાયલ નીતિ પ્રત્યે અવાજો ઉઠવા લાગ્યા હતા. ઈરાનમાં ૧૯૭૯ની ઈસ્લામિક ક્રાંતિને કારણે આયતુલ્લા ખોમેનીના નેતૃત્વમાં બનેલી કટ્ટરપંથી ઈસ્લામિક સરકારે આખા પશ્ચિમ એશિયામાં આતંકીઓની જાળ બિછાવી. ઈસ્લામિક જગતનું નેતૃત્વ શિયા વર્ગના હાથમાં લેવા માટે ખોમેનીના નેતૃત્વવાળા ઈરાની શાસનતંત્રએ આખા વિશ્વના મુસ્લિમ માનસને પ્રભાવિત કરનારા પેલેસ્ટાઈનના મુદ્દાને પસંદ કર્યો અને ઈઝરાયલ વિરુદ્ધ સશસ્ત્ર સંઘર્ષ છેડવા માટે હિઝબુલ્લા જેવા આતંકી સંગઠનોને સમર્થન આપવાનું શરૂ કર્યું. શિયા અને સુન્ની ઈસ્લામના સમીકરણોની એક ખાસ વાત એ છે કે કોઈ સુન્ની મુસલમાન શિયા પણ બની શકે છે, કારણ કે મુસ્લિમ જગતમાં શિયા અલ્પસંખ્યક છે. તેથી ખોમેનીના કઠમુલ્લા તંત્ર માટે એ જરૂરી હતું કે તે સુન્ની અતિવાદીઓના પણ એક વર્ગને પોતાની સાથે લે. જોકે મોટાભાગના સુન્ની કટ્ટરવાદી શિયા ઈસ્લામના કટ્ટર વિરોધી છે અને આર્થિક રૂપે સુન્ની અરબ દેશો પર નિર્ભર છે, તેથી ઈરાન માટે આ પસંદગી આસાન ન હતી. એવામાં સુન્ની મુસ્લિમ બ્રધરહૂડનું પેલેસ્ટાઈની એકમ એટલે કે હમાસ ઈરાનનું ઓજાર બન્યું. ખોમેનીએ ઈસ્લામિક શાસનનું જે કટ્ટરવાદી મોડેલ મુસ્લિમ જગત સામે રજૂ કર્યું, તેનાથી દુનિયાભરના કટ્ટરપંથીઓ પ્રભાવિત થયા. તેનું એક પરિણામ એ આવ્યું કે અરબ જગતની તમામ સેક્યુલર સરકારો અને તાનાશાહો ધીમે ધીમે પોતાની લોકપ્રિયતા ગુમાવતાગ યા અને ઈસ્લામિક કટ્ટરપંથી મજબૂત થતા ગયા.

## ભારતીય વાયુસેનાની મારક ક્ષમતા અને 'આત્મનિર્ભરતા'ના સંકલ્પના પ્રદર્શન ચેન્નાઈના તાંબરમ વાયુ સેના સ્ટેશન પર તેની ઉજવણી કરી

ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફે આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા; હવાઈ દળના વડાએ ઔપચારિક પરેડની સમીક્ષા કરી, વર્તમાન વૈશ્વિક સુરક્ષા વાતાવરણ મજબૂત અને સક્ષમ હવાઈ દળની અનિવાર્ય જરૂરિયાત દર્શાવે છેઃ એર ચીફ માર્શલ એ.પી.સિંહ, "નવીન વિચારસરણી સાથે નવીનતમ તકનીકને અપનાવવાથી આજના બહુ-ક્ષેત્રીય વાતાવરણમાં નિર્ણાયક ભૂમિકા ભજવશે" ૦૮ ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ તમિલનાડુના ચેન્નાઈમાં તાંબરમના એરફોર્સ સ્ટેશન ખાતે ભારતીય વાયુસેના (આઈએએફ)ની ૯૨મી વર્ષગાંઠની ઉજવણી નિમિત્તે એક શાનદાર ઔપચારિક પરેડ, મારક ક્ષમતાનું એક અદ્ભુત હવાઈ પ્રદર્શન અને અત્યાધુનિક ઉપકરણોનું અદભૂત સ્થિર પ્રદર્શન થયું. ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ અનિલ ચૌહાણે આ ઉજવણીમાં હાજરી આપી, જ્યારે ઔપચારિક પરેડની સમીક્ષા ચીફ ઓફ ધ એર સ્ટાફ એર ચીફ માર્શલ એ.પી.સિંહે કરી હતી. પોતાના સંબોધનમાં, હવાઈ દળના વડાએ રાષ્ટ્રીય હિતોને પડકારતી કોઈપણ આકસ્મિક પરિસ્થિતિને પહોંચી વળવા માટે ભારતીય વાયુસેનાને તૈયાર રહેવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. તેમણે જણાવ્યું હતું કે વર્તમાન વૈશ્વિક સુરક્ષા વાતાવરણ સતત પ્રવાહની સ્થિતિમાં છે અને ચાલુ સંઘર્ષોએ મજબૂત અને સક્ષમ હવાઈ દળની અનિવાર્ય જરૂરિયાત દર્શાવી છે. તેમણે ઉમેર્યું હતું કે, નવીન અને આઉટ ઓફ ધ બોક્સ વિચારસરણીની સાથે નવીનતમ ટેકનોલોજીને અપનાવવાથી આજના મલ્ટિ-ડોમેન વાતાવરણમાં નિર્ણાયક ભૂમિકા ભજવશે. એર ચીફ માર્શલ એ.પી.સિંહે ભારપૂર્વક જણાવ્યું હતું કે એરફોર્સ ડે ૨૦૨૪ની થીમ, 'ભારતીય વાયુ સેનાઃ સક્ષમ, સશક્ત, અખંડ' ભારતીય વાયુસેનાની આકાંક્ષાઓને સંપૂર્ણ રીતે વર્ણવે છે. તેમણે ઉમેર્યું હતું કે, "વર્ષોથી અમે વધારે સારી ટેકનોલોજી સાથે વધારે સશક્ત બન્યાં છીએ તથા વ્યવસ્થાઓ અને શસ્ત્રોનું શોષણ કરવાનાં નવાં સ્તરો હાંસલ કર્યા છે. સંરક્ષણ સંશોધન અને વિકાસ અને ઉત્પાદનના ક્ષેત્રમાં પરમાણુ અમારી પ્રાથમિકતા છે. તેમણે ઉમેર્યું હતું કે, એમએસએમઈ, સ્ટાર્ટ-અપ્સ, વ્યક્તિગત નવીનતાઓ, વ્યાવસાયિકો, સંશોધન અને વિકાસ સંસ્થાઓ અને શૈક્ષણિક સંસ્થાઓને સામેલ કરીને મેક ઈન ઈન્ડિયાની પહેલોને ટેકો આપવા નક્કર પગલાં લેવામાં આવ્યાં છે." હવાઈ દળના વડાએ વાયુ સેના દિવસને હવાઈ યોદ્ધાઓ માટે રાષ્ટ્રની સેવામાં પોતાની જાતને પુનઃકાર્યરત કરવા, ગયા વર્ષે આત્મનિરીક્ષણ કરવા, સિદ્ધિઓની ઉજવણી કરવા, સુધારણાના ક્ષેત્રોને ઓળખવા અને વર્તમાન અને ભવિષ્યની જરૂરિયાતોને પુનઃસંપાદિત કરવાના અવસર તરીકે વર્ણવ્યો હતો. ગયા વર્ષની સિદ્ધિઓ પર તેમણે કહ્યું હતું કે, ભારતીય વાયુસેનાએ વિવિધ મોરચે પોતાની સૂક્ષ્મતા સાબિત કરી છે. તેમણે જણાવ્યું હતું કે, "અમારો એક પ્રાથમિક ઉદ્દેશ દર વખતે, લક્ષ્ય પર, સમયસર શસ્ત્રો પહોંચાડવાનો છે અને આ ક્ષમતા ફેબ્રુઆરી ૨૦૨૪માં પોખરણ રેન્જમાં ફાયરપાવર પ્રદર્શન કવાયત 'વાયુ શક્તિ' દરમિયાન યોગ્ય રીતે પ્રદર્શિત કરવામાં આવી હતી." એર ચીફ માર્શલ એ.પી.સિંહે વધુમાં કહ્યું હતું કે, આ વર્ષે ભારતીય વાયુસેનાએ મૈત્રીપૂર્ણ દેશો સાથે દ્વિપક્ષીય અને બહુપક્ષીય કવાયતમાં પોતાની ભાગીદારી વધારી છે. તેમણે જણાવ્યું હતું કે, ભારતની ભૂમિ પર સૌથી મોટી બહુરાષ્ટ્રીય કવાયત 'તરંગ શક્તિ'નું સફળતાપૂર્વક આયોજન એ ભારતનાં હવાઈ યોદ્ધાઓની યોગ્યતા અને વ્યાવસાયિકતાનો પુરાવો છે. હવાઈ દળના વડાએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, ભારતીય વાયુસેના હંમેશા દેશ અને વિદેશમાં માનવતાવાદી સહાય અને આપત્તિ રાહતના કોલમાં પ્રથમ પ્રતિસાદ આપનાર રહી છે, જેણે છેલ્લા એક વર્ષમાં હાથ ધરવામાં આવેલા વિવિધ ઓપ્સ પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે હવાઈ યોદ્ધાઓને અનુકૂળ અને કાર્યકારી વાતાવરણ પ્રદાન કરવા માટે ભારતીય વાયુસેનાની સંપૂર્ણ કટિબદ્ધતાની પુનઃપુષ્ટિ કરી હતી તથા કર્મચારીઓ અને તેમનાં પરિવારોનાં કલ્યાણ અને સુખાકારીને અતિ મહત્ત્વપૂર્ણ ગણાવી હતી.

**સદગુરુ દેવના યુગ પરિવર્તન અભિયાન અંતર્ગત જન જાગરણની આ પ્રવૃત્તિ યજ્ઞમાં આહુતિ રૂપે ચિંતનની ક્ષણે શરૂ થયું**

# આજે નવદુર્ગાનું સાતમું સ્વરૂપ એટલે કે કાલરાત્રિ! જેનું બીજું નામ શુભંકરી છે



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**કાલરાત્રિ એ મહાકાલિકા સ્વરૂપે છે, એટલે યુદ્ધની રીતે જોઈએ તો યુદ્ધ એ એક ક્રિયા છે અને યુદ્ધ હોય ત્યાં બે પક્ષ સામ સામે લડાઈ કરે, યુદ્ધનાં પરિણામે એકની હાર અને બીજાનો વિજય નિશ્ચિત છે, પરંતુ દરેક વખતે ઘર્ષણ કોઈ અન્યને કારણે થતું નથી, એ વાત પણ સમજવી જરૂરી છે, આપણા જ સ્વભાવના ગુણદોષને કારણે ઘણી વાર આપણો અહમ, આગ્રહ, કે પછી અન્ય કોઈ પૂર્વગ્રહ પણ ઘર્ષણ માટે જવાબદાર હોય છે.**

આજે આસો સુદ સાતમ એટલે સાતમું નોરતું નવદુર્ગાના કાલરાત્રિ સ્વરૂપની આરાધનાનો મહિમા ગાવાનો દિવસ. આપણે સૌ જાણીએ છીએ કે મા કાલરાત્રિનું સ્વરૂપ ભયંકર દેખાય છે, અને એનું વાહન ગર્દભ છે. દેવીનો વર્ણ શ્યામ હોવાથી તેને કાલરાત્રિ કહેવાય છે, પરંતુ એ તેના ભક્તોનું શુભ કરનારી હોવાથી તેને મા શુભંકરી પણ કહેવાય છે. મા કાલરાત્રિની આરાધના કરનારને અભય પદની પ્રાપ્તિ થાય છે. શુંભ અને નિશુંભ નામ અસુરનો સંહાર કરવા માટે દેવી પાર્વતીએ કાલ રાત્રીનું સ્વરૂપ ધારણ કર્યું હતું. શારદીય નવરાત્રીની સપ્તમી સાથે બીજી એક યાદ પણ જોડાયેલી છે, અને એ છે ચિંતનની આ ધારાનું બીજ ૫૬ વર્ષ પહેલાં અંકુરિત થયું હતું એમ કહી શકાય. એટલે કે સપ્તમીની રાત્રીએ બાર વાગ્યે ઉત્તર ફાલ્ગુન નક્ષત્રમાં આ ફાલ્ગુનીનો જન્મ થયો હતો, અને કદાચ એટલે જ ગૌ ગંગા ગાયત્રી જેવો પવિત્ર ભાવ સહજ છે. જેને પાછળથી સદગુરુ કૃપા પ્રાપ્ત થઈ, અને સદગુરુ દેવના યુગ પરિવર્તન અભિયાન અંતર્ગત જન જાગરણની આ પ્રવૃત્તિ યજ્ઞમાં આહુતિ રૂપે ચિંતનની ક્ષણે શરૂ થયું. મા કાલરાત્રિ અભય પદના વરદાન આપે છે. પણ કાળના સંદર્ભમાં અત્યારે સહનશક્તિ ખૂટતી જાય છે, અને એટલે જ આપણે માતાનું કલ્યાણકારી કે શુભંકરી સ્વરૂપ જોઈ શકતા નથી. ઉપરાંત આપણા પોતાના કર્મો પણ એવાં હોય, એટલે કાલરાત્રિનાં ભયંકર લાગે. કાલરાત્રિ એ મહાકાલિકા સ્વરૂપે છે, એટલે યુદ્ધની રીતે જોઈએ તો યુદ્ધ એ એક ક્રિયા છે અને યુદ્ધ હોય ત્યાં બે પક્ષ સામ સામે લડાઈ કરે, યુદ્ધનાં પરિણામે એકની હાર અને બીજાનો વિજય નિશ્ચિત છે. પરંતુ દરેક વખતે ઘર્ષણ કોઈ અન્યને કારણે થતું નથી, એ વાત પણ સમજવી જરૂરી છે. આપણા જ સ્વભાવના ગુણદોષને કારણે ઘણી વાર આપણો અહમ, આગ્રહ, કે પછી અન્ય કોઈ પૂર્વગ્રહ પણ ઘર્ષણ માટે જવાબદાર હોય છે, અને એટલે પણ આપણે સારું કે ધાર્યું પરિણામ મેળવી શકતા નથી. તન, એટલે કે રુપ અને મન, એટલે સ્વરૂપ તેમજ આત્મા એ ત્રિકોણમાં આવું ઘર્ષણ સદાય ચાલતું રહ્યું છે. માનવીય તન (રુપ) એ શુંભ અને મન (સ્વરૂપ) એ નિશુંભ છે, અને તેનું ધાર્યું કરાવવા માટે તે આત્મા સાથે સતત સંઘર્ષ કરે છે, એની પર વિજય પ્રાપ્ત કરવા આત્મ શક્તિનું જોર લગાડવું પડે. દેખીતી રીતે તો હવે એવા અસૂરો બહાર નથી, આપણી અંદર જ છે, અને એની પર વિજય પ્રાપ્ત કરવા માટે આપણે સતત સંઘર્ષ કરતા હોઈએ છીએ, ત્યારે મા કાલરાત્રિની આરાધના થકી, આપણે એની પર વિજય પ્રાપ્ત કરવાનો છે. આમ પણ તન અને મન પર વિજય પ્રાપ્ત થાય ત્યારે જ અભય પદ પ્રાપ્ત થતું હોય છે.

★ શક્રાદય સ્તુતિ★

**સૌમ્યાનિ યાનિ રૂપાણિ ત્રૈલોક્યેવિચરન્તિ તે**
**યાનિ ચાત્યર્થઘોરાણિ તૈરક્ષાસ્માંસ્તથા ભુવમ્**

આ ત્રણે લોકમાં તમારા પરમ સુંદર તેમજ અત્યંત ભયંકર એવા જે રૂપો વિચરતા રહે છે તેમના થકી પણ તમે અમારું અને આ પૃથ્વીલોકમાં રક્ષણ કરો. (૨૫)

**ખડ્ગશૂલગદાદીનિ યાનિ ચાસ્ત્રાનિ તેડમ્બિકે**
**કરપલ્લવસડ્ગીનિ તૈરસ્માન્રક્ષ સર્વતઃ**

હે અંબિકા! તમારા કરપલ્લવોમાં શોભતા ખડ્ગ, શૂળ,ગદા વગેરે જે જે અસ્ત્રશસ્ત્રો છે તે બધા થકી તમે બધી બાજુએથી અમારું રક્ષણ કરો. (૨૬)

**ઋષિરુવાચ**

**એવં સ્તુતા સુરૈર્દિવ્યૈઃ કુસુમૈર્નન્દનોદ્ભવૈઃ**
**અર્ચિતા જગતાં ધાત્રી તથા ગન્ધાનુલેપનૈઃ**
**ભક્ત્યા સમસ્તૈસ્ત્રિદશૈર્દિવ્યૈર્ધૂપૈસ્તુધૂપિતા**
**પ્રાહ પ્રસાદસુમુખી સમસ્તાન્પ્રણતાન્સુરા**

આ પ્રમાણે દેવતાઓએ જ્યારે જગતજનની દુર્ગાની સ્તુતિ કરી અને નંદનવનના દિવ્ય પુષ્પ તેમજ ગંધ, ચંદન વગેરે વડે તેમનું પૂજન કર્યું તથા એ પછી બધાએ મળીને જ્યારે ભક્તિપૂર્વક દિવ્ય સુગંધ સમર્પિત કરી ત્યારે દેવી પ્રસન્ન થયા અને પ્રણામ કરી રહેલા તે બધા દેવતાઓને તેમણે કહ્યું.(૨૮-૨૯)

**દેવ્યુવાચ**

**વ્રિયતાં ત્રિદશાઃ સર્વેયદસ્મત્તોડભિવાઞ્છતમ્**

હે દેવતાઓ! તમે બધા મારી પાસેથી જે વસ્તુ મેળવવાની ઈચ્છા રાખતા હો તે માગો, ઈન્દ્ર આદિ દેવતાઓ દેવીને કહે છે કે હવે અમને કંઈ જ જોઈતું નથી. પણ આજે સાતમ છે તો એક વિશિષ્ટ ચિંતન કરીએ. કહેવાય છે કે પૃથ્વી લોક મધ્યમાં છે, અને ઉપર પણ સાત લોક આવેલ છે, અને પાતાળમાં પણ સાત લોક આવેલ છે, અને એટલે જ આપણે ત્યાં ચૌદ બ્રહ્માંડની વાત આવી, અને તિથિની રીતે જોઈએ તો પણ સપ્તમી એટલે મધ્ય સુધી પહોંચી ગયાં, કે સાધનાના મુખ્ય પડાવ પર જીવ આવીને ઉભો છે એમ પણ કહી શકાય. અજવાળી સાતમનું મહત્વ બતાવતાં લખે છે કે જેમ બ્રહ્માંડમાં સપ્ત પાતાળ યાને કે સપ્તલોકની તથા તેમના અધિષ્ઠાતા દેવ-દેવીની વાત જણાવા મળે છે, એ જ રીતે આપણાં દેહમાં પણ સપ્તલોક કાર્યરત છે, અથવા સમાયેલા છે. જેમ કે ભૂઃ, ભુવઃ, સ્વઃ, મહઃ, જનઃ, તપઃ, અને સત્ત્યમ જેના અધિષ્ઠાતા ગૌરી, ગૌ, ગંગા, ગીતા, ગાયત્રી, સંધ્યા સાવિત્રી છે. જેનું વિશિષ્ટ વિવરણ નીચે મુજબ છે.

૧) ભૂઃ -સ્વર્ગલોક- આકાશતત્ત્વનું અધિષ્ઠાતા દેવી સાવિત્રી છે, અને એટલે જ આપણે ગાયત્રી અનુષ્ઠાનમાં સૂર્ય સામે બેસીએ છીએ, સૂર્ય ઉપાસના દ્વારા સતિ સાવિત્રીએ સત્ત્યવાન માટે જીવનદાન મેળવ્યું હતું, યાને કે જીવની અધોગતિમાંથી ઊધ્વગતિ તરફ જવા માટે કેવળ એકમાત્ર, સાવિત્રી અર્થાત્ સૂર્ય ઉપાસના જ મહત્ત્વની છે.

૨) ભુવઃ એટલે કે મર્ત્યલોક પૃથ્વી તત્ત્વ જીવનો મધ્યાહન સમય છે,અને અધિષ્ઠાતા દેવી 'સંધ્યા' છે. ત્રિકાળ સંધ્યા, સંધ્યા વંદન, જપ ધ્યાન કરવાથી જીવનની ત્રણેય અવસ્થામાં ક્રમશઃ સુધારો થવાથી જીવનું મુક્તિ માર્ગે પ્રયાણ થાય.

૩) સ્વઃ પાતાળલોક એટલે જીવન અધોયગતિ તરફ ચાલ્યું ગયું છે, ત્યારે અધિષ્ઠાતા દેવી તરીકે ગૌ-ગાયની પૂજા દ્વારા જેમાં ત્રેતીસ કરોડ દેવતાઓનો નિવાસ ગણાય છે, એનું પૂજન એટલે પશુધનની રક્ષા,અને હજી સુક્ષ્મ અર્થ કરીએ તો ગૌનો બીજો અર્થ ઈન્દ્રિય દોહન કરી, જીવાત્માએ પોતે કરેલા પાપનું વિવેચન કરી સર્વ સાથે સમભાવ રાખી સારા આચાર વિચાર, કર્મો, ભક્તિનું દોહન કરવાથી અધોગતિમાંથી મુક્તિ મળે છે. સ્વનો બીજો અર્થ પોતાનો જીવ પોતાનામાં જ મગ્ન રહે, પોતાને સ્વને ઓળખે, અને જાણે, સમજે, તો ચોક્કસ જીવમાત્રની ઊર્ધ્વગતિ થાય જ થાય.

૪) મહ એટલે મનનું આત્માલોક, અથવા સત્ય તરફ માનસિકતા પ્રખર કરવી. ગંગા જેમ મનને પવિત્ર કરવું આતમને ઉજાળવો, દિલમાં દિવો કરવો, એટલે કે આત્મદીપને પેટાવવો. જેમ સ્વર્ગમાંથી ગંગાનું પૃથ્વી પર અવતરણ થયું તેમ ચંચળ મનની બધી ક્રિયાને વિકાર રહીત બનાવવી,અને પવિત્રતા અર્જીત કરવી જાળવવી.

૫) જનઃ ગાયત્રી માની એટલે કે શુદ્ધ બુદ્ધિ રૂપ ગાયત્રીની ઊપાસના કરવી. જેના આશિર્વાદ, કૃપાથી લોક કલ્યાણના કાર્યો થઈ શકે. રિદ્ધિ-સિદ્ધિ મળે, અને જીવન પર્યંત લોક કલ્યાણના કાર્યો કરવાં.

૬) છઠ્ઠુ લોક એટલે તપ,કે જેમાં ઈન્દ્રિય નિગ્રહ કરીને મા ગૌરી કે પાર્વતીએ તપ કરીને જેમ શિવજીને મેળવ્યા, જન્મો જન્મ શિવ શક્તિનું મિલન થયું. જ્યારે જીવ શિવનાં ઐક્ય માટે વિચારે તો તપની આવશ્યકતા પડે છે.

૭) સાતમું લોક એટલે સત્ત્યલોક, જેમાં ગીતાના જ્ઞાનથી એકનિષ્ઠતા, સત્ત્યતા સાતત્ત્યતા કર્મ, જ્ઞાન, ભક્તિ, યોગ દ્વારા સત્ત્યનું ધારણ કરવું.

બધી રીતે જીવ મધ્યાહન ને અનુભવી રહ્યો છે ત્યારે આપણી અંદરના આ સપ્ત લોકને ઉર્ધ્વગામી કરવા મા અંબા ને શરણે જઈએ. જય અંબે.

**દેવીના આ રૂપના આગમનમાત્રથી તમામ રાક્ષસો, ભૂત-પ્રેત પિશાચ અને નકારાત્મક ઊર્જાઓપલાયન કરી જાય છે**

# નવલાં નોરતાંની રમઝટ-૭, યા દેવી સર્વભૂતેષુ માઁ કાલ રાત્રિ રૂપેણ સંસ્થિતઃ।। નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમોનમઃ।।



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**મા કાલરાત્રિના સ્વરૂપની વાત કરીએ તો માતા રાણીને ચાર હાથ છે.કાલરાત્રિ માતા ચાર ભુજા ધારી છે, જમણી બાજુની બે ભુજાઓ પૈકીની ઉપર ઉઠેલી ભુજા વડે માતા વરદાન પ્રદાન કરે છે, જ્યારે નીચે રાખેલો હાથ અભય મુદ્રા દર્શાવે છે.તે એક હાથમાં ખડુ(તલવાર), બીજા હાથમાં લોખંડનું હથિયાર, ત્રીજા હાથમાં વરમુદ્રા અને ચોથા હાથમાં અભય મુદ્રા ધરાવે છે.**

આજે નવરાત્રિના સાતમા નોરતે એટલે કે નવમી ઓક્ટોબર બુધવારે નવદુર્ગાના કાલરાત્રિ સ્વરૂપનું પૂજન અર્ચન થાય છે. મા કાલરાત્રિ દુષ્ટોનો નાશ કરનાર છે. એવું માનવામાં આવે છે કે માતા કાલરાત્રિની પૂજા કરનાર ભક્તો પર માતા રાણીની વિશેષ કૃપા રહે છે. આ દિવસે સાધકનું મન 'સહ સ્રાર ચક્ર'માં સ્થિત હોય છે. એટલે બ્રહ્માંડની સમસ્ત સિદ્ધિ ઓના દ્વાર ખૂલવા માંડે છે. દેવીના આ રૂપના આગમનમાત્રથી તમામ રાક્ષસો, ભૂત-પ્રેત પિશાચ અને નકારાત્મક ઊર્જાઓ પલાયન કરી જાય છે. કાલરાત્રિ માતાના શરીરનો રંગ ગાઢ અંધકાર જેવો કાળો છે. માથાના વાળ ખુલ્લાં હોય છે. ગળામાં વીજળીની જેમ ચમકતી માળા હોય છે. માતાને ત્રણ નેત્રો હોય છે.જેમાંથી વીજળી જેવી ચમકદાર કિરણો નીકળતી રહે છે માતા નાક વાટે શ્વાસોચ્છવાસ લે ત્યારે પણ અગ્નિની ભયંકર જ્વાળાઓ નીકળે છે.મા કાલ રાત્રિનું વાહન ગદર્ભ છે.

મા કાલરાત્રિના સ્વરૂપની વાત કરીએ તો માતા રાણીને ચાર હાથ છે. કાલરાત્રિ માતા ચાર ભુજા ધારી છે. જમણી બાજુની બે ભુજાઓ પૈકીની ઉપર ઉઠેલી ભુજા વડે માતા વરદાન પ્રદાન કરે છે. જ્યારે નીચે રાખેલો હાથ અભય મુદ્રા દર્શાવે છે. તે એક હાથમાં ખડુ(તલવાર), બીજા હાથમાં લોખંડનું હથિયાર,ત્રીજા હાથ માં વરમુદ્રા અને ચોથા હાથમાં અભય મુદ્રા ધરાવે છે. નવરાત્રિના સાતમા દિવસે મા કાલ રાત્રિની પૂજા કરવામાં આવે છે. સ્નાનાદિ કર્મ પતાવીને સ્વચ્છ વસ્ત્રો ધારણ કરવા. માતા રાણીને અક્ષત,ફૂલ, ધૂપ,ગંધક, ગોળ અને નૈવેદ્ય વગેરે વિધિપૂર્વક અર્પણ કરવું. મા કાલ રાત્રિને રાતરાણીના ફૂલો અર્પણ કરવા શુભ માનવામાં આવે છે. માતાને લાલ રંગ પસંદ છે. પૂજા બાદ મા કાલરાત્રિના મંત્રોનો જાપ કરવો જોઈએ. ત્યારબાદ મા દુર્ગા ની આરતી કરવી. મા કાલરાત્રિને ગોળમાંથી બનેલો નૈવેદ્ય ધરાવવો. માતાની પૂજા કરતી વખતે માથું ખુલ્લું ન રાખવું. સાફ વસ્ત્રથી ઢાંકી રાખવું. પૌરાણિક કથા પ્રમાણે શુભ અને નિશુભ નામક અસુરો નો સંહાર કરવા માટે દેવી પાર્વતી એ કાલરાત્રિ સ્વરૂપ ધારણ કરેલું હતું. માતાજીની ઉપાસના કરતા યમ, નિયમ, અને સંયમનુ પૂર્ણ પાલન કરવું જોઈએ અને મન, વચન, અને કાયાની પવિત્રતા રાખવી જોઈએ.

કરાલવંદના ધોરાં મુક્તકેશી ચતુ ર્ભુજામ્ । કાલરાત્રિ વિભૂષિતામ્ ॥ કરાલિક્રા દિવ્યાં વિદ્યુતમાલા દિવ્યં લોહવજ્ર ખડુ વામોધોધ્વ કરામ્બુજામ્ અભયં વરદાં ચૈવ દક્ષિણોધ્વાધઃ પાર્ણિ કામ્ મમ ॥

મહામેઘ પ્રભાં શ્યામાં તક્ષા ચૈવ ગર્દભારુઢા।

ઘોરદંશ કરાલાસ્યાં પીનોન્ત પયોધરામ્ ।।સુખ પપ્રસન્ન વદના સ્મેરાન્ન સરોરુહામએવં સચિયંત યેત્ કાલરાત્રિમ્ સર્વકામ્ સમૃદ્ધિ દામ્ ॥

યા દેવી સર્વભૂતેષુ માઁ કાલરાત્રિ રૂપેણ સંસ્થિતા। નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમો નમઃ ॥ એક વેધી જપાકર્ણપૂરા નગ્ના ખરા સ્થિતા ! લમ્બોષ્ઠી કર્ણિકા કણી તૈલાભ્યક્તશરીરિણી ॥ વામપદોલ્લસલ્લોહલતાકણ્વક ભૂષણા। વર્ધનમૂર્ધધ્વજા કૃષ્ણા કાલરાત્રિભયંકરી ॥ઓમ ક્લીં મે હદયં પાતુ પદૌ શ્રીકાલરાત્રિ ।લલાટે સતતં પાતુ તૃષ્ટગ્રહ નિવારિણી ॥

**રસનાં પાતુ કૌમારી, ભૈરવી ચક્ષુષો ર્ભમ ।**
**કટૌ પૃષ્ઠે મહેષાણી, કર્ણોશંકર ભામિની ॥**
**વર્જિતાની તુ સ્થાનાભિ યાનિ ચ કવચેન હિ ।**
**તાનિ સર્વાણી મે દેવીસતતંપાતુ સ્તમ્ભિની ॥**

મા કાલરાત્રિ દેખાવમાં ભલે ભયંકર હોય, પણ તેઓ હંમેશા શુભ ફળ આપે છે. આથી જ તેમણે 'શુભાકારી માતા' તરીકે પણ ઓળખવામાં આવે છે. માતાના ભક્તોએ માતાના વિકરાળ સ્વરૂપથી ડરવાની સહેજે જરૂર નથી. એ સ્વરૂપ માત્ર દુષ્ટ તત્વો માટે છે. એમના આ સ્વરૂપથી દાનવો, ભૂત-પ્રેત-પિશાચ,દુષ્ટ તત્વો,નકારાત્મક ઉર્જા વગેરે ભય પામીને પલાયન થઈ જાય છે. મા કાલરાત્રિ ગ્રહ બાધાઓને પણ દૂર કરે છે. એમના ઉપાસકોને અગ્નિ,જળ, જંતુ,શત્રુ,રાત્રિનો ભય નથી લાગતો. મા કાલરાત્રિની નિરંતર સાધના કરનારો મનુષ્ય ભય- મુક્ત બને છે.

આજે આસો સુદ સાતમ નવમી ઓકટોબર વારે માતાજીનું સાતમું નોરતું, જાણો માં કાલરાત્રીની પૂજાનું શુભ મુહૂર્ત, વિધિ અને ભોગ

નવરાત્રીનો પવિત્ર તહેવાર ચાલી રહ્યો છે. નવમી ઓકટોબર એટલે કે નવરાત્રિની સપ્તમી તિથિ છે. મહાસપ્તમી નવરાત્રિના સાતમા દિવસે આવે છે. આ દિવસે મા દુર્ગાના સાતમા સ્વરૂપ માં કાલરાત્રીની પૂજા કરવામાં આવે છે.હંમેશા શુભ પરિણામ આપવાના કારણે તેણીને શુભંકરી પણ કહેવામાં આવે છે.

મા કાલરાત્રી દુષ્ટોનો નાશ કરવા માટે જાણીતી છે, તેથી તેનું નામ કાલરાત્રી છે.મા કાલરાત્રી મા દુર્ગાનું સાતમું સ્વરૂપ,ત્રણ આંખોવાળી દેવી છે. એવું કહેવાય છે કે, નવરાત્રિ ના સાતમા દિવસે જે પણ મા કાલરાત્રિની આરાધના કરે છે તેની બધી પરેશાનીઓ દૂર થઈ જાય છે. મા કાલરાત્રીની પૂજા કરવાથી ભય અને રોગોનો નાશ થાય છે. તેની સાથે જ ભૂત-પ્રેત, અકાળ મૃત્યુ, રોગ, શોક વગેરે તમામ પ્રકારની પરેશાનીઓ માંથી મુક્તિ મળે છે.આવી સ્થિતિમાં, ચાલો જાણીએ મા કાલરાત્રિની પૂજાનો તિથિ અને શુભ સમય

મા કાલરાત્રીનું સ્વરૂપઃએવું કહેવાય છે કે, શુંભ, નિશુમ્ભ અને રક્તબીજને મારવા માટે દેવી દુર્ગા એ કાલરાત્રીનું રૂપ ધારણ કરવું પડ્યું હતું. દેવી કાલરાત્રીનું શરીર અંધકાર જેવું કાળું છે. તેમના શ્વાસમાંથી અગ્નિ નીકળે છે. માતાના વાળ લાંબા અને વિખરાયેલા છે. ગળાની માળા વીજળીની જેમ ચમકે છે. માતાની ત્રણ આંખો વિશાળ અને બ્રહ્માંડ જેવી ગોળ છે. માતાના ચાર હાથ છે, જેમાં એક હાથ ખડગ એટલે કે તલવાર, બીજામાં લોખંડી શસ્ત્ર, ત્રીજો હાથ અભય મુદ્રામાં અને ચોથો હાથ વરમુદ્રામાં છે.

પૂજા પદ્ધતિ સપ્તમી તિથિના દિવસે સવારે બ્રહ્મ મુહૂર્તમાં સ્નાન કરીને પૂજાની શરૂઆત કરવી જોઈએ. સ્નાન કર્યા પછી માતાની સામે ઘીનો દીવો પ્રગટાવો તેને લાલ ફૂલ અર્પણ કરો.મા કાલ રાત્રીની પૂજામાં મીઠાઈ,પાંચપ્રકાર ના ફળ,અક્ષત, ધૂપ,સુગંધ,ફૂલ અને ગોળ, નૈવેદ્ય વગેરેનો પ્રસાદ ધરાવવામાં આવે છે.આ દિવસે ગોળને વિશેષ મહત્વ આપવામાં આવ્યું છે. મા કાલરાત્રિને ગોળ અથવા તેમાંથી બનાવેલી વાનગી અર્પણ કરો. પૂજા પૂરી થયા પછી માતાના મંત્રોનો જાપ કરો અને તેમની આરતી કરો. દુર્ગા ચાલીસા અથવા દુર્ગા સપ્તશતીનો પાઠ પણ કરો.

મા કાલરાત્રિને ગોળ ખૂબ પ્રિય છે. આથી માતાને ગોળનો ભોગ ચઢાવો,તેનાથી બધી મનોકામના ઓ પૂર્ણ થાય છે અને માતા પ્રસન્ન થાય છે અને ભક્તો પર સદાય પોતાની કૃપા બનાવી રાખે છે.

મંત્ર. એમ્ હ્રીં કલીમ્ ચામુંડા વિચ્ચૈ કાલરાત્રિ દૈવ્યે નમઃ, કાલરાત્ર્યૈ નમઃ

ફટ શત્રુન સાધય ઘાતય

હ્રીં કલીમ્ દુર્ગતિ નાશિન્યૈ મહામાયાયૈ સ્વાહા

ધ્યાન મંત્ર

એકવેણી જપાકર્ણપૂરા નગ્નાખરા સ્થિતા લમ્બોસ્ટી કર્ણિકાકર્ણિ તૈલાભ્યકત શરીરિણી વામપાદોલ્લ સલ્લોહલતા કણટક ભૂષણા વર્ધનમૂર્ધ્વજા કૃષ્ણા કાલરાત્રિર્ભયડકરી!!

વાચક ચાહક મિત્રો, રાજયમાં ઋષિ જગના હદય મનની વિહવળતા જેવો ઉકળાટ પ્રજામાં પણ છે બિચારી પ્રજા મૌન છે. આજે આસો સુદ છઠ્ઠ સાતમું નોરતું મા શક્તિ પ્રજાને તાકાત આપે અને ભગવતી સૌનું કલ્યાણ કરે તેવી પ્રાર્થના.

### જાની માસ્ટર વિરુદ્ધ જાતીય શોષણની ફરિયાદ, દુષ્કર્મનો આક્ષેપ કરાયો

# સ્ત્રી-૨ના કોરિયોગ્રાફરનો રાષ્ટ્રીય એવોર્ડ છીનવાયો

દેશભરમાં ધૂમ મચાવનારી સુપરહિટ ફિલ્મ ‘સ્ત્રી ૨’ના કોરિયોગ્રાફર જાની માસ્ટર ઉર્ફે શેખ જાની બાશા પર તેમની જ આસિસ્ટન્ટ કોરિયોગ્રાફરે દુષ્કર્મ ગુજારવાનો આરોપ મુકતા ફિલ્મ ઉદ્યોગમાં મહિલાઓના જાતીય શોષણનો મામલો ફરીથી ચર્ચામાં આવ્યો છે. જાની પરના આક્ષેપોને પગલે તેની પાસેથી શ્રેષ્ઠ કોરિયોગ્રાફરનો નેશનલ એવોર્ડ છીનવી લેવાયો છે. સૂચના અને પ્રસારણ મંત્રાલયે રવિવારે આ માહિતી આપી હતી. હકીકતમાં, જાનીની આસિસ્ટન્ટ યુવતીએ ૧૫ સપ્ટેમ્બરે તેલંગાણાના સાયબરાબાદ રાયદુરગામ પોલીસ સ્ટેશનમાં જાની માસ્ટર વિરુદ્ધ જાતીય શોષણની ફરિયાદ નોંધાવી હતી.જાની માસ્ટરને વર્ષ ૨૦૨૨માં રીલિઝ થયેલી ધનુષની ફિલ્મ ‘તિરુચિત્રમ્બલમ’ના ગીત ‘મેઘમ કારુકથા’ના નૃત્યને કોરિયોગ્રાફ કરવા માટે રાષ્ટ્રીય પુરસ્કાર આપવામાં આવ્યો હતો. તેણે સતીશ કૃષ્ણન સાથે આ ગીતની કોરિયોગ્રાફી કરી હતી. તેણે સ્ત્રી ૨ના ગીત ‘આયે નહીં’ અને પુષ્પાના ગીત ‘શ્રીવલ્લી’ની કોરિયોગ્રાફી પણ કરી છે.જાની માસ્ટર વિરુદ્ધ કેસ દાખલ કરનાર યુવતીનો આરોપ છે કે તેણે ચેન્નાઈ, મુંબઈ અને હૈદરાબાદમાં અલગ-અલગ પ્રોજેક્ટના શૂટિંગ દરમિયાન તેનું યૌન



શોષણ કર્યુ હતું. તેણે હૈદરાબાદ સ્થિત તેના ઘરે પણ ઘણી વખત તેની સાથે દુર્વ્યવહાર કર્યો હતો. યુવતીએ પોતાની ફરિયાદમાં જણાવ્યું હતું કે તે જાની માસ્ટરને વર્ષ ૨૦૧૭માં એક કાર્યક્રમમાં મળી હતી. બે વર્ષ પછી, જાનીએ તેને તેના સહાયક કોરિયોગ્રાફરની નોકરીની ઓફર કરી, જે તેણીએ સ્વીકારી હતી. આ પછી, મુંબઈમાં એક શો દરમિયાન, જાનીએ હોટલમાં તેની જાતીય સતામણી કરી હતી. યુવતીનો આરોપ છે કે આ પછી જાનીએ તેને ડરાવી-ધમકાવીને તેનું શોષણ કરવાનું ચાલુ રાખ્યું હતું. તેઓ સતત તેના પર લગ્ન માટે દબાણ કરતા હતા. એટલું જ નહીં, તેઓ તેને એકવાર તેમના ઘરે લઈ ગયા હતાં જ્યાં જાની અને તેની પત્ની (આયેશા)એ તેને માર માર્યો હતો.

### દીકરાને કહ્યું, ‘ગૂગલ કરીને જો ટેરો બાપ કંઈ ચીજ છે?’

# દિવાળી પર લંકા બાળશે બાજીરાવ સિંઘમ

ટ્રેલરની શરૂઆતમાં રામાયણનો સંદર્ભ જોવા મળે છે. શરૂઆતમાં, સિંઘમનો પુત્ર તેના પિતાને પૂછતો જોવા મળે છે કે જો રાવણ જેવો કોઈ તેની માતાનું અપહરણ કરે છે, તો શું તે પણ રામજીની જેમ તેને બચાવવા જશે. તેના પર સિંઘમ કહેતા જોવા મળે છે કે ગૂગલ પર બાજીરાવ સિંઘમ ટાઈપ કરો, તમને તમારા પિતા વિશે અને તમારા પિતા વિશે ખબર પડશે. આ ટ્રેલરમાં અજય દેવગનનો પાવરફુલ વોઈસ ઓવર પણ સાંભળી શકાય છે. આમાં તે કહેતા જોવા મળે છે કે, “ભારતની આ પરંપરા રહી છે, જો માતા સીતાનું અપહરણ



થાય છે, તો લંકા બાળી નાખવામાં આવે છે. ઈતિહાસનું પુનરાવર્તન થવા જઈ રહ્યું છે. તે એક શબ્દ માટે લંકાને બાળી નાખશે.”આ ટ્રેલરમાં દીપિકા પાદુકોણનું શાનદાર પ્રદર્શન પણ જોવા મળ્યું છે. આમાં તે શક્તિ શેટ્ટીના રોલમાં છે. ટ્રેલરમાં દીપિકા સિંઘમને પોતાના ગુરુ કહેતી પણ જોવા મળે છે. ટ્રેલરમાં ટાઈગર શ્રોફની ઝલક પણ જોવા મળે છે. ફિલ્મના ટ્રેલર પરથી જાણવા મળે છે કે ફિલ્મમાં સિંઘમ પોતાની પત્નીને બચાવવા માટે શ્રીલંકામાં અંડરકવર મિશન કરશે. ફિલ્મમાં ટાઈગરને લક્ષ્મણની જેમ બતાવવામાં આવ્યો છે. જ્યારે રણવીર સિંહને હનુમાનની જેમ દર્શાવવામાં આવ્યો છે. તે જ સમયે, અક્ષય કુમાર પણ ટ્રેલરના અંતમાં જોવા મળે છે, જેને જટાયુની જેમ રજૂ કરવામાં આવ્યો છે. આ ફિલ્મમાં અર્જુન કપૂર વિલનની ભૂમિકામાં છે. તેને કળિયુગના રાવણની જેમ પ્રેક્ષકો સમક્ષ રજૂ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. ચાર મિનિટ ૫૮ સેકન્ડના આ ટ્રેલરમાં એવા તમામ તત્વો છે જે ફિલ્મને બોક્સ ઓફિસ પર ભારે નફો કમાઈ શકે છે. હવે એ જોવાનું રસપ્રદ રહેશે કે ભૂલ ભૂલૈયા ૩ આ ફિલ્મને ટિકિટ બારી પર કેટલી સ્પર્ધા આપી શકે છે.

### તનુ વેડ્સ મનુમાં માધવન એક જ રોલમાં જોવા મળશે

# ત્રીજી સીક્વલમાં કંગના રણોતના ટ્રિપલ રોલ

**કંગના રણોત અને આર મધવને ૨૦૧૧ના વર્ષમાં ‘તનુ વેડ્સ મનુ’માં પહેલી વાર સાથે કામ કર્યુ હતું**



કંગના રણોત અને આર મધવને ૨૦૧૧ના વર્ષમાં ‘તનુ વેડ્સ મનુ’માં પહેલી વાર સાથે કામ કર્યુ હતું. આશ્ચર્યજનક રીતે આ ફિલ્મ બોક્સઓફિસ પર હિટ પુરવાર થઈ હતી. ડાયરેક્ટર આનંદ એલ. રાયએ ચાર વર્ષ બાદ ફરી તેમને ભેગા કર્યા હતા અને બ્લોકબસ્ટર ફિલ્મ આપી હતી. હિન્દીમાં લેડી હીરો ધરાવતી ફિલ્મોમાં સૌથી વધુ બિઝનેસ ‘તનુ વેડ્સ મનુ રિટર્ન્સ’ને મળ્યો હતો. હવે તેની ત્રીજી ફિલ્મ બનાવવાની તૈયારીઓ શરૂ થઈ છે. રાઈટર હિમાંશુ શર્મા અને આનંદ એલ. રાયએ સ્ક્રિપ્ટ ફાઈનલ કરી દીધી છે. તનુ વેડ્સ મનુની શરૂઆત ખૂબ જ સાહજિક અને સ્વાભાવિક રાખવામાં આવી છે. તેને વાસ્તવિક સીક્વલ બનાવવા માટે મેકર્સે પહેલો અને ત્રીજા ભાગ જ્યાં અટક્યો હતો ત્યાંથી ત્રીજી ફિલ્મ બનાવવાનું વિચાર્યુ છે. અગાઉની બંને ફિલ્મોની જેમ તેમાં કોમેડી, રોમાન્સ અને ડ્રામા જોવા મળશે. ફિલ્મનું શૂટિંગ શરૂ થવામાં ૮-૧૦ મહિના લાગી શકે છે. કંગના રણોતને ત્રીજી ફિલ્મમાં ત્રણ રોલ આપવામાં આવશે, જ્યારે માધવનનું કેરેક્ટર માત્ર એક જ રોલમાં જોવા મળશે. કંગના કરિયરમાં પહેલી વખત ટ્રિપલ રોલ કરવાની છે. ‘તનુ વેડ્સ મનુ રિટર્ન્સ’માં કંગનાના ડબલ રોલ હતા. કંગનાના ડબલ રોલ કર્યા પછી પહેલી સીક્વલને વધારે સફળતા મળી હતી. તે જ રીતે ત્રણ કર્યા પછી ત્રીજી ફિલ્મને વધારે સફળતા મળવાની અપેક્ષા ફિલ્મ મેકર્સ રાખી રહ્યા હોય તેવી શક્યતા છે.

### રૂ.૯૦ કરોડમાં ડિજિટલ અને સેટેલાઈટ્સ રાઈટ્સ વેચાયા

# જિગરાએ રિલીઝ પહેલાં જ બજેટ સરભર કર્યુ

**જ્યારે ‘જિગરા’માં ભાઈને બચાવવા માટે બહેને હાથમાં હથિયાર ઉપાડેલા છે**

આલિયા ભટ્ટની એક્શન-ઈમોશનલ મૂવી ‘જિગરા’ કેટલાક સમયથી ચર્ચામાં છે. આ ફિલ્મમાં આલિયાના ભાઈનો રોલ વેદાંગ રૈનાએ કર્યો છે. સામાન્ય રીતે ફિલ્મોમાં બહેનન રક્ષા ભાઈ કરતો હોય છે, જ્યારે ‘જિગરા’માં ભાઈને બચાવવા માટે બહેને હાથમાં હથિયાર ઉપાડેલા છે. આલિયાની એક્ટિંગ અને કેરેક્ટરના વખાણ તેની રિલીઝ પહેલાં જ થઈ રહ્યા છે. આ પોઝિટિવ પબ્લિસિટીના કારણે ફિલ્મે રિલીઝ પહેલાં જ બજેટ જેટલો ખર્ચ વસૂલ કરી દીધો છે. ડિજિટલ અને સેટેલાઈટ રાઈટ્સના વેચાણમાંથી ફિલ્મને રૂ.૯૦ કરોડની આવક થઈ છે. રિપોર્ટ્સ મુજબ,



ફિલ્મનું બજેટ રૂ.૮૦ કરોડનું છે. પબ્લિસિટી માટે રૂ.૧૦ કરોડનો ખર્ચ થયેલો છે. એકંદરે આ ફિલ્મ રૂ.૯૦ કરોડમાં પડેલી છે. ધર્મા પ્રોડક્શન્સની આ ફિલ્મના ડિજિટલ અને સેટેલાઈટ રાઈટ્સ રૂ.૯૦ કરોડમાં ફાઈનલ થયા છે, જેના કારણે રિલીઝ પહેલાં જ તેણે બજેટ સરભર કરી દીધું છે. ફિલ્મને મ્યૂઝિક રાઈટ્સ અને થીયેટરમાંથી જે આવક થાય, તે સીધો નફો જ હશે. આલિયાની આ ફિલ્મનું ડાયરેક્શન વાસન બાલાએ કરેલું છે. આલિયા અને વાસને અગાઉ આલિયા સાથે ‘મોનિકા ઓ માય ડાર્લિંગ’માં સાથે કામ કર્યુ હતું. આ ફિલ્મ નેટફિલક્સ પર રિલીઝ થઈ હતી. આલિયાની ‘જિગરા’ માટે રૂ. ૭૦ કરોડ ચૂકવવા નેટફિલક્સે તૈયારી બતાવી છે. રૂ.૨૦ કરોડની આવક સેટેલાઈટ રાઈટ્સમાંથી થઈ રહી છે. આલિયા અને વેદાંગ પૂરા જોશથી ‘જિગરા’નું પ્રમોશન કરી રહ્યા છે. ફિલ્મમાં ભાઈ માટે જેલ તોડીને બહાર નીકળતી બહેનની સ્ટોરી છે. તેના ત્રણ ગીતો રિલીઝ થયાં છે અને ઓડિયન્સને પસંદ આવ્યા છે. સેન્સર બોર્ડે તેને U/A રેટિંગ આપેલું છે. એકંદરે બે કલાક અને ૩૫ મિનિટનો રન ટાઈમ ધરાવતી આ ફિલ્મ ૧૧ ઓક્ટોબરે રિલીઝ થવાની છે. ‘જિગરા’માં આલિયાએ લીડ રોલ ઉપરાંત કો-પ્રોડ્યુસર તરીકે પણ જવાબદારી નિભાવી છે.

**અંજિનીએ આ ફિલ્મ સાથે ડેબ્યુ કર્યું છે**

# જનરેશન ગેપનું ઈમોશનલ સોલ્યુશન આપતી ‘બિન્ની એન્ડ ફેમિલી’ ફિલ્મ

### ઘણી હિટ ફિલ્મોથી ભરેલા આ વર્ષમાં ‘બિન્ની એન્ડ ફેમિલી’એ બોલિવૂડના કૌટુંબિક ફિલ્મોના સુવર્ણ યુગની યાદોને ફરી તાજી કરી છે



ઘણી હિટ ફિલ્મોથી ભરેલા આ વર્ષમાં ‘બિન્ની એન્ડ ફેમિલી’એ બોલિવૂડના કૌટુંબિક ફિલ્મોના સુવર્ણ યુગની યાદોને ફરી તાજી કરી છે. વિવેચકોના વખાણ મેળવી રહેલી આ ફિલ્મ તમામ ઉંમરના દર્શકોને ગમી રહી છે. આ ફિલ્મ પ્રેક્ષકોને પરિવારો સહિત થિયેટરોમાં પાછા ખેંચી રહી છે. બે પેઢીઓ વચ્ચેના સંબંધોનું અનોખી રીતે ચિત્રણ કરવાને કારણે થિયેટરો પેક જઈ રહ્યા છે. બીજા જ સપ્તાહમાં મળી રહેલા ઊંચા પ્રતિસાદને કારણે દેશભરના શહેરોમાં વધુ શો ઉમેરવામાં આવ્યા છે.બાલાજી ટેલિફિલ્મ અને મહાવીર જૈન દ્વારા ફુકરેના દિગ્દર્શક મૃગદીપ સિંહ લાંબા સાથે પ્રસ્તુત કરાઈ રહેલી બિન્ની એન્ડ ફેમિલી એક મોર્ડન બળવાખોર યુવતી, બિન્ની અને તેના રૂઢિચુસ્ત દાદાની હૃદયસ્પર્શી વાર્તા છે. લંડનના બેકગ્રાઉન્ડમાં શૂટ થયેલી આ ફિલ્મ હળવા અંદાજમાં પરંપરા અને આધુનિકતા વચ્ચેના નાજુક ઈમોશનલ બેલેન્સને દર્શાવે છે. જનરેશનલ ગેપના દૂર કરવા માટેના પડકારો અને સફળતાઓને સરસ રીતે બતાવે છે. હમ આપકે હૈ કૌન અને વિવાહ જેવી બોલિવૂડ ક્લાસિક ફિલ્મોની શ્રેણીમાં મૂકી શકાય તેવી બિન્ની એન્ડ ફેમિલીને વર્ષની જોવી જ પડે તેવી કૌટુંબિક ફિલ્મ તરીકે વધાવવામાં આવી રહી છે.અદાણી રિયલ્ટી દ્વારા સંચાલિત ધ બેલ્વેડેર ગોલ્ફ એન્ડ કન્ટ્રી ક્લબના પ્રમોટર રાકેશ શાહે આ ફિલ્મ અંગેના તેમના વિચારો શેર કરતાં જણાવ્યું હતું કે, “તે આપણને યાદ અપાવે છે કે કૌટુંબિક વ્યવસ્થાને ટકાવી રાખવા અને તેની વૃદ્ધિ માટે જનરેશનલ ગેપને પૂરવો જરૂરી છે. જ્યારે માતા-પિતાએ યુવા પેઢીની લાગણીઓ અને આકાંક્ષાઓને સમજવાનો પ્રયત્ન કરવો જોઈએ, ત્યારે યુવાનોએ તેમના વડીલોના ડહાપણ અને અનુભવોની કદર કરવી પણ એટલી જ મહત્વપૂર્ણ છે. આ ફિલ્મ તે સંતુલનને સુંદર રીતે કેપ્ચર કરે છે.”સુભાષ ઘાઈ, ડેવિડ ધવન અને કરણ જોહર જેવા બોલિવૂડના દિગ્ગજ કલાકારોએ ફિલ્મની પ્રશંસા કરી છે. આજના સમયમાં તેની ઊંડી ઈમોશનલ ઈમ્પેક્ટ અને પ્રાસંગિકતાને સ્વીકારી છે.

# સલમાનની દિલદારી: ચાર્જ લીધા વગર ચાર ફિલ્મોમાં કેમિયો કરશે

**‘કિક’ની સીક્વલમાં સલમાન નક્કી, જેકલીન રીપ્લેસ થઈ શકે**

સ્ટાર વેલ્યુ અને રોલના મહત્ત્વના આધારે કોઈ ફિલ્મમાં કેમિયો માટે પણ કરોડો રૂપિયા મળતા હોય છે. કેટલાક કિસ્સામાં તો આખી ફિલ્મમાં લીડ રોલ કરતાં અડધી રકમ થોડી મિનિટના રોલમાં ચૂકવાઈ હોવાનું પણ બન્યું છે. જો કે સલમાન ખાનના કેમિયો દોસ્તીમાં થતા હોય છે. ચાર બિગ બજેટ ફિલ્મમાં સલમાન ખાનનો કેમિયો ફાઈનલ થયો છે અને ચારેય ફિલ્મમાં કોઈ પણ ચાર્જ લીધા વગર સલમાન કામ કરવાના છે..બોલિવૂડના ચાહકોમાં દબંગ અને ટાઈગર જેવા નામથી ઓળખાતા સલમાન ખાનને લોકો પ્રેમથી ભાઈજાન કહે છે. સલમાન ખાન આગામી સમયમાં સિંઘમ અગેઈન, બેબી જ્હોન, સ્ટારડમ અને સફરમાં કેમિયો કરવાના છે. આ ચારેય ફિલ્મની ટીમને સપોર્ટ કરવા સલમાને સ્પેશિયલ રોલ સ્વીકારયો છે. રિપોર્ટ્સ મુજબ, સલમાને કોઈ પણ ફી લીધા વગર આ કેમિયો કરવાનો નિર્ણય લીધો છે. સલમાન ખાનના ફિલ્મી કરિયર ત્રણ દાયકાની છે અને આયલા વર્ષોમાં સલમાને ઈન્ડસ્ટ્રીમાં ઘણાં મિત્રો બનાવ્યાં છે. અગાઉ સલમાને ‘પઠાણ’, ‘તીસ માર ખાન’, ‘સન ઓફ સરદાર’ જેવી ફિલ્મોમાં કેમિયો કરેલા છે.ઘણાં ચાલકો સલમાનનો કેમિયો જોવા માટે થીયેટરમાં જતા હોય છે. સલમાનની સ્ટાર વેલ્યુની મદદથી ફિલ્મને સપોર્ટ આપવાનું ફિલ્મ મેકર્સ વિચારે છે. સલમાને તાજેતરમાં વરુણ ધવનનો લીડ રોલ ધરાવતી ‘બેબી જ્હોન’માં કેમિયોનું શૂટિંગ પૂરું કર્યુ છે. આ કેમિયોમાં સલમાન અને વરુણની દોસ્તી તથા એક્શન સીન્સ સમાવાયા છે. રોહિત શેટ્ટીની મલ્ટિ સ્ટાર ફિલ્મ ‘સિંઘમ અગેઈન’નું શૂટિંગ ટૂંક સમયમાં મુંબઈ ખાતે સ્ટુડિયોમાં થવાનું છે. આ ફિલ્મમાં સલમાન ખાન ‘દબંગ’ પોલીસ ચુલબુલ પાંડેના રોલમાં જોવા મળશે. તેમની સાથે બાજીરાવ સિંઘમ એટલે કે અજય દેવગન પણ છે. શાહરૂખના દીકરા આર્યનની ‘સ્ટારડમ’માં કેમિયોનું શૂટિંગ સલમાને થોડા દિવસ પહેલાં જ પૂરું કર્યુ છે. ‘સ્ટારડમ’ આર્યનની પ્રથમ વેબ સિરીઝ છે અને પહેલી વખત સલમાન પણ વેબ સિરીઝમાં જોવા



મળશે. આમ, સલમાન અને આર્યનની ઓન સ્ક્રિન કેમિસ્ટ્રી રસપ્રદ બની રહેશે. સની દેઓલની ‘સફર’માં સલમાનનો કેમિયો છે, જેમાં તેમણે સુપરસ્ટારનો રોલ કર્યો છે. આ નાનકડા રોલમાં સલમાનની ઓનસ્ક્રિન ઈમેજને રજૂ કરવામાં આવી છે. સલમાનનો લીડ રોલ ધરાવતી ફિલ્મોની વાત કરીએ તો હાલ ‘સિકંદર’નું શૂટિંગ ચાલી રહ્યું છે, જે ઈદ ૨૦૨૫માં રિલીઝ થવાની છે. આ ઉપરાંત ૨૦૧૪ની હિટ ફિલ્મ ‘કિક’ની સીક્વલ બનાવવાની જાહેરાત પણ પ્રોડ્યુસર સાજિદ નડિયાદવાલાએ કરી છે. સાજિદ નડિયાદવાલાએ ઈન્સ્ટાગ્રામ પોસ્ટમાં સલમાનનો મોનોક્રોમ ફોટોગ્રાફ શેર કર્યો હતો. કેપ્શનમાં કિક ૨ બનાવવાનું એલાન કરવાની સાથે સાજિદે સલમાનની આગામી ફિલ્મ સિકંદરનું પ્રમોશન પણ કર્યુ હતું. ભારતીય ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં કેટલાક સમયથી સીક્વલનો ટ્રેન્ડ શરૂ થયો છે. સલમાનની ટાઈગર ફ્રેન્ચાઈઝની ત્રીજી ફિલ્મ રિલીઝ થઈ ત્યારે પણ ‘કિક’ની સીક્વલ અંગે ચર્ચાઓ શરૂ થઈ હતી.

# બેગમ નૌરીને ૭૭ વર્ષની વયે લીધા અંતિમ શ્વાસ

સિંગર અદનાન સામી ની માતા બેગમ નૌરીન સામીનું નિધન થયું છે, જેની માહિતી અદનાને પોતે સોશિયલ મીડિયા પર આપી છે. અદનાન સામી તેની માતાના અવસાનથી દુ:ખી છે અને તેણે ભાવનાત્મક પોસ્ટ શેર કરીને બેગમ નૌરીનને શ્રદ્ધાંજલિ અર્પણ કરી.થોડા દિવસો પહેલા બોલિવૂડ અભિનેત્રી મલાઈકા અરોરાના પિતાના નિધનથી મનોરંજન જગત આઘાતમાં હતું અને હવે અદનાન શમીની માતાના નિધનના સમાચારે ફરી એકવાર ફિલ્મ





ઈન્ડસ્ટ્રીને હચમચાવી દીધી છે. અદનાને ખુદ તેની માતા બેગમ નૌરીન સામીના નિધનની જાણકારી સોશિયલ મીડિયા પર આપી છે.આ સમાચારથી ગાયક અને તેના પરિવાર માટે ભારે દુખ થયું છે. આ સિવાય અદનાન સામીએ તેની માતાને શ્રદ્ધાંજલિ આપતા સોશિયલ મીડિયા પર એક ઈમોશનલ પોસ્ટ પણ શેર કરી છે. અદનાન સામી તેની માતાના અવસાનથી દુ:ખી છે અને તેણે ભાવનાત્મક પોસ્ટ શેર કરીને બેગમ નૌરીનને શ્રદ્ધાંજલિ અર્પણ કરી જીવનનો સૌથી મુશ્કેલ તબક્કો એ છે જ્યારે તમારી માતાનો પડછાયો તમારા મગજમાંથી ગાયબ થઈ જાય છે. હાલમાં ગાયક અદનાન સામીની પણ આવી જ હાલત છે. સોમવારે અદનાને તેના સત્તાવાર ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર એક પોસ્ટ દ્વારા તેની માતા બેગમ નૌરીન સામીના નિધનની માહિતી આપી હતી. જેમાં તેની માતાની તસવીર હાજર છે. અદનને આ પોસ્ટમાં લખ્યું છે.

### રિયા ચક્રવર્તીએ ફિલ્મોમાં કમબેક માટે ઘણાં પ્રયાસ કર્યા છે

# રૂપિયા ૫૦૦ કરોડના મોબાઈલ એપ કૌભાંડમાં રિયા ચક્રવર્તીને સમન્સ



### ઈન્ફ્લુએન્સરના પ્રમોશન-આકર્ષક વળતરની ખાતરીના પગલે ૩૦,૦૦૦થી વધુ લકોએ તેમાં રોકાણ કર્યું હતું

પર્સનલ અને પ્રોફેશનલ લાઈફન કારણે ચર્ચામાં રહેતી રિયા ચક્રવર્તીનું નામ રૂ.૫૦૦ કરોડના કૌભાંડમાં ઉછળ્યું છે. પોતાના પોડકાસ્ટ સાથે કમબેક કરવા મથી રહેલી રિયાને દિલ્હી પોલીસે સમન્સ પાઠવ્યા છે. સામાન્ય રોકાણકારોને આકર્ષક વળતરની લાલચ આપી રૂ.૫૦૦ કરોડની ઠગાઈ કરનારી મોબાઈલ એપ સાથે રિયાનું કનેક્શન બહાર આવ્યું છે. રિપોર્ટ્સ મુજબ, રિયા સહિત અનેક સેલિબ્રિટી તથા ઈન્ફલુએન્સરે આ એપ્લિકેશનને પ્રમોટ કરી હતી. એક્ટર સુશાંત સિંહ રાજપૂત સાથેના સંબંધોના કારણે રિયા ચક્રવર્તીને લોકો ઓળખતા થયાં છે. રિયાએ ફિલ્મોમાં કમબેક માટે ઘણાં પ્રયાસ કર્યા છે, પરંતુ તેમાં સફળતા મળી નથી. જેના કારણે તેણે પોડકાસ્ટ થકી લોકોનું ધ્યાન ખેંચવા પ્રયાસ શરૂ કર્યો છે. રિયાને HiBox નામની મોબાઈલ એપનું પ્રમોશન કર્યુ હતું. કોમેડિયન ભારતી સિંહ અને યુ ટ્યુબર એલ્વિશ યાદવે પણ તેનું પ્રમોશન કર્યુ હતું. HiBoxમાં રોકાણકારોને આકર્ષક વળતરની લાલચ આપવામાં આવતી હતી. ઝડપથી વિશ્વાસ સંપાદિત કરવા આ એપ દ્વારા ઈન્ફલુએન્સની મદદ લેવામાં આવી હતી. આ એપમાં મહિને ૩૦થી ૯૦ ટકા વળતરની ખાતરી અપાતી હતી. ઈન્ફલુએન્સરના પ્રમોશન અને આકર્ષક વળતરની ખાતરીના પગલે ૩૦,૦૦૦થી વધુ લકોએ તેમાં રોકાણ કર્ય હતું. ફેબ્રુઆરી મહિનામા લોન્ચ થયેલી આ એપ દ્વારા જુલાઈ મહિનાથી વળતર ચૂકવવાનું બંધ થયું છે. આ મામલે ચેન્નાઈના સૂત્રધાર શિવરામની ધરપકડ કરી પોલીસે રૂ.૧૮ કરોડ રીકવર કર્યા છે. જેના પગલે અનેક લોકોએ HiBox સામે ફરિયાદ નોંધાવી છે. રિયા અને એલ્વિશ સહિત ૨૦ જેટલા ઈન્ફલુએન્સર્સે આ એપનું પ્રમોશન કર્યુ હતું, જેથી દિલ્હી પોલીસે આ તમામને નોટિસ ફટકારી છે.

# ઝાલોદ તાલુકાના વસ્તી પ્રાથમિક શાળા ખાતે તાલુકા કક્ષાનું બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન ધારાસભ્ય મહેશ ભૂરીયાની પ્રેરક ઉપસ્થિતિમા યોજાયું



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૮ ।

ઝાલોદ તાલુકાના વસ્તી પ્રાથમિક શાળા ખાતે તાલુકા કક્ષાનું બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન ધારાસભ્ય મહેશ ભૂરીયાની પ્રેરક ઉપસ્થિતિમાં તારીખ ૦૭-૧૦-૨૦૨૪ ના રોજ યોજાયું હતુ. આ પ્રદર્શનમા ધારાસભ્ય મહેશ ભૂરીયા ઉપરિયાત રહી બાળ વેજ્ઞાનિકોને પ્રોત્સાહન આપ્યું હતું. તેમજ બાળકોમાં વધુ આત્મ વિશ્વાસ સંપાદન થાય તે માટે બાળકોને પ્રોત્સાહન પૂરું પાડવા માટે ઈનામ પણ આપ્યું હતુ, આ બાળ વૈજ્ઞાનિક એવા બાળકોએ કુલ ૧૫૦ કૃતિ બાળ વૈજ્ઞાનિકો દ્વારા રજૂ કરવામાં આવી હતી. તેમાં પાંચ વિભાગમાં પ્રથમ નંબરની કૃતિ જિલ્લા કક્ષાના બાળ વૈજ્ઞાનિક પ્રદર્શનમા ભાગ લેશે. બાળ વેજ્ઞાનિન પ્રદર્શનમાં



ઝાલોદ તાલુકાના લાયઝન અને કાપટના પ્રાચાર્ય આર.જી મુનિયા, પૂર્વ જિલ્લા પંચાયતમ પ્રમુખ શિતલબેન વાઘેલા હાજર રહ્યા હતા તેમજ ટી. પી.ઈ.ઓ અતુલભાઈ ભભોર બી.આર.સી.કકો. ઓ કલ્પેશ.ડી. મૂનીયાએ આભારવિધી કરી કાર્યક્રમને સમાપન કર્યો હતો.

# મોરવા હડફ થી ૧૦૮ એમ્બ્યુલન્સને લઈ ભાગી જનાર અસ્થિર દિમાગના વ્યક્તિને ઝડપી પાડતી ઝાલોદ પોલીસ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૮ ।

જાણવા મળેલ બાબત મુજબ મોરવા હડફની ૧૦૮ એમ્બ્યુલન્સ લઈ તેનો ચાલક એક હોસ્પિટલમા કામ અર્થે રોકાયો હતો ત્યારે ૧૦૮ એમ્બ્યુલન્સમા ચાલક દ્વારા એમ્બ્યુલન્સમા ગાડીની ચાવી લગાવેલી રહી ગઈ હતી તે દરમિયાન એક અજાણ્યા યુવક એમ્બ્યુલન્સમા ચાવી લાગેલ જોઈ એમ્બ્યુલન્સ હંકારી લઈ ગયેલ હતો. તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સના ચાલક દ્વારા પોલિસ તંત્રનો સંપર્ક સાધતા મોરવા હડફ પોલિસ એક્શન મોડ પર આવી તાત્કાલિક આગળની પોલિસ ચોકીઓ પર સંપર્ક કરી ૧૦૮ એમ્બ્યુલન્સ લઈ જનાર ચાલકને પકડી પાડવાના ચક્રો ગતિમાન કર્યા હતા. આ ૧૦૮ એમ્બ્યુલન્સ સુખસર પોલીસ રેન્જ બહાર જતા તેમણે ઝાલોદ પોલીસ સ્ટેશનનો સંપર્ક કર્યો હતો તાત્કાલિક ઝાલોદ પોલિસ દ્વારા ૧૦૮ એમ્બ્યુલન્સ પકડી પાડવા માટે પોલિસ ટીમ તૈયાર કરી હતી ત્યારે બાતમી વાળી ૧૦૮



એમ્બ્યુલન્સ કલજીની સરસવાણી પાસે આવેલ વેલપુરા ગામની પાસે થી ઝડપી પાડી હતી. ઝાલોદ પોલિસ દ્વારા તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સને ચાલક સાથે પકડી પાડી પોલિસ સ્ટેશનમા લઈ જવામાં આવેલ હતા. ત્યાં પોલિસ દ્વારા વધુ તપાસ કરતા જાણવા મળેલ હતું કે ૧૦૮ એમ્બ્યુલન્સ લઈ આવનાર યુવક અસ્થિર મગજનો છે. ત્યારબાદ મોરવા હડફ પોલિસ ઝાલોદ પોલિસ સ્ટેશને આવી ૧૦૮ એમ્બ્યુલન્સ અને ચાલકને લઈ મોરવા હડફ લઈ ગયેલ હતા. આ બનાવમાં ચાલક ખરેખર અસ્થિર દિમાગનો છે કે જાણીને આવું કૃત્ય કરેલ છે તે તપાસ માટે મોરવા હડફ પોલિસ દ્વારા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# ટપાલ ટિકિટ કોઈપણ રાષ્ટ્રની સભ્યતા, સંસ્કૃતિ અને વારસાનું વાહક છે : પોસ્ટ માસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવ

## ડાક ટિકિટ સંગ્રહના પ્રત્યે અભિરૂચિ માટે ડાક વિભાગ શાળાઓમાં ફિલેટલી ક્લબ શરૂ કરશે : પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવ



### રાષ્ટ્રીય ડાક સપ્તાહઅંતર્ગત અમદાવાદ જીપીઓ ખાતે પોસ્ટ માસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવ દ્વારા 'ફિલાટેલી ડે'નું ઉદ્ઘાટન કરવામાં આવ્યું

। અમદાવાદ, તા.૮ ।

ડાક ટિકિટ કોઈપણ રાષ્ટ્રની સભ્યતા, સંસ્કૃતિ અને વારસાના સંવાહક છે. તેથી જ ડાક ટિકિટને નન્હા રાજદૂત કહેવામાં આવે છે. ઉપરોક્ત નિવેદન ઉત્તર ગુજરાત પરીક્ષેત્ર, અમદાવાદના પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવએ 'રાષ્ટ્રીય ડાક સપ્તાહ'ના પ્રસંગે અમદાવાદ જીપી ઓમાં ૮ ઓક્ટોબરે આયોજિત ફિલાટેલી દિવસના કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે વ્યકત કર્યા. આ પ્રસંગે વિવિધ શાળાના બાળકોએ ફિલાટેલી બ્યુરોની મુલાકાત લીધી હતી અને ટપાલ ટિકિટ વિશે માહિતી મેળવી હતી. વિદ્યાર્થીઓને ફિલાટેલી ડિપોઝીટ એકાઉન્ટ, માય સ્ટેમ્પ, દીન દયાલ સ્પર્શ શિષ્યવૃત્તિ યોજના, ઢાઈ અખર પત્ર લેખન સ્પર્ધા વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી. માઈ સ્ટેમ્પ અંતર્ગત ડાક ટિકિટો પર હવે લોકોને ફોટો પણ હોઈ શકે છે.

પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવએ જણાવ્યું કે એક નવીન પહેલ અંતર્ગત ડાક વિભાગ વિવિધ શાળાઓમાં ફિલાટેલી ક્લબ ખોલી રહ્યું છે, જેથી વિદ્યાર્થીઓમાં ડાક ટિકિટ સંગ્રહની અભિરૂચિ પ્રત્યેની તેમની પ્રવૃતિ વિકસિત થઈ શકે. આથી વિદ્યાર્થીઓની શિક્ષણમાં પણ ફાયદો થશે. આ આર્થિક વર્ષમાં ઉત્તર ગુજરાત પરીક્ષેત્રમાં અત્યાર સુધી ૧૧ ફિલેટલી ક્લબ ખોલાયા છે.



પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવએ વિદ્યાર્થીઓને સંબોધતા જણાવ્યું કે ફિલાટેલીને 'કિંગ ઓફ હોબી અને હોબી ઓફ કિંગ' તરીકે ઓળખવામાં આવે છે, જેમાં રસ રાખતાં વિવિધ વિષયો પર ડાક ટિકિટોનું સંગ્રહ કરી શકાય છે. સાથે જ તેમણે જણાવ્યું કે સંચારના બદલતા દોરમાં આજની યુવા પેઢી સોશિયલ મીડિયાને વધુ પ્રાથમિકતા આપી રહી છે, પરંતુ બાળકોને ફિલાટેલી સાથે નક્કી જ જોડાવું જોઈએ, આથી તેમના સામાન્ય જ્ઞાનમાંપણવધારોથશે. અમદાવાદ જીપીઓના ચીફ પોસ્ટમાસ્ટર શ્રી ગોવિંદ શર્માએ જણાવ્યું કે માત્ર ૨૦૦ રૂપિયામાં ફિલાટેલી ડિપોઝિટ એકાઉન્ટ ખોલીને ઘરે બેઠા ડાક ટિકિટો પ્રાપ્ત કરી શકાય છે. આ તરફ લોકોને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. ડિપ્ટી ચીફ પોસ્ટમાસ્ટર શ્રી અલ્પેશ શાહે જણાવ્યું કે આ અવસર પર ઢાઈ અખર પત્ર લેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિવિધ શાળાઓના બાળકોએ 'લેખન નો આનંદઃ ડિજિટલ યુગમાં પત્રોનું મહત્વ' વિષય પર ઉત્સાહપૂર્વક પત્ર લખીને ભાગ લીધો.

આ પ્રસંગે અમદાવાદ જીપીઓ ના ચીફ પોસ્ટમાસ્ટર શ્રી ગોવિંદ શર્મા, ડિપ્ટી ચીફ પોસ્ટમાસ્ટર, જી.પી.ઓ શ્રી અલ્પેશ શાહ, ડિપ્ટી સુપરિન્ટેન્ડેન્ટ શ્રી વી. એમ. વહોરા, સહાયક નિર્દેશક શ્રી એમ. એમ. શેખ, સહાયક અધિક્ષક શ્રી રોનક શાહ સહિત તમામ લોકો ઉપસ્થિત રહ્યા.

# ઝાલોદ નગરમાં લુહારવાડા, પ્રભુતા પાર્ટી પ્લોટ તેમજ નગરપાલિકા ગ્રાઉંડ પર ગરબાનો રંગ જામ્યો

## નવરાત્રીના પાંચમા દિવસે ડી.વાય.એસ.પી પટેલ તેમજ પીચ.આઈ રાઠવાએ લુહારવાડામા માતાની આરતીનો લ્હાવો લીધો



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૮ ।

નવરાત્રિ એટલે ગુજરાતના લોકોના હૈયે ધડકતો ઉત્સવ. આખા ભારત તેમજ ભારત બહાર નવરાત્રીના ઉત્સવે જોર પકડયું છે. નવરાત્રીના ગરબા તો ગુજરાતના જ તે કોઈ પણ વ્યક્તિના મુખે સંભળાતો શબ્દ.... નવરાત્રીના ગરબામા ગુજરાતના ગરબા ખેલૈયાઓ એ લોકોના હૈયે અનેરું સ્થાન મેળવેલ છે એટલે જ તો કોઈ પણ શુભ અવસર કે ધાર્મિક તહેવાર હોય ગરબા તો અચૂક રમાય જ.

ઝાલોદ નગરમાં જેમ જેમ નવરાત્રીના દિવસો જતા જાય છે તેમ તેમ ગરબા ખેલૈયાઓનો જોશ અને ઉત્સાહ વધતો જાય છે. નગરમાં હાલ તો શેરી ગરબાએ જોર પકડયું છે નગરમાં દરેક વિસ્તારોમાં શેરી ગરબા થઈ રહેલ છે. નગરના મોટા નવરાત્રીના ગરબાઓમા પ્રભુતા પાર્ટી પ્લોટ, લુહારવાડા મિત્ર મંડળ, નગરપાલિકા વિસ્તાર, મુવાડા, ખાંટવાડા, પંચશીલ સોસાયટી, પોલિસ ગ્રાઉંડ, નવચેતન સોસાયટી, લાલજી મંદિર ફળિયા, મહાલક્ષ્મી માતા મંદિર, વિશ્વકર્મા મંદિર જેવા અનેક વિસ્તારો માં મોડી રાત સુધી ખેલૈયાઓ મન ભરીને ગરબે ઘૂમી રહેલ છે. લુહારવાડા વિસ્તારમાં મોટા પાયે ગરબાનું આયોજન કરવામાં આવેલ છે ત્યાં મોડી રાત સુધી ખેલૈયાઓ ગરબે ઘૂમી રહેલ છે. તારીખ




૦૭-૧૦-૨૦૨૪ સોમવારના પાંચમા નવરાત્રિના દિવસે લુહારવાડા વિસ્તારમાં આનંદના ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ આનંદના ગરબામાં ૧૦૮ ગરબા માથે લઈ બહેનો ગરબે ઘૂમી હતી. તેમજ આજની ગરબાની આરતી કરવા ઝાલોદ ડીવીઝનના ડી.વાય.એસ.પી પટેલ અને પી.આઈ રાઠવા માઁ અંબાની આરતી કરી હતી. તેમજ સાથે આવેલ અન્ય પોલિસ સ્ટાફ દ્વારા પણ આરતી કરવામાં આવી હતી.

નવરાત્રિનો ઉત્સવ ખૂબ સારી રીતે ઉજવાય તેમજ કોઈ અનિચ્છનીય ઘટના ન સર્જાય તે માટે ઝાલોદ પોલિસ તંત્ર દ્વારા દરેક ગરબા રમતા વિસ્તારોમાં બંદોબસ્ત મુકવાનો આવેલ છે તેમજ નગરમાં પેટ્રોલીંગ કરી કાયદો વ્યવસ્થા સચવાય તેની પૂરતી તકેદારી પોલિસ તંત્ર દ્વારા રાખવામાં આવી રહેલ છે.

# વાંસદા નેશનલ પાર્ક નવતાડના વન કર્મીઓ દ્વારા મહુવાસથી ખરજઇ રોડ પર મીની મેરેથોન દોડ યોજાઇ



। (માહિતી) ડાંગ, તા.૮ ।

ડાંગ જિલ્લામા વન વિભાગ દ્વારા, તારીખ ૨જી ઓક્ટોબરથી ૮મી ઓક્ટોબર-૨૦૨૪ દરમિયાન, વન્ય પ્રાણી સંરક્ષણ અને સંવર્ધન બાબતે જનજાગૃતિ કેળવવાના હેતુસર, સમગ્ર સપ્તાહ દરમિયાન વિવિધ કામગીરીનુ આયોજન કરવામા આવ્યુ છે. જે કાર્યક્રમ અંતર્ગત દક્ષિણ ડાંગ વન વિભાગના નાયબ વન સંરક્ષક શ્રી પ્રસાદ રવિ રાધાક્રિષ્નાની સુચના તથા બોટાનિકલ ગાર્ડન-વઘઈના અધિક્ષક શ્રી એન.એમ. પંડ્યાના માર્ગદર્શન હેઠળ, વાંસદા નેશનલ પાર્ક-નવતાડના રેંજ સ્ટાફ દ્વારા મહુવાસથી ખરજઇ રોડ પર મીની મેરેથોન દોડ યોજી જિલ્લા કક્ષાના 'વન્ય પ્રાણી સપ્તાહ' -૨૦૨૪'ની ઉજવણી કરવામા આવી હતી. આ મેરેથોનમા દક્ષિણ ગુજરાતના ડાંગ, નવસારી તથા વ્યારા જિલ્લાના ભાઈઓ-બહેનોએ ભાગ લીધો હતો. દોડમાં એક થી ત્રણ નંબર લાવનાર દોડવીરોને પ્રોત્સાહિત ઈનામો તથા પ્રમાણપત્ર આપવામા આવ્યા હતા. આ પ્રસંગે જિલ્લા સદસ્યશ્રી, વન વિભાગનો સ્ટાફ, સરપંચશ્રીઓ, સ્થાનિક ગામના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# જન જનને પોસાય તેવા દરે દવાઓ પૂરી પાડવાનું રેડક્રોસનું અભિયાન

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ૭૩મા જન્મદિવસે ૭૩ જન ઔષધિ કેન્દ્રો શરૂ કરીને ગુજરાત રેડક્રોસે સસ્તી જેનેરિક દવાઓ પૂરી પાડવાનું અભિયાન શરૂ કર્યું

। (માહિતી) અમદાવાદ, તા.૮ ।

વર્ષોથી રક્તદાન, પેથોલોજી લેબોરેટરી, થેલેસેમીયા અને સિકલ સેલ એનિમિયા નિયંત્રણના કાર્યક્રમો માટે કાર્ય કરતી ગુજરાત રેડ ક્રોસ સોસાયટી તબીબી ક્ષેત્રે જન સામાન્યને વધુ મદદરૂપ થવાના હેતુસર પોતાની કાર્યસીમા અને સેવાકીય પ્રવૃત્તિઓ સતત વિસ્તારતી રહી છે.

ગુજરાતના નાગરિકોને સસ્તા દરે આરોગ્ય ચકાસણી અને વિવિધ પેથોલોજી ટેસ્ટ પૂરા પાડતી ગુજરાત રેડક્રોસ સોસાયટીએ ગત વર્ષથી રાજ્યના નાગરિકોને સસ્તા દરે ગુણવત્તાયુક્ત દવાઓ પૂરી પાડવાનું અભિયાન આરંભ્યું છે.

૧૭-સપ્ટેમ્બર-૨૦૨૩ના રોજ દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ૭૩મા જન્મદિવસ નિમિત્તે ગુજરાત રેડક્રોસ દ્વારા એકસાથે એક સમયે ૭૩ પ્રધાનમંત્રી જન ઔષધિ કેન્દ્ર ગુજરાત સરકારની હોસ્પિટલ્સ ખાતે ખોલવામાં આવ્યા હતા. રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ, આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલ અને રેડક્રોસના




ચેરમેન શ્રી અજયભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ શરૂ થયેલો આ પ્રોજેક્ટ રાજ્યના વિવિધ જિલ્લાઓમાં પ્રજાજનોને સસ્તા દરે સામાન્યથી લઈને ગંભીર બીમારીઓની દવાઓ પૂરી પડી રહ્યા છે.

ગત વર્ષે શરૂ કરાયેલાં જન ઔષધિ કેન્દ્રોને આજે ૧ વર્ષ કરતાં પણ વધુ સમય વીતી ગયો છે. રેડક્રોસ દ્વારા ગત ૧ વર્ષમાં સસ્તી દવાઓ થકી રાજ્યના નાગરિકોની આશરે ૧૦૦ કરોડથી વધુ રૂપિયાની બચત થવા પામી છે. દિવસના ૫ હજારથી વધુ દર્દીઓ ગુજરાત રેડક્રોસના જન ઔષધિ કેન્દ્રો પરથી સસ્તી જેનેરીક દવાઓની સેવાનો લાભ લઈ રહ્યાં છે.

# 'સરકાર આપને દ્વાર' અને 'સેવા થકી સુશાસન'ના મંત્ર સાથે ધોળકાના વીરપુર ખાતે સેવા સેતુ કાર્યક્રમ યોજાયો

। (માહિતી) અમદાવાદ, તા.૮ ।

અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકાના વીરપુર ખાતે ધારાસભ્ય શ્રી કિરીટસિંહ ડાભીની અધ્યક્ષતામાં ૩૧ ગામના ક્લસ્ટર માટે સેવાસેતુ કાર્યક્રમના દસમા તબક્કાનું આયોજન કરવામાં આવ્યું હતું. ધારાસભ્ય શ્રી કિરીટસિંહ ડાભીએ આ કાર્યક્રમમાં સેવા સેતુ અંતર્ગત આપવામાં આવતા લાભ અંગે વિભાગવાર સમીક્ષા કરીને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. ધોળકા તાલુકાના ખરાંટી, કાળીયાપરા, વૌઠા, ગીરંદ, અંધારી, આંબેઠી, વીરપુર, નેસડા, આંબારેલી, પાલડી, સીમેજ, ગાણોલ, ગાણેસર, ત્રાંસદ, ભેટાવાડા, પીસાવાડા, કૌકા, વીરડી, ઈંગોલી, મુજપુર, ડડુસર, વાલથેરા, કલ્યાણ પુર, શીયાવાડા, સરંઢી, લાણા, કરીયાણા, કાદીપુર, ખાનપુર, જલાલપુર ગોધનેશ્વર ગામના લોકોને રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ અને સુવિધાઓનો લાભ મળે તે આશયથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ઉપસ્થિત લોકોને રાશન કાર્ડ, લગ્ન નોંધણી, જાતિ પ્રમાણ પત્ર, રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના, વરિષ્ઠ નાગરિક પ્રમાણપત્ર, પી. એમ. સ્વનિધિ યોજના, આયુષ્માન કાર્ડ યોજના જેવી યોજનાઓનો લાભ અને સુવિધાઓ આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં સહભાગી થયેલા લોકો દ્વારા વિવિધ યોજનાઓ અને સુવિધાઓના લાભાર્થે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ઉપસ્થિત લોકોએ સ્વચ્છતા હી સેવા કાર્યક્રમ હેઠળ સ્વચ્છતાની શપથ લીધી હતી. ઉપરાંત, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ગુજરાતની સફળ સર્વગ્રાહી વિકાસયાત્રાના ૨૩ વર્ષની સફળતાની ઉજવણીના ભાગરૂપે ભારત વિકાસ પ્રતિજ્ઞા પણ લીધી હતી.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે તમારી ઊર્જાનું સ્તર ઊંચું રહેશે. રિયલ એસ્ટેટમાં રોકાણ લલચાવનારૂં હશે. પારિવારિક ચિંતાઓને તમારૂં ધ્યાન અન્યત્ર વાળવા ન દો. ખરાબ સમય આપણને ઘણું બધું આપી જાય છે. તમે તમારા પ્રિયપાત્રને મળશો તેનાથી તમારા મગજને રૉમાન્સ ઘેરી વળશે. આ તે સારા દિવસો માં નો એક દિવસ છે જયારે તમે કાર્યક્ષેત્ર ઉપર ઘણું સારું અનુભવ કરશો? આજે તમારા સહકર્મી તમારા કામ ની પ્રશંસા કરશે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે ઘરની ચિંતાઓ તમને બેચેન કરી મુકશે. પરિણીત લોકો ને પોતાના સંતાન ની શિક્ષા ઉપર આજે વધારે ખર્ચ કરવું પડશે? તાણભર્યો સમય પ્રર્વતશે પણ પરિવારનો સહકાર તમને મદદ કરશે. તમારા પ્રિયપાત્રના કઠોર શબ્દોને કારણે તમારો મૂડ કદાચ વ્યગ્ર થઈ શકે છે. તમારે તમારી શ્રૃંગારિક કલ્પનાઓ વિશે વધુ સપનાં જોવાની હવે જરૂર નથી, કેમ કે આજે તેમના સાકાર થવાની શક્યતા છે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે આનંદ-પ્રમોદ અને મોજ-મજાનો દિવસ. પોતાના જીવનસાથી જોડે ધન સંબંધી કોઈ બાબત ને લયી ઝગડો થયી શકે છે. જોકે તમે તમારા શાંત સ્વભાવ થી બધું ઠીક કરી દેશો? તમારા જીવનસાથી સાથે સારી સમજ ઘરમાં સુખ-શાંતિ અને સમૃદ્ધિ લાવશે. પ્રેમમાં સહન કરવાની હિંમત રાખો તથા ખુશખુશાલ રહો. તમારા ટીમની સૌથી કંટાળાજનક વ્યક્તિ આજે એકાએક બુદ્ધિશાળી બની જશે.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે તમારા આત્મવિશ્વાસ અને ઊર્જાનું સ્તર ઊંચું રહેશે. જીવન સાથી ની ખરાબ તબિયત ને લીધે તમારું ધન ખર્ચ થયી શકે છે પરંતુ આ વાત ને લયીને ચિંતિત થવા ની જરૂર નથી કેમકે ધન આ માટે સંચિત કરવા માં આવે છે કે ખરાબ સમય માં તે તમારા કામ આવી શકે. અણધાર્યા શુભ સમાચાર તમારો ઉત્સાહ વધારશે. તમારા પરિવારના સભ્યો સાથે તમે આ સમાચાર વહેંચશો.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે ખુશ થાવ કેમ કે સારો સમય આવી રહ્યો છે અને તમારામાં વધારાની ઊર્જાનો સંચાર થશે. નાણાકીય જીવન માં આજે ખુશ હાલી રહેશે આની સાથે તમે દેવા થી પણ આજે મુક્ત થયી શકો છો? સંબંધીઓ-મિત્રો એક સુંદર સાંજ માટે તમને મળવા આવશે. આજે પ્રેમનો જાદુ તમને અંધ કરી મુકશે. આ પરમ સુખને માણો. સખત મહેનત અને ધીરજ દ્વારા તમે તમારા ધ્યેયની પ્રાપ્તિ કરશો.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે તમને પ્રેરણા આપતી લાગણીઓને ઓળખજો. ભય, શંકા, ગુસ્સો, લાલચ વગેરે જેવી નકારાત્મક લાગણીઓને તમારે છોડી દેવી જોઈએ, કેમ કે આ લાગણીઓ લોહચુંબકની જેમ કામ કરે છે, તમને જે જોઈએ છે તેનાથી વિરૂદ્ધ બાબતને તેઓ આકર્ષે છે. ધંધામાં ઉધાર માગવાના ઈરાદે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો.

**તુલા (ર,ત) :**

આજના દિવસે તમારા કામ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં તમને મુશ્કેલી પડતી હોય તેવું લાગશે-કેમ કે તમારી તબિયત આજે બરાબર નથી. આજે તમે મૂડી આસાનીથી ઊભી કરી લેશો-લેણાં નીકળતાં નાણાંની ઉઘરાણી કરો-અથવા નવા પ્રૉજેક્ટ્સ પર કામ કરવા માટે ધીરાણ માગો. પારિવારિક મોરચે સ્વસ્થતા જણાય છે અને તમારી યોજનાઓમાં તેમના સંપૂર્ણ સહકારની અપેક્ષા રાખી શકો છો.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે વ્યસ્તતા છતાં સ્વાસ્થ્ય સારૂં રહેશે. પોતાના માટે પૈસા બચવાનો તમારો ખ્યાલ આજે પૂરો થયી શકે છે. આજે તમે સારી બચત કરવા માટે સમર્થ હશો. દૂરનાં કોઈ સગાં તરફથી લાબા સમયથી તમને જે સંદેશની અપેક્ષા હતી તે આવશે અને તેમાં આખા પરિવાર અને ખાસ કરીને તમારી માટે સારા સમાચાર હશે. ખોટો સંવાદ અથવા સંદેશ તમારા દિવસને નીરસ બનાવી શકે છે.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે કોઈક આજે તમારો મૂડ બગાડી શકે છે પણ તેને લગતી હતાશાને તમારા પર સવાર થવા ન દો. આ વ્યર્થ ચિંતા તથા બેચેની તમારા શરીર પર વિપરિત અસર કરી તમને ત્વચાને લગતી તકલીફ આપી શકે છે. જીવન ના ખરાબ તબક્કા માં પૈસા તમારા કામ આવશે તેથી આજ થીજ પોતાના પૈસા બચત કરવા ના વિષે વિચારો નહિ તો તમને તકલીફો આવી શકે છે.

**મકર (ખ,જ) :**

આજના દિવસે તમારા જીવનસાથીનો પ્રેમાળ મિજાજ તમારો દિવસ ઉલ્લાસભર્યો બનાવશે. જે લોકોએ ક્યાંક નિવેશ કર્યું હતું તે લોકો ને આજ ના દિવસે આર્થિક હાનિ થવા ની શક્યતા છે. ઘરના વાતાવરણમાં તમે કોઈ ફેરફાર કરો તે પૂર્વે અન્યોની મંજૂરી છે કે નહીં તેની ખાતરી કરો. કેટલાક માટે નવો રૉમાન્સ તેમનો ઉત્સાહ વધારશે તથા તેમને ખુશખુશાલ મિજાજમાં રાખશે.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે તમારૂં મગજ સારી બાબતોને સ્વીકારશે. તમે જો લાંબા-ગાળા માટે રોકાણ કરશો તો તમને નોંધપાત્ર લાભ મળશે. ઘરના પ્રવર્વતમાન પરિસ્થિતિને કારણે તમે હતાશ થઈ શકો છો. પ્રિયપાત્ર સાથે બહાર જવાનો પ્રૉગ્રામ નિષ્ફળ જવાની શક્યતા છે. કોઈ મહત્વની ફાઈલ તમારા બૉસના હાથમાં ત્યાં સુધી ન આપતા જ્યાં સુધી તમને પૂરેપૂરી ખાતરી હોય કે તે બધી જ રીતે બરાબર છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે ખુશ થાવ કેમ કે સારો સમય આવી રહ્યો છે અને તમારામાં વધારાની ઊર્જાનો સંચાર થશે. જો ભવિષ્ય માં તમારે નાણાકીય રીતે મજબૂત થવું છે તો આજ થીજ ધન ની બચત કરો. પોતાની અંગત સમસ્યાઓ ઉકેલવા માટે મિત્ર તમારી મદદ લઈ શકે છે. તમારી હાજરી તમારા પ્રિયપાત્ર માટે આ વિશ્વ યોગ્ય સ્થળ બનાવશે.

### IDFએ આ વાતની પુષ્ટિ કરી છે

# તણાવ વચ્ચે યમનનો ઇઝરાયેલ પર હુમલો, મિસાઈલો છોડી

**મીડિયાના અહેવાલો મુજબ, મિસાઈલને એરો લાંબા અંતરની મિસાઈલ સંરક્ષણ પ્રણાલી દ્વારા તોડી પાડવામાં આવી હતી**



। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

પશ્ચિમ એશિયામાં સતત બગડતી પરિસ્થિતિ વચ્ચે યમને સોમવારે ઈઝરાયલ તરફ બેલેસ્ટિક મિસાઈલ છોડી હતી. આ માહિતી ઈઝરાયેલ ડિફેન્સ ફોર્સિસ (IDF) દ્વારા આપવામાં આવી છે. સ્થાનિક મીડિયાએ અહેવાલ આપ્યો છે કે સપાટીથી સપાટી પરની મિસાઈલોના પ્રક્ષેપણ પછી ઈઝરાયેલના મધ્ય ભાગોમાં સાયરન વાગવા લાગ્યા. ઈરાને ઈઝરાયેલ પર લગભગ ૨૦૦ મિસાઈલો છોડ્યાના લગભગ એક સપ્તાહ બાદ આ ઘટના બની છે. IDF અનુસાર, યમનથી ઈઝરાયેલ પર છોડવામાં આવેલી બેલેસ્ટિક મિસાઈલને ઈઝરાયેલની હવાઈ સંરક્ષણ દ્વારા સફળતાપૂર્વક અટકાવવામાં આવી હતી. મીડિયાના અહેવાલો મુજબ, મિસાઈલને એરો લાંબા અંતરની મિસાઈલ સંરક્ષણ પ્રણાલી દ્વારા તોડી પાડવામાં આવી હતી. જ્યારે તે વાતાવરણની બહાર હોય ત્યારે બેલેસ્ટિક મિસાઈલોને મારવા માટે તેને બનાવવામાં આવી છે.આ પહેલા સોમવારે સાંજે ૫ વાગ્યા સુધી (સ્થાનિક સમય) લેબનોનથી ઉત્તરી ઈઝરાયેલ પર લગભગ ૧૩૫ રોકેટ છોડવામાં આવ્યા હતા. તાજેતરમાં આ ઘટના ઈરાને ઈઝરાયેલ પર લગભગ ૨૦૦ બેલેસ્ટિક મિસાઈલો છોડ્યાના થોડા દિવસો બાદ બની હતી. જો કે, યુનાઈટેડ સ્ટેટ્સ સૈન્ય, ઈઝરાયેલ સંરક્ષણ દળો સાથે મળીને, આ હુમલા સામે ઈઝરાયેલને બચાવવામાં મદદ કરી હતી.

## ન્યૂઝ બ્રિફ

## મુંબઈના બિલ્ડર સાથે વડોદરામાં રૂપિયા ૫.૮૬ કરોડની છેતરપિંડી

। (એજન્સી) મુંબઈ, તા.૮ ।

વડોદરામાં તેર માળની કોમર્સિયલ કમ રેસીડેન્સીયલ બિલ્ડીંગનો પ્રોજેક્ટ શરૂ કરનાર મુંબઈના બિલ્ડરની સાથે રૂપિયા ૫.૮૬ કરોડની છેતરપિંડી આચરવામાં આવી હોવાની પોલીસ ફરિયાદ કપૂરાઇ પોલીસ મથકમાં થઇ છે. મુંબઈના ઈસ્ટ દહીસરમાં સંસ્કૃતિ બિલ્ડિંગમાં રહેતા પરેશભાઈ શિવલાલ ધ્રાફાણીએ કપુરાઈ પોલીસ સ્ટેશનમાં વડોદરા ના આર.વી. દેસાઈ રોડ અશોક કોલોની માં રહેતા ગોવિંદભાઈ વાલજીભાઈ પટેલ (૨) કેશુભાઈ વાલજીભાઈ પટેલ (૩) રામજીભાઈ વાલજીભાઈ પટેલ (૪) જીતેન્દ્ર કરસનભાઈ પટેલ તથા (૫) મહેશ કરસનભાઈ પટેલ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી જણાવ્યું છે. તેમાં જણાવ્યા અનુસાર દંતેશ્વર માં આવેલી ૪૧૪૮ ચોરસ મીટર બિન ખેતીની જમીન જે ના પર સ્વસ્તિક પાર્ટી પ્લોટ છે તેના માલિકો આરોપીઓ છે.આરોપીઓ પાસેથી રૂપિયા ૨૫.૮૦ કરોડમાં આ મિલકત ખરીદવા માટે બાના પેટે ૩૧ લાખ ટોકનના ૨૬ જાન્યુઆરી ૨૦૨૧ ના રોજ આપ્યા હતા. જમીન માલિકોને કુલ ૫.૪૧ કરોડ ચૂકવી આપ્યા હતા.

## રિયો ઓલિમ્પિકમાં મેડલ ગુમાવનાર જિમ્નાસ્ટ દીપા કર્માકરે લીધો સંન્યાસ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

ભારતીય રમત જગતના ફેન્સને નિરાશ કરનારા સમાચાર સામે આવ્યા છે. સ્ટાર જિમ્નાસ્ટ દીપા કર્માકરે સંન્યાસની જાહેરાત કરી છે. દીપા કર્માકરે રિયો ઓલિમ્પિક ૨૦૧૬માં સારૂ પ્રદર્શન કર્યુ હતું પણ તે ચોથા નંબર પર રહીને મેડલ જીતવાથી ચુકી ગઈ હતી.જોકે, ૨૦૧૮માં તેને તુર્કીના મર્સિનમાં FIG આર્ટિસ્ટિક જિમ્નાસ્ટિક્સ વર્લ્ડ ચેલેન્જ કપના વૉલ્ટ કોમ્પિટિશનમાં દેશ માટે ગોલ્ડ મેડલ જીત્યો હતો. આ સિદ્ધિ મેળવનાર તે ભારતની પ્રથમ જિમ્નાસ્ટ બની હતી. ૩૧ વર્ષની દીપા કર્માકરને ગોલ્ડન ગર્લના નામથી પણ ઓળખવામાં આવે છે.ત્રિપુરાની દીપા કર્માકર ભારતીય જિમ્નાસ્ટિક્સની એક હસ્તી છે, જેને ૨૦૧૬ રિયો ઓલિમ્પિકમાં વૉલ્ટ ગેમ્સમાં ચોથું સ્થાન મેળવ્યું હતું. દીપા કર્માકરે સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા સંન્યાસની જાહેરાત કરી છે. લાંબી પોસ્ટમાં દીપા કર્માકરે લખ્યુ, 'મે ઘણું વિચાર્યા બાદ નિર્ણય લીધો છે કે જિમ્નાસ્ટિકમાંથી સંન્યાસ લઈ રહી છું. આ નિર્ણય આસાન નથી. હવે યોગ્ય સમય આવી ગયો છે.'દીપા કર્માકરે વધુમાં લખ્યુ, 'જિમ્નાસ્ટિક્સ મારા જીવનનો સૌથી મોટો ભાગ રહ્યો છે.

## લિવ ઇનમાં રહેતા લોકો વિરુદ્ધ થઇ શકે છે દહેજ હત્યાનો કેસ

। (એજન્સી) અલ્હાબાદ, તા.૮ ।

લિવ-ઈન રિલેશનશિપમાં રહેતા લોકો સામે દહેજ હત્યાનો કેસ નોંધાઈ શકે છે. અલ્હાબાદ હાઈકોર્ટે મોટો ચુકાદો આપ્યો હતો. એક કેસમાં પોતાનો ચુકાદો આપતાં અલ્હાબાદ હાઈકોર્ટે કહ્યું હતું કે, પતિ-પત્નીની જેમ લિવ-ઈન રિલેશનશિપમાં રહેતા લોકો પર દહેજ હત્યા અને દહેજ ઉત્પીડનનો કેસ નોંધી શકે છે. કોર્ટે કહ્યું કે દહેજ હત્યાનો કેસ નોંધવા માટે કપલ્સનું પતિ-પત્નીની જેમ જીવવું પુરતું છે. આ આદેશ જસ્ટિસ રાજબીર સિંહે આદર્શ યાદવની અરજી ફગાવતા આપ્યો હતો. ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં અરજદાર વિરુદ્ધ દહેજ હત્યા અને દહેજ ઉત્પીડનના આરોપમાં FIR દાખલ કરવામાં આવી હતી. જેમાં આરોપ લગાવવામાં આવ્યો હતો કે લગ્ન માટે દહેજની માંગણીથી કંટાળીને પીડિતાએ આત્મહત્યા કરી હતી. પોલીસે દહેજ હત્યાના આરોપમાં ચાર્જશીટ દાખલ કરી હતી. ટ્રાયલ કોર્ટે અરજદારની અરજી ફગાવી દીધી હતી, જેમાં તેણે ગુનામાંથી નિર્દોષ છોડવાની વિનંતી કરી હતી.

### પ્રેસિડન્ટ મુઈઝ્ઝુ ગદગદિત

# મોદીએ તમામ મતભેદો ભૂલીને માલદીવને આપી અનેક ભેટ

**બંને નેતાઓ વચ્ચે અનેક કરારો થયા હતા : ભારત આપેલી એક મોટી ભેટમાં માલદીવમાં રુ-પે કાર્ડનો ઉપયોગ છે**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।



થોડા સમય પહેલા માલદીવે ભારતની થાય તેટલી ટીકા કરી હતી અને તેનું નામ પણ ખરાબ કર્યું હતું. ખુદ પ્રેસિડન્ટ મોહમ્મદ મુઈઝ્ઝુએ પણ અનેક વાર ભારત વિરોધી નિવેદનો આપ્યાં હતા. પોતાને વિશે આટલી બધી નેગેટિવ વાતો કરવામાં આવી હોવા છતાં પણ ભારતે કદી પણ તેનો બદલો લીધો નથી ઉલટાનું વખત આવે પડોશીને થાય તેટલી મદદ કરીને તેને સમસ્યામાંથી બહાર કાઢવાનો પ્રયાસ કર્યો છે.

ભારત પહોંચેલા માલદીવના રાષ્ટ્રપતિ મોહમ્મદ મુઈઝુએ પીએમ મોદી સાથે મુલાકાત કરી. આ પછી બંને નેતાઓ વચ્ચે વાતચીત થઈ. જેમાં અનેક કરારો થયા હતા. ભારત આપેલી એક મોટી ભેટમાં માલદીવમાં રુ-પે કાર્ડનો ઉપયોગ છે. બેઠક બાદ બંને નેતાઓએ સંયુક્ત પત્રકાર પરિષદ યોજી હતી. આ દરમિયાન પીએમ મોદીએ માલદીવ સાથે થયેલા કરારો વિશે માહિતી આપી હતી. ભારતે માલદીવને ઘણા વિકાસ કામોની ભેટ આપી છે. માલદીવ માટે ૪૦૦ મિલિયન ડોલર અને ૩ હજાર રૂપિયાનો કરન્સી સ્વેપ કરારને મંજૂરી અપાઈ છે. પીએમ મોદીએ કહ્યું કે અમે માલદીવમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસ માટે વ્યાપક સહયોગની વાત કરી છે. આજે અમે પુનઃવિકાસિત હનીમધુ એરપોર્ટનું ઉદ્ઘાટન કર્યું છે, હવે ગ્રેટર મેલ કનેક્ટિવિટી પ્રોજેક્ટને પણ ઝડપી કરવામાં આવશે. પીએમ મોદીએ કહ્યું કે થિલાફુસીમાં નવા કોમર્શિયલ પોર્ટના વિકાસમાં પણ સહયોગ આપવામાં આવશે. આજે ભારતના સહયોગથી બનેલા ૭૦૦ થી વધુ સામાજિક આવાસ એકમોને સોંપવામાં આવ્યા છે. માલદીવના ૨૮ ટાપુઓ પર પાણી અને ગટર યોજનાઓ પૂર્ણ કરવામાં આવી છે. અન્ય ૬ ટાપુઓ પર પણ કામ પૂર્ણ થશે. હડાલુમાં એગ્રીકલ્ચરલ ઈકોનોમિક ઝોન અને હાલિફુમાં પ્રથમ પ્રોસેસિંગ ફેસિલિટી સ્થાપવામાં પણ સપોર્ટ આપવામાં આવશે. રાષ્ટ્રપતિ મુઈઝુ અને તેમના પ્રતિનિધિમંડળનું હાર્દિક સ્વાગત કરતાં પીએમ મોદીએ કહ્યું કે ભારત અને માલદીવ વચ્ચેના સંબંધો સદીઓ જૂના છે અને ભારત માલદીવનો સૌથી નજીકનો પાડોશી અને શ્રીમંત મિત્ર છે. અમારી નેબરહુડ ફર્સ્ટ પોલિસી અને સાગર વિઝન બંનેમાં માલદીવ પ્રથમ ક્રમે છે. પીએમ મોદીએ કહ્યું કે ભારતે હંમેશા માલદીવ માટે પ્રથમ ભૂમિકા ભજવી છે.

### ૧૦ લાખનું દેવું હજું ભરવાનું બાકી

# ૨૦ લાખનું દેવું કરી મકાન બનાવ્યુંઃ પૂરમાં ઘર તણાયું

। (એજન્સી) ભોજપુર, તા.૮ ।

બિહારના પૂરમાં લોકોના સપના પણ તણાઈ ગયા. દરેક વ્યક્તિ પોતાનું ઘર બનાવવાને લઈને સપના જોતા હોય છે. જીવનભરની કમાણી તેમાં નાખી દેતા હોય છે. દેવું કરતા હોય છે. ત્યારે જતાં માંડ પોતાનું ઘર બનીને તૈયાર થતું હોય છે. પરિવાર સાથે લોકો રાજીખુશીથી રહેતા હોય છે, પણ તે જ સમયે એક પૂર આવ્યું અને બાદમાં આખું મકાન એક ઝાટકે તહેસ નહેસ થઈ ગયું. જીવનભરની કમાણી તો લઈ ગયું અને હવે તે મકાનના પર કરેલું દેવું પણ ભરવું પડે છે અને મકાન પૂરમાં તણાઈ ગયું. ભોજપુર જિલ્લાના શાહપુર પ્રખંડના જવઈનિયા ગામમાં રહેતી લાલતી દેવીનું ૨૦ લાખની કિંમતનું પાક્કું મકાન ગંગાના પૂરમાં તણાઈ ગયું. આ ભારે પૂરથી પરિવારના સપના ચકનાચૂર થઈ ગયા. લાલતી દેવી પોતાની આંખો સામે ઘરનો સામાન જે હાથમાં આવેતે લઈને સમેટવા લાગ્યા. તેમના ચહેરા પર ઉદાસી અને દર્દ સિવાય બીજું કંઈ નહોતું. લાલતી દેવીએ જણાવ્યું કે, તેમના પતિ અને ત્રણ દીકરા મજૂરી કરતા હતા. પહેલા તેમનું ઘર ઝૂંપડું હતું, જે વારંવાર તૂટી જતું હતું. ત્યારે તેમણે પાક્કું મકાન બનાવવાનો નિર્ણય લીધો. આ મકાનને બનાવવા માટે પરિવારે ૨૦ લાખ રૂપિયાનું દેવું કર્યું હતું. આજે પણ આ મકાનના ૧૦ લાખ ચૂકવવાના બાકી છે. મકાન બન્યા બાદ તે ગંગાના ભારે વહેણમાં તણાઈ ગયું, જેનાથી પરિવારની તમામ આશાઓ પર પાણી ફરી વળ્યું. જ્યારે ગંગાના ભારે વહેણમાં મકાન તણાઈ ગયું તે સમયે તેમના ઘરમાં પ્રસવની સ્થિતિ હતી. નાની વહુને ડિલિવરી થઈ રહી હતી. જ્યારે મોટી વહુ મકાન પડવાના આઘાતમાં બેભાન થઈ ગઈ હતી. એક તરફ મકાન પડી રહ્યું હતું તો બીજી તરફ પરિવાર પોતાની નવી પેઢીનું સ્વાગત કરી રહ્યું હતું. આ ઘટના પરિવાર માટે બેવડા આઘાત સમાન સાબિત થઈ.

### સ્વામી અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતીએ કહ્યું

# 'મહાત્મા ગાંધી આ દેશના રાષ્ટ્રપિતા ન હોઈ શકે'

। (એજન્સી) રાયપુર, તા.૮ ।



જ્યોતિષપીઠના શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતીએ મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે મહાત્મા ગાંધી આ દેશના રાષ્ટ્રપિતા ન હોઈ શકે. વાસ્તવમાં છત્તીસગઢની રાજધાની રાયપુર પહોંચેલા શંકરાચાર્યે અનેક મુદ્દાઓ પર પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. તેમણે કહ્યું કે રાષ્ટ્રપિતા જેવી કોઈ વસ્તુ નથી. આ સાથે તેમણે ગાયને રાષ્ટ્રીય પ્રાણી જાહેર કરવાની માંગ કરી હતી. શંકરાચાર્યએ કહ્યું કે, એક દેશ, એક કર અને એક દેશ, એક ચૂંટણીની વાત થઈ રહી છે, તો ગાયને લઈને સમગ્ર દેશમાં સમાન કાયદો હોવો જોઈએ.સ્વામી અવિમુક્તેશ્વરાનંદે એક પ્રશ્નના જવાબમાં કહ્યું "ભારતમાં રાષ્ટ્રપિતા જેવી કોઈ વસ્તુ નથી. ભારત કેટલા સમયથી અસ્તિત્વમાં છે તે કોઈ જાણતું નથી. પાકિસ્તાન એક અલગ રાષ્ટ્ર બન્યું અને મોહમ્મદ અલી ઝીણા ત્યાંના કાયદા-એ-આઝમ બન્યા કારણ કે પાકિસ્તાનનો નવો જન્મ થયો હતો. ભારત પહેલેથી જ હતું. લોકોએ અફવા ફેલાવી કે મોહનદાસ કરમચંદ રાષ્ટ્રપિતા છે." શંકરાચાર્યએ કહ્યું કે જો મોહનદાસ કરમચંદ ગાંધીને રાષ્ટ્રપિતા કહેવામાં આવે છે તો એ જણાવવું જોઈએ કે તેમણે કયા રાષ્ટ્રને જન્મ આપ્યો છે. તેઓ પોતે આ રાષ્ટ્રમાં જન્મ્યા હતા. મોહનદાસ કરમચંદ ગાંધી આ દેશના રાષ્ટ્રપિતા ન હોઈ શકે. મઠ અને મંદિરોને સરકારી નિયંત્રણમાંથી બહાર કાઢવાની માંગના પ્રશ્ન પર શંકરાચાર્યએ કહ્યું - આ ખૂબ જ સારી વાત છે, અમે તેનું સમર્થન કરીએ છીએ કારણ કે પ્રતિષ્ઠાનું રક્ષણ કરવું દરેકના અધિકારમાં નથી. જેમણે બિનસાંપ્રદાયિકતાના શપથ લીધા છે તેમના માટે ચોક્કસપણે નહીં. છત્તીસગઢમાં ગાયને લઈને શંકરાચાર્યએ કહ્યું- અમને છત્તીસગઢ રાજ્ય પાસેથી ઘણી અપેક્ષાઓ છે, અહીં દરેક ગામમાં દરેક વ્યક્તિ ગાય સાથે જોવા મળે છે. અહીંના લોકોમાં ગાય પ્રત્યે ભક્તિ છે. છત્તીસગઢમાં ગાયને માહતરીના રૂપમાં માતા માનવામાં આવે છે. તેમણે કહ્યું કે આ દેશમાં ગાયોની હત્યા અને કતલ થઈ રહી છે. અમારી માંગ છે કે આ દેશમાં ગાયનું રક્ષણ કરવામાં આવે અને રાષ્ટ્ર માતા જાહેર કરવામાં આવે.

## ગાઝા, દક્ષિણ લેબેનોનમાં ઇઝરાયેલનો આક્રમક બોમ્બમારો

। (એજન્સી) ગાઝા પટ્ટી, તા.૮ ।

ઈઝરાયેલે હિઝબુલ્લાહનો ખાતમો કરવાનો નિર્ધાર વ્યક્ત કર્યો છે ત્યારે રવિવારે રાતે બૈરુતના વિસ્તારો હવાઈ હુમલાથી ધ્રૂજી ઉઠ્યા હતા. ઈઝરાયેલે દક્ષિણ લેબેનોન અને ઉત્તર ગાઝામાં બોમ્બમારો વધારી દીધો હતો. પેલેસ્ટાઈનના અધિકારીઓએ મસ્જિદ પરના હુમલામાં ૧૯ લોકોના મોત થયા હોવાનો દાવો કર્યો હતો.હમાસે ઈઝરાયેલ પર કરેલા હુમલાને ૭ ઓક્ટોબરના રોજ એક વર્ષ પૂરું થયું છે ત્યારે ઈઝરાયેલે લેબેનોનમાં હિઝબુલ્લાહ સામે નવો મોરચો ખોલ્યો છે. ગાઝા સાથે યુદ્ધ શરૂ થયું ત્યારથી હિઝબુલ્લાહ ઈઝરાયેલ પર મિસાઈલ હુમલા કરતું હતું. હવે બંને વચ્ચે ઘર્ષણ વકર્યું છે. દરમિયાન ઈઝરાયેલે હાઈફા શહેર પર હિઝબુલ્લાહના હુમલાની પુષ્ટિ કરી હતી. હિઝબુલ્લાહે જણાવ્યું હતું કે, તેણે નજીકના નેવી બેઝ પર મિસાઈલ હુમલાનો પ્રયાસ કર્યો હતો. ઉલ્લેખનીય છે કે, ગયા સપ્તાહે ઈરાને ઈઝરાયેલ પર બેલિસ્ટિક મિસાઈલ્સથી હુમલો કર્યો હતો. ત્યાર પછી ઈઝરાયેલે પણ વળતા હુમલાની ધમકી ઉચ્ચારી હતી.

## પૃથ્વીથી ૪૦૦ કિમી દૂર અંતરિક્ષથી મતદાન કરશે સુનીતા વિલિયમ્સ

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૮ ।

સુનીતા વિલિયમ્સ ઘણા મહિનાઓથી બૂચ વિલ્મોર સાથે અંતરિક્ષમાં અટવાયેલા છે. એવામાં હવે તે વધુ એક ઈતિહાસ રચવા માટે તૈયાર છે. તે ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન (ISS) પરથી વોટિંગ કરીને ઈતિહાસ રચશે. એટલે કે ૫ નવેમ્બરે યોજાનારી રાષ્ટ્રપતિની ચૂંટણીમાં તેઓ મતદાન કરશે. સુનિતા વિલિયમ્સ પૃથ્વીની સપાટીથી લગભગ ૪૦૦ કિલોમીટરના અંતરે પોતાનો મત આપીને ઈતિહાસ રચશે. અંતરિક્ષમાં અંતરિક્ષયાત્રીઓ માટે મતદાનની પ્રક્રિયા ૧૯૯૭માં શરૂ થઈ હતી. ટેક્સાસમાં એક બિલ પાસ કરીને નાસાના અંતરિક્ષયાત્રીઓને અંતરિક્ષમાંથી મતદાન કરવાનો અધિકાર પણ આપવામાં આવ્યો હતો. આ કાયદા અનુસાર, જો કોઈ વ્યક્તિ અંતરિક્ષમાં હોય તો તે ઈલેક્ટ્રોનિક રીતે મતદાન કરી શકે છે. નાસાના મોટાભાગના અંતરિક્ષયાત્રીઓ ટેક્સાસના હ્યુસ્ટનમાં રહેતા હોવાથી આ કાયદો એટલા માટે બનાવવામાં આવ્યો છે. સૌથી પહેલા મતદાન મીર સ્પેસ સ્ટેશન પર રહેતા ડેવિડ વુલ્ફે કર્યું હતું. તે પછી, ૨૦૨૦ની ચૂંટણી દરમિયાન, કેટ રુબિન્સે ISSથી મત આપ્યો હતો. જે રીતે વિદેશમાં બેઠેલા અમેરિકન નાગરિકો મતદાનમાં ભાગ લે છે તેવી જ સુનીતા વિલિયમ્સ પણ ભાગ લેશે. આ માટે મતદાન કરતા પહેલા અંતરિક્ષયાત્રીઓ જે ચૂંટણીમાં ભાગ લેવા માગે છે તેના માટે તમામ જરૂરી પેપર વર્ક કરી રાખે છે. ત્યારબાદ, નાસાના મિશન કંટ્રોલ સેન્ટરમાંથી તેમને સુરક્ષિત ઈલેક્ટ્રોનિક મતપત્ર મોકલવામાં આવે છે. અંતરિક્ષયાત્રીઓ ઈમેલ દ્વારા મતપત્ર મોકલવામાં આવે છે. પછી તેઓ તેને ભરીને પૃથ્વી પર સંબંધિત કાઉન્ટી ક્લાર્કની ઓફિસમાં મોકલે છે. આ વર્ષે અમેરિકામાં ૫ નવેમ્બરે રાષ્ટ્રપતિની ચૂંટણી યોજાવાની છે. રિપબ્લિકન પક્ષ તરફથી પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ મેદાનમાં છે. જ્યારે ડેમોક્રેટ્સ વતી ઉપપ્રમુખ કમલા હેરિસ ચૂંટણીની રેસમાં છે.

## રાજૌરીમાં આતંકવાદીઓનું મોટું ષડયંત્ર નિષ્ફળ બનાવાયું

। (એજન્સી) જમ્મુ, તા.૮ ।

જમ્મુ કાશ્મીરમાં આવતીકાલે મતગણતરી હાથ ધરાય તે પહેલા જ સુરક્ષા દળોને વિસ્ફોટક સામગ્રી મળી આવી છે. જમ્મુ અને કાશ્મીરના રાજૌરી જિલ્લાના એક ગામમાંથી સુરક્ષા દળોએ વિસ્ફોટક સામગ્રી જપ્ત કરી છે. સરનુ ગામના લિંક રોડ પર પેટ્રોલિંગ દરમિયાન સુરક્ષા દળો દ્વારા IED બોમ્બ મળી આવ્યા હતા. આ પછી, સેનાએ તાત્કાલિક કાર્યવાહી કરી અને સમગ્ર વિસ્તારને કોર્ડન કરી લીધો. બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડે ઘટનાસ્થળે પહોંચીને તમામ આઈડી બોમ્બને સુરક્ષિત રીતે ડિફ્યુઝ કર્યા હતા. જમ્મુ-કાશ્મીરમાં મંગળવારે મતગણતરી થવાની છે. આવી સ્થિતિમાં અહીં તમામ નક્કર સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી રહી છે. મતગણતરી કેન્દ્રો પર ત્રણ સ્તરીય સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી રહી છે, જેથી કોઈ અપ્રિય ઘટના કે ગેરરીતિ ના થાય. જ્યારે, સાંબા જિલ્લાના એક ગામમાં, કેટલાક ગ્રામજનોને કાટ લાગેલી એન્ટી-ટેંક લેન્ડમાઈન અને જૂની 'મોર્ટાર શેલ' મળી આવ્યા હતા. આ કિસ્સામાં, અધિકારીઓએ જણાવ્યું હતું કે આને પણ સલામત રીતે નિષ્ક્રિય કરવામાં આવ્યા હતા. અધિકારીઓએ જણાવ્યું કે સોમવારે સવારે રીગલ બોર્ડર ચોકી પાસે ખેતરોમાં કામ કરતા એક ખેડૂતે એન્ટી ટેંક લેન્ડમાઈન જોયો. આ પછી તેણે સીમા સુરક્ષા દળને જાણ કરી. અધિકારીઓએ જણાવ્યું કે, મોર્ટાર શેલ રવિવારે સાંજે બારી બ્રાહ્મણ વિસ્તારના બલોલે ખાડમાં કચરામાં પડેલો મળ્યો હતો. અને બાદમાં પોલીસ બોમ્બ નિકાલ ટુકડીએ તેને નિષ્ક્રિય કરી દીધો હતો. રવિવારે પણ એક મોટી કાર્યવાહીમાં સેનાએ જમ્મુ અને કાશ્મીરના એક જ ગામમાંથી ત્રણ કથિત ડ્રગ સ્મગલરની ધરપકડ કરી હતી. પોલીસે તેમની પાસેથી ૭.૮ ગ્રામ હેરોઈન જપ્ત કર્યું હતું. અધિકારીઓએ જણાવ્યું કે, ધરપકડ કરાયેલા આરોપીઓ વિરુદ્ધ NDPS હેઠળ અનેક કલમો હેઠળ FIR નોંધવામાં આવી છે.

# અમદાવાદ મંડળ પર "સતર્કતા જાગૃકતા ઝુંબેશ" અંતર્ગત સેમિનારનું આયોજન











। અમદાવાદ ।

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ પર મંડળ રેલ પ્રબંધક કાર્યાલય અને ડીઝલ શેડ સાબરમતી ખાતે ૮ ઓક્ટોબર ૨૦૨૪ના રોજ સતર્કતા જાગૃકતા અભિયાન હેઠળ એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અભિયાનનો ઉદ્દેશ્ય રેલવે કર્મચારીઓમાં પ્રમાણિકતા, પારદર્શિતા અને સતર્કતા ના મહત્વ વિશે જાગૃતિ વધારવાનો હતો. આ વર્ષની ઝુંબેશની થીમ છે "પ્રમાણિકતાની સંસ્કૃતિ દ્વારા રાષ્ટ્રની સમૃદ્ધિ", જે ભ્રષ્ટાચાર નાબૂદી અને નૈતિક કાર્ય પ્રણાલીઓને પ્રોત્સાહન આપવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. આ દરમિયાન કર્મચારી વિભાગની સાંસ્કૃતિક ટીમે શેરી નાટક દ્વારા ભ્રષ્ટાચારની હાનિકારક અસરોને ઉજાગર કરી પ્રામાણિકતાથી કામ કરવાના મહત્વ પર પ્રકાશ પાડ્યો હતો. વરિષ્ઠ ડેપ્યુટી જનરલ મેનેજર અને ચીફ વિજિલન્સ ઓફિસર, પશ્ચિમ રેલવે શ્રી કુલદીપ જૈને અધિકારીઓ અને કર્મચારીઓને સતર્ક રહેવાની સલાહ આપી હતી. તેમણે સતર્કતા સંસ્થાની કામગીરી, તેમની જવાબદારીઓ અને તાજેતરના તકેદારીના કેસોની માહિતી પર તેમણે વિગતવાર પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા જાણકારી આપી હતી. તેમણે કર્મચારીઓ સાથે કામ દરમિયાન થતી ભૂલો અને તેના નિરાકરણ અંગે ચર્ચા કરી હતી, જેથી ભ્રષ્ટાચાર અને અનૈતિક પ્રવૃત્તિઓથી બચી શકાય. આ ઈવેન્ટનો મુખ્ય ઉદ્દેશ્ય રેલવે કર્મચારીઓને જાગૃત કરીને નીતિશાસ્ત્ર અને પારદર્શિતાને પ્રોત્સાહન આપવાનો હતો. આ પ્રસંગે અપર મંડળ રેલ પ્રબંધક શ્રી લોકેશ કુમાર, અપર મંડળ રેલ પ્રબંધક શ્રી દયાનંદ સાહુ, ચીફ પ્રોજેક્ટ મેનેજર શ્રી રાજેન્દ્ર કુમાર અને અન્ય અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ દરમિયાન શ્રી જૈને સાબરમતીના ડીઝલ શેડનું પણ નિરીક્ષણ કર્યું હતું અને પર્યાવરણને હરિયાળું રાખવા અને પર્યાવરણની જાળવણીને પ્રોત્સાહન આપવા વૃક્ષારોપણ પણ કર્યું હતું. આ પ્રસંગે એડિશનલ ડિવિઝનલ રેલ્વે મેનેજર શ્રી લોકેશ કુમાર, શ્રી દયાનંદ સાહુ, ચીફ પ્રોજેક્ટ મેનેજર શ્રી રાજેન્દ્ર કુમાર, ચીફ પ્રોજેક્ટ મેનેજર (ગતિશક્તિ) શ્રી અનંત કુમાર, ડેપ્યુટી ચીફ વિજીલન્સ ઓફિસર (એકાઉન્ટ) શ્રીમતી સીમા જખાડી અને એન્જીનીયરીંગ વર્કશોપ, ટ્રેક મશીન અને અન્ય વિભાગના અધિકારીઓ, તકેદારી નિરીક્ષકો અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



ગુજરાતના મુખ્યમંત્રી અને મુખ્ય સચિવ નવી દિલ્હીની મુલાકાતે છે. આ મુલાકાતનું પ્રયોજન જાહેર થયું નથી, પરંતુ મુલાકાતનો હેતુ વહીવટી બાબતો હોઈ શકે છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અન્ય આગેવાનોને મળશે.અહી પ્રદેશ કાર્યાલય કમલમ ખાતે ભાજપના ધારાસભ્યોની બેઠકનું પણ આયોજન કરવામાં આવ્યું છે. જેથી, મુખ્યમંત્રીના દિલ્હી પ્રવાસ અંગે સચિવાલયમાં અટકળો શરૂ થઈ ચુકી છે. જો કે સત્તાવાર સૂત્રો આ મુલાકાતને રૂટીન ગણાવી રહ્યાં છે. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, મુખ્યમંત્રી અને વડાપ્રધાન પદે નરેન્દ્ર મોદીની રાજકીય કારકિર્દીના ૨૩ વર્ષ પૂર્ણ થયા છે. જેને લઈને રાજ્ય સરકારે તેની ઉજવણી માટે વિકાસ સપ્તાહ શરૂ કર્યો છે. તેથી, મુખ્યમંત્રી વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળી આ સંદર્ભે તેમનું માર્ગદર્શન મેળવશે. આ મુલાકાતમાં મુખ્યસચિવ રાજકુમાર પણ સાથે હોવાથી રાજ્યના વહીવટી તંત્ર અંગેની ચર્ચા થવાની પણ સંભાવના છે.

### મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું - 'ગર્વની ક્ષણ!'

# ભૂપેન્દ્ર પટેલ દિલ્હી ગયા અને પીએમ મોદી સાથે મુલાકાત કરી

। (એજન્સી) ગાંધીનગર, તા.૮ ।

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે દિલ્હીમાં પીએમ મોદીને મળ્યા હતા. તેમની સાથે મુખ્ય સચિવ રાજકુમાર પણ જોડાયા હતા. જોકે, તે નિર્ધારિત કાર્યક્રમ હોવાથી કમલમમાં યોજાનારી સભ્યપદ અભિયાનની બેઠકમાં હાજર રહી શક્યા ન હતા. દિલ્હી જવા પાછળનો હેતુ એ છે કે ભૂપેન્દ્ર પટેલ ખાસ પ્રોજેક્ટ માટે ઓછામાં ઓછા ત્રણ પ્રેઝન્ટેશન આપશે અને વડાપ્રધાનને પણ મળશે. મુખ્યમંત્રીએ પીએમ સાથેની તેમની મુલાકાત વિશે ફેસબુક પર પોસ્ટ કર્યું અને લખ્યું કે આ મુલાકાત ખૂબ જ ઉત્સાહપૂર્ણ રહી.

કમલમમાં આજે એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. કેન્દ્રીય મંત્રી અને ગુજરાત પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલની અધ્યક્ષતામાં બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત ગુજરાત ભાજપના તમામ ધારાસભ્યો, સાંસદો, કેટલાક પૂર્વ ધારાસભ્યો અને પૂર્વ સાંસદોને પણ આમંત્રણ આપવામાં આવ્યું છે.

ભાજપના સભ્યપદ અભિયાનને લઈ એક તકલીફ એ પણ આવી છે કે કેટલાક વિસ્તારો એવા છે કે જ્યાં નેટવર્ક સમસ્યાઓ છે અને કેટલાક લોકો સાઈબર છેતરપિંડીના ડરે ઓટીપી આપતા નથી. તેથી ભાજપ ઑફલાઈન સભ્યપદ અભિયાન શરૂ કરશે, આ અંગે બેઠકમાં ચર્ચા કરવામાં આવશે.

ભાજપના ચાલી રહેલા સભ્યપદ અભિયાનમાં ગુજરાતમાં સ્થિતિ સારી ન હોવાની માહિતી મળી રહી છે, પરંતુ બે કરોડ સભ્યોની નોંધણીમાં કમી હોય તેવી સ્થિતિ જોવા મળી રહી છે. બેઠકમાં સભ્યપદ અભિયાનમાં આવતા પડકારો અને અવરોધો અંગે ચર્ચા કરવામાં આવશે. ધારાસભ્યોને આપવામાં આવેલા લક્ષ્યાંક મુજબ સભ્ય નોંધણીની પણ સમીક્ષા કરવામાં આવશે. ગુજરાતમાં તાજેતરમાં શરૂ થયેલ વિકાસ સપ્તાહની ઉજવણી અંગે પણ બેઠકમાં ચર્ચા કરવામાં આવશે. નરેન્દ્ર મોદીની સત્તા સંભાળ્યાના ૨૩ વર્ષની ઉજવણી કરવામાં આવી રહી છે.આ ઉજવણીમાં વધુને વધુ લોકોએ ભાગ લેવો જોઈએ અને લોકો સરકારી યોજનાઓ અંતર્ગત વધુને વધુ માહિતી મેળવી શકે તે અંગે પણ આ બેઠકમાં ચર્ચા થઈ શકે છે. ટૂંક સમયમાં ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનું બ્યુગલ વાગશે, ત્યારે ભાજપની કામગીરીને ફરી ઐતિહાસિક બનાવવાની રણનીતિ સ્થાનિક સ્વરાજ્ય સંસ્થામાં ચર્ચાઈ શકે છે. આવી સ્થિતિમાં કમલમમાં આજે મળનારી બેઠક મહત્વની બની રહે તેવી શક્યતા છે.

## ન્યૂઝ બ્રિફ

### વડોદરામાં ૭ જેટલા બુલેટ ચાલકોને ઝડપી પાડી વાહનો ડીટેઇન કરાયાં

। (એજન્સી) વડોદરા, તા.૮ ।

નવરાત્રી દરમ્યાન રાત્રીના સમયે મોડીફાઈડ સાયલન્સરવાળા બુલેટ દ્વારા ધ્વનિ પ્રદુષણ ફેલાવનાર બુલેટ ચાલકો વિરુધ્ધ ટ્રાફિક પોલીસે લાલ આંખ કરી છે. જેમાં ૭ જેટલા બુલેટ ચાલકોને ઝડપી પાડી વાહનો ડીટેઈન કરી તેમના વિરુદ્ધ એમ. વી.એક્ટ હેઠળ કાયદેસરની કાર્યવાહી કરાઈ રહી છે. આગામી દિવસોમાં પણ અવાજ પ્રદૂષણ ફેલાવતા આવા મોડીફાઈડ સાઈલેન્સરવાળા વાહન ચાલકો વિરુદ્ધ કાર્યવાહી કરાશે. વડોદરા શહેર પોલીસ કમિશ્નર નરસિમ્હા કોમારની સૂચનાના આધારે શહેર વિસ્તારમાં નવરાત્રી મહોત્સવ દરમ્યાન રાત્રીના સમયે પેટ્રોલિંગ, વાહન ચેકીંગ હાથ ધરવા સાથે ડ્રીંક એન્ડ ડ્રાઈવના કેસો કરવા તથા મોડીફાઈડ સાયલન્સરવાળા બુલેટ તેમજ બાઈક ચાલકો દ્વારા વિકૃત અવાજ કરી ધ્વનિ પ્રદુષણ ફેલાવનાર ચાલકો વિરુધ્ધ ટ્રાફિક પોલીસ વિભાગે કડક કાર્યવાહી શરૂ કરી છે.

### વડોદરામાં એન્જિનિયર યુવતીને ઓનલાઇન નવરાત્રિના પાસ ખરીદવા પડ્યા મોંઘા

। (એજન્સી) વડોદરા, તા.૮ ।

સુરત-હજીરા રોડની ક્રિભકો ટાઉનશીપમાં રહેતી અને વડોદરાની કંપનીમાં એન્જિનિયર તરીકે નોકરી કરતી યુવતીએ બુક માય શો ઉપર ખરીદેલા વડોદરાના લક્ષ્મી વિલાસ પેલેસ હેરિટેજ ગરબાના પાસની ડિલીવરીનું સરનામું ખોટું હોવાનું કહી ભેજાબાજે નવું સરનામું અપડેટ કરવા લીંક મોકલાવી રૂ. ૫ ટ્રાન્સફર કરાવ્યા બાદ એપ્લિકેશન ડાઉનલોડ કરાવી મોબાઈલ હેક કરી રૂ. ૧ લાખ ઉપાડી લઈ છેતરપિંડી કર્યાની ફરિયાદ ઈચ્છાપોર પોલીસમાં નોંધાઈ છે. હજીરા રોડના કવાસ ગામ સ્થિત ક્રિભકો ટાઉનશીપમાં માતા-પિતા સાથે રહેતી મૈત્રી વડોદરાની લીન્ડે એન્જિનિયરિંગ ઈન્ડિયા પ્રા. લિ. કંપનીમાં એન્જિનિયર તરીકે નોકરી કરે છે. શનિવાર અને રવિવારની રજામાં માતા-પિતા સાથે રહેવા આવતી મૈત્રી વડોદરાના ન્યુ પ્રિયા સિનેમા નજીક આનંદવન રેસીડન્સીમાં ભાડેથી રહે છે.

### સાબરકાંઠામાં મુંબઈના વેપારી પિતા-પુત્રનું અપહરણ

। (એજન્સી) સાબરકાંઠા, તા.૮ ।

જિલ્લામાં દિન પ્રતિદિન લૂંટ, ખંડણી અને ક્રાઈમના કિસ્સાઓ વધી રહ્યા છે. ત્યારે હિંમતનગરમાં સ્વામિનારાયણ નામ લખેલી એક લાખ ટોપી બનાવવાના ઓર્ડર માટે બોલાવી છ આરોપીઓએ એકરૂપ થઈ મુંબઈથી આવેલા ટોપી બનાવનારા વેપારી બાપ-દીકરાને માર મારી પાંચ કરોડની ખંડણી માગવાનો કિસ્સો સામે આવ્યો છે. જેમાં વેપારીના ભાઈ તેમજ મિત્રની જાગૃતતાને પગલે આરોપીઓએ બાપ-દીકરાને માર મારી ફરાર થઈ ચૂક્યા છે. જો કે પોલીસે આ મામલે ફરિયાદ નોંધ વધુ તપાસ હાથ ધરી છે. ટોપીના કોન્ટ્રાક્ટના બહાને મુંબઈના વેપારીને બોલાવ્યાઃ સાબરકાંઠાના નેશનલ હાઈવે નંબર-૪૮ ઉપર હિંમતનગર નજીક આવેલા સ્વામિનારાયણ મંદિરની સામે ખાનગી કોમ્પ્લેક્ષમાં દુકાન ભાડે રાખી છે.

## અમદાવાદના સાઉથ બોપલની ફ્લોરા આઈરીશના રહીશો દ્વારા અનોખી રીતે ગરબાની ઉજવણી









। અમદાવાદ, તા.૮ ।

નવરાત્રી એટલે માતાની આરાધનાનો પાવન પર્વ લોકો વિવિધ રીતે માતાજીની આરાધના, પૂજા કરતા હોય છે, ત્યારે અમદાવાદમાં આવેલા ફ્લોરા આઈરીશ સોસાઈટીના રહીશો અનોખી રીતે માતાજીના ગરબાની ઉજવણી કરતા હોય છે. આદ્યશક્તિ માઁ અંબાની ઉપાસના અને આરાધનાના પાવન પર્વ નવરાત્રિનો પ્રારંભ થઈ ગયો છે ત્યારે સાઉથ બોપલની ફ્લોરા આઈરીશ સોસાઈટીના રહીશો પણ પુરા ઉત્સાહ સાથે ગરબે ઝૂમી રહ્યાં છે. અહીં છટ્ઠા નોરતે સભ્યો દ્વારા પરંપરાગત રીતે ગરબા, ટીમલી અને રાસનો આનંદ લઈ રહ્યા છે. સોસાયટી દ્વારા રોજ અલગ-અલગ થીમ પર ગરબાનું ખાસ આયોજન થાય છે. જેમાં નાના બાળકોથી લઈને વડિલો પણ ઉત્સાહભેર ભાગ લઈ રહ્યાં છે.

### રાજકોટ શહેર ભાજપમાં ભડકો

## હરેશ જોષીને શહેર ભાજપ કાર્યાલય મંત્રીના પદ પરથી રાતોરાત હટાવી દેવામાં આવ્યા

। (એજન્સી) રાજકોટ, તા.૮ ।

પ્રદેશ ભાજપનું સંગઠન હોય કે શહેર સંગઠનનું માળખું હોય જ્યારે પણ કોઈ હોદ્દેદારની હકાલપટ્ટી કરવાની હોય તો તેને રાતોરાત છુટ્ટા કરી દેવામાં આવે છે. રાજકોટમાં પણ કંઈક આવું જ થયું છે. છેલ્લા ૩૦ વર્ષથી અલગ અલગ સંગઠનમાં હોદ્દો ધરાવતા હરેશ જોષીને શહેર ભાજપ કાર્યાલય મંત્રીના પદ પરથી હટાવી દેવામાં આવ્યા છે. ૭ ઓક્ટોબરે નિયત સમય પ્રમાણે હરેશ જોષી પોતાનું કામ પૂર્ણ કરતાની સાથે જ શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશી અને ત્રણેય મહામંત્રીઓ દ્વારા તેઓને છુટ્ટા કરવામાં આવ્યા હોવાનો આદેશ કરી દેવામાં આવ્યો છે. આ હોદ્દા પર નવા કાર્યાલય મંત્રી તરીકે હિતેષ ઢોલરિયાની નિમણૂક કરી દેવામાં આવી છે.રાજકોટમાં છેલ્લી બે ટર્મથી હરેશ જોષી કાર્યલય મંત્રી તરીકે જોડાયેલા છે. કાર્યાલયમાં થતી દરેક કામગીરીથી તેઓ સારી રીતે વાકેફ છે.દરેક બાબતોની ફરિયાદો અને અધિકારીઓને સૂચનાઓ ભાજપ કાર્યલયથી જતી હોય છે ત્યારે હરેશ જોષીને દૂર કરવા પાછળ શું કારણ છે તે મોટો સવાલ છે.એવી પણ ચર્ચા છે કે હરેશ જોષી સામે ભૂતકાળમાં કેટલીક ફરિયાદો મળી હતી ત્યારે આ ફરિયાદોને આધારે પણ આ કાર્યવાહી થતી હોય તેવી ચર્ચાઓ છે. હરેશ જોષી પત્રકારો સાથે પણ સંપર્ક ધરાવે છે ત્યારે અવારનવાર કાર્યાલયની વાતો બહાર જતી હોવાનો આક્ષેપ પણ હરેશ જોષી સામે થઈ રહ્યો હતો. ચર્ચાઓ અનેક છે પરંતુ ભાજપ એક શિસ્તબદ્ધ પાર્ટી છે ત્યારે કારણ શું છે તે બહાર આવવાની શક્યતા ખૂબ જ ઓછી છે.

હરેશ જોષીને દુર કરવા અંગે શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશીએ કહ્યું હતું કે કાર્યલય મંત્રી બદલાનો નિર્ણય વ્યવસ્થાનો એક ભાગ છે. કોઈ વિવાદ નથી. વ્યવસ્થાના ભાગરૂપે કાર્યકર્તાઓના હોદ્દા બદલાતા રહેતા હોય છે. થોડા સમય પહેલા પ્રદેશના કાર્યાલય મંત્રી પણ બદલાયા હતા. તેવી જ રીતે રાજકોટના કાર્યાલય મંત્રી બદલાયા છે. નવા કાર્યલય મંત્રી તરીકે હિતેશ ઢોલરીયાને તાત્કાલિક અસરથી નિમણૂક આપી દેવામાં આવી છે.

### સૂત્રો લખેલા પોસ્ટર સાથે રમ્યા ગરબા

## જૂનાગઢમાં ગરમે ઘૂમતા ખેલૈયાઓ દ્વારા ઇકોઝોનનો વિરોધ કરવામાં આવ્યો

। (એજન્સી) જૂનાગઢ, તા.૮ ।

તંત્રના ઈકોઝોનના કાયદાને લઈને હવે વિરોધ વ્યાપક બની રહ્યું છે. સૌથી વધારે અસરગ્રસ્ત એવા તાલાળા વિસ્તારના ગામના લોકો નવા સૂચિત કાયદાનો વિરોધ કરી રહ્યા છે.

આ દરમિયાન તાલાલા ખાતે પટેલ સમાજ દ્વારા ગરબાનું આયોજન કરાયું હતું જેમાં કાયદાના વિરોધના બેનરો સાથે ગરબા કરવામાં આવ્યા હતા.

ગરબામાં ઈકો ઝોનના કાયદાનો વિરોધઃ જૂનાગઢ સોમનાથ અને અમરેલી જિલ્લાના ૧૯૬ કરતાં વધુ ગામો ઈકોઝોન કાયદા નીચે આવરી લેવામાં આવ્યા છે. જે અંતર્ગત કેન્દ્ર સરકારે નવા સૂચિત કાયદાનું પ્રાથમિક જાહેરનામું બહાર પાડ્યું છે. જેનો હવે અસરગ્રસ્ત વિસ્તારોમાં વ્યાપક અને સાર્વત્રિક વિરોધ પણ થઈ રહ્યો છે.

અત્યાર સુધી ખેડૂતો અને ગામલોકો નાની નાની બેઠકો કરીને સરકારના કાયદાનો વિરોધ કરી રહ્યા હતા તે વિરોધ હવે સાર્વત્રિક રીતે જોવા મળી રહ્યો છે. તાલાલા ખાતે લેઉવા પટેલ સમાજ દ્વારા આયોજિત ગરબામાં ખેલૈયાઓએ ગરબે ઘૂમીને સૂચિત નવા કાયદાનો વિરોધ કર્યો હતો.

ઈકોઝોનનો સૂચિત કાયદો ગીર વિસ્તાર માટે કાળો કાયદો બની રહેશે તેને લઈને ગીર વિસ્તારના ખેડૂતો, ગામ લોકો દ્વારા હવે સાર્વત્રિક વિરોધની શરૂઆત પણ થઈ છે. નવરાત્રિ દરમિયાન તાલાલા ખાતે લેઉવા પટેલ સમાજ દ્વારા ગરબાનું આયોજન કરાયું હતું.

આ વિરોધમાં બાળકો, યુવાનો, પુરુષો, વડીલો, મહિલાઓ અને યુવતીઓ દ્વારા તેમના હાથમાં ઈકોઝોનના કાયદા વિરુદ્ધના સૂત્રો સાથેના બેનર લઈને ગરબા કરીને અનોખી રીતે સરકારના સૂચિત નવા ઈકોઝોનના કાયદાનો વિરોધ કરીને મા જગદંબા સમક્ષ સરકારને સદબુદ્ધિ મળે અને સુચિત કાયદો સરકાર સ્વયંમ પરત ખેંચે તેવી માંગ સાથે ગરબે ઘૂમીને પાંચમાં નોરતાની ઈકોઝોનના વિરોધમાં ઉજવણી કરી હતી.

### માતા-પિતાને સાવધાન કરતો કિસ્સો

## સુરતમાં મૂકબધિર નાની બહેન સાથે ગુમ થતાં પોલીસ થઈ દોડતી

। (એજન્સી) સુરત, તા.૮ ।

સુરતમાં નાના બાળકો સાથેના અત્યાચારના કેસમાં વધારો થઈ રહ્યો છે. ત્યારે કાપોદ્રા વિસ્તારમાં મૂકબધિક બાળકી તેની નાની બહેન સાથે ઘરેથી નીકળી ગઈ હતી. જેની જાણ શ્રમજીવી પરિવારન થતાં પોલીસ દોડતી થઈ ગઈ હતી. બન્ને બાળકીઓને શોધવા પોલીસના ૫૦ કર્મચારીઓએ શોધખોળ આદરી હતી. કાપોદ્રામાં ભરવાડ ફળિયામાં રહેતા રવિભાઈ કુનાઈભાઈ મુખીયા પરિવારમાં પત્ની અને ત્રણ દીકરીઓ સાથે રહે છે. પતિ પત્ની બંને મજૂરી કામ કરી પરિવારનું ભરણ પોષણ કરે છે. રોજિંદા ક્રમ મુજબ તેઓ કામ પર નીકળી ગયા હતાં. ઘરે બપોરે ઘરે આવતા ૧૨ વર્ષની મૂકબધિર દીકરી અને ૪ વર્ષની દીકરી ગેરહાજર હતાં. આથી ચિંતિત માતા-પિતાએ આસપાસ તપાસ કરી પણ ક્યાંય મળી નહી. આથી પોલીસનો સંપર્ક કર્યો હતો.પોલીસે બાળકીઓને શોધવા માટે કુલ ૮૦ જેટલા સી.સી.ટી.વી કેમેરા ચેક કર્યા હતાં. સતત ૪ કલાકની ભારે મહેનતના અંતે બન્ને ગુમ થયેલ બાળકીઓ સરથાણા ગીરીરાજ હોટલની સામે ખડસદ રોડ ખાતેથી સહી સલામત મળી આવી હતી.ત્યાર બાદ બંને બાળકીઓને પોતાના માતા પિતાને સોંપવામાં આવી હતી. શ્રમજીવી દંપતીએ પોલીસનો આભાર માન્યો હતો.

### રાજ્યભરમાં કાર્યવાહી શરૂ કરવામાં આવી છે

## GST કૌભાંડઃ રાજ્યમાં ૧૪ ઠેકાણાં પર દરોડા પડ્યા

**૧૨ બોગસ પેઢીઓ બનાવનાર ૩૩થી વધુ સંચાલકોની ધરપકડ કરવામાં આવી છે. તેમાં એક નામ પત્રકાર મહેશ લાંગાનું પણ છે**

। (એજન્સી) અમદાવાદ, તા.૮ ।

કેન્દ્ર સરકાર દ્વારા નોંધાયેલ ફરિયાદો પર આધાર રાખીને, ગુજરાતમાં ક્રાઈમ બ્રાન્ચ, આર્થિક ગુનાહિતી વિભાગ અને વિશેષ અભિયાન ગ્રુપની ટીમો દ્વારા રાજ્યભરમાં ૧૪ સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા છે. જેમાં ૧૨ બોગસ પેઢીઓ બનાવનાર ૩૩થી વધુ સંચાલકોની ધરપકડ કરવામાં આવી છે. તેમાં એક નામ પત્રકાર મહેશ લાંગાનું પણ છે. ક્રાઈમ બ્રાન્ચે GST કૌભાંડ મામલે લાંગાની ધરપકડ કરીને પૂછપરછ હાથ ધરી છે. આ છેતરપિંડીની કાર્યવાહી માટે બનાવટી ઓળખ અને દસ્તાવેજોનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. પ્રથમ દૃષ્ટિએ, એવું જણાય છે કે દેશભરમાં ૨૦૦ થી વધુ છેતરપિંડીથી રચાયેલી કંપનીઓ/એકમો સામેલ છે, જેઓ છેતરપિંડીયુક્ત ઈનપુટ ટેક્સ ક્રેડિટ મેળવીને અને પસાર કરીને સરકારી તિજોરીને છેતરવા માટે સંગઠિત રીતે કામ કરી રહી છે. GST ચોરીની મળેલી ફરિયાદ બાદ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા રાજ્યભરમાં કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. ડાયરેક્ટર જનરલ ઑફ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ ઈન્ટેલિજન્સે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચને આપેલી માહિતીના આધારે અમદાવાદ, જૂનાગઢ, સુરત, ખેડા અને ભાવનગર સહિતના ૧૪ ઠેકાણાં પર દરોડા પાડવામાં આવ્યા હતા. જેમાં કુલ ૧૨ બોગસ પેઢી બનાવનાર ૩૩થી વધુ સંચાલકોની અટકાયત કરાઈ છે. એમાં સૌરાષ્ટ્રના ભાજપના ધારાસભ્ય ભગવાન બારડના પુત્ર અજય બારડ અને પત્રકાર મહેશ લાંગાની પણ પૂછપરછ કરાઈ હતી. પ્રાથમિક તપાસમાં બધાએ ભેગા મળીને સમગ્ર દેશમાં ૨૦૦થી વધુ બોગસ પેઢીઓ દ્વારા કરોડો રૂપિયાનું ઈનપુટ ટેક્સ ક્રેડિટનું કૌભાંડ કરાયું હોવાનું ખૂલ્યું છે.

# ભારતીય રેલવે દુર્ગા પૂજા, દિવાળી અને છઠ પૂજા દરમિયાન ૬૫૫૬ વિશેષ ટ્રેનો દોડાવશે

## પશ્ચિમ રેલવે વિવિધ સ્થળો માટે ૨૩૧૫ ટ્રીપ સાથે ચલાવશે ૧૦૦થી વધુ ફેસ્ટિવલ સ્પેશ્યલ ટ્રેનો

। અમદાવાદ, તા.૮ ।

ભારતીય રેલ્વે આ વર્ષે ૧ ઓક્ટોબરથી ૩૦ નવેમ્બર, ૨૦૨૪ સુધી દુર્ગા પૂજા, દિવાળી અને છઠ પૂજા દરમિયાન મુસાફરોની સરળ મુસાફરીની સુવિધા માટે ૬૫૫૬ સ્પેશિયલ ટ્રેનો ચલાવવા માટે તૈયાર છે. તહેવારો દરમિયાન દર વર્ષે સ્પેશિયલ ટ્રેન દોડાવવામાં આવે છે અને આ વર્ષે મુસાફરોની વધતી સંખ્યાને ધ્યાનમાં રાખીને ટ્રેનોની સંખ્યામાં નોંધપાત્ર વધારો કરવામાં આવ્યો છે. તેમાંથી પશ્ચિમ રેલ્વે ૧૦૬ ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેનો સાથે ૨૩૧૫ ટ્રીપ ચલાવી રહી છે, જે હજુ પણ સમગ્ર ભારતીય રેલવે માં સૌથી વધુ છે.

નોંધનીય છે કે દુર્ગા પૂજા, દિવાળી અને છઠના તહેવારો દરમિયાન દેશભરમાં લાખો પ્રવાસીઓ પ્રવાસ કરે છે. તેમને સરળ અને આરામદાયક મુસાફરી પ્રદાન કરવા માટે, ભારતીય રેલવે એ આ વર્ષે ફરીથી આ સ્પેશિયલ ટ્રેનો ચલાવવાની તૈયારી કરી છે. આગામી બે મહિનામાં આ સ્પેશિયલ ટ્રેનો મુસાફરોને તેમના ગંતવ્ય સ્થાનો સુધી પહોંચાડશે. ગયા વર્ષે, ભારતીય રેલ્વેએ કુલ ૪૪૨૯ ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેનો દોડાવી હતી, જેમાં લાખો મુસાફરોને આરામદાયક મુસાફરીનો અનુભવ મળ્યો હતો.

દર વર્ષે મોટી સંખ્યામાં લોકો દુર્ગા પૂજા, દિવાળી અને છઠ પૂજા માટે ઉત્તર પ્રદેશ અને બિહારથી આવે છે. આ તહેવારો ઉત્તર પ્રદેશ અને બિહારના લોકો માટે માત્ર ધાર્મિક મહત્વ ધરાવતા નથી, પરંતુ તેમના પરિવારોને મળવાની એક મહત્વપૂર્ણ તક પણ પૂરી પાડે છે.

તહેવારોની સિઝનમાં મુસાફરોના ભારે ધસારાને કારણે મોટાભાગની ટ્રેનોમાં ટિકિટ બે-ત્રણ મહિના અગાઉથી વેઈટિંગ લિસ્ટમાં આવી જાય છે. આ સમસ્યાનો સામનો કરવા માટે, ભારતીય રેલ્વે આ વર્ષે તહેવારોની સિઝનમાં ફરી એકવાર સ્પેશિયલ ટ્રેનો ચલાવી રહી છે.

પશ્ચિમ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી શ્રી વિનીત અભિષેક દ્વારા બહાર પાડવામાં આવેલી પ્રેસ રિલીઝ અનુસાર, આ વર્ષે પશ્ચિમ રેલવેએ તહેવારોની સિઝન દરમિયાન મુસાફરીની વધેલી માંગને પહોંચી વળવા ઑક્ટોબર ૨૦૨૪ થી ડિસેમ્બર ૨૦૨૪ સુધી કુલ ૨૩૧૫ ટ્રિપ્સ સાથે ૧૦૬ સ્પેશ્યિલ ટ્રેનોને સૂચિત કરી છે. છે. આ ટ્રેનો ઉત્તર પ્રદેશ, બિહાર, ઉત્તર ભારત, પશ્ચિમ બંગાળ, ઉત્તર-પૂર્વ વગેરે જેવા સ્થળો માટે ચલાવવામાં આવી રહી છે. પશ્ચિમ રેલવે મુંબઈથી દેશના વિવિધ ભાગોમાં ૧૪ જોડી સ્પેશ્યિલ ટ્રેનો ચલાવી રહી છે. ઉપરાંત, મુસાફરોની વિશાળ માંગને પહોંચી વળવા માટે, સુરત/ઉધના, વાપી, વલસાડથી ૧૪ જોડી સ્પેશિયલ ટ્રેનો ચલાવવામાં આવી રહી છે, જ્યારે ૨૧ જોડી ટ્રેનો સુરત/ઉધના અથવા ભેસ્તાનમાંથી પસાર થઈ રહી છે. તેવી જ રીતે ગુજરાતના અન્ય સ્ટેશનો જેમ કે વાપી, વલસાડ, વડોદરા, અમદાવાદ, સાબરમતી, હાપા, ઓખા, રાજકોટ, ભાવનગર ટર્મિનસ વગેરે તેમજ મધ્યપ્રદેશના ઈન્દોર, ડો. આંબેડકર નગર, ઉજ્જૈનથી પણ વિશેષ ટ્રેનો ચલાવવામાં આવી રહી છે.